શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્યશ્રેણી

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ રચિત

# મિથ્યાભિમાન

(નાટક)

સંપાદક

ડૉ. રમેશ એમ. ત્રિવેદી

Estd. 1943

આદર્શ પ્રકાશન

'સારસ્વત સદન', 1760, ગાંધીમાર્ગ, બાલા હનુમાન સામે,
અમદાવાદ 380 001

MITHYABHIMAN : A drama of प्रहसन type
Written by Kavishwar Dalpatram Dahyabhai
Edited by Dr. Ramesh M. Trivedi
Published by Adarsh Prakashan, Gandh Road, Ahmedabad 380 001
2016

ISBN 978-93-83767-47-2

આ સંપાદન ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી દ્વારા ઇ. સ. ૧૯૨૨માં પ્રસિદ્ધ નવમી આવૃત્તિ ઉપરથી કરવામાં આવ્યું છે.

પ્રકાશક
કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન
સારસ્વત સદન, ગાંધી માર્ગ, બાલાહનુમાન સામે,
અમદાવાદ 380 001

❒

પ્રથમ સંપાદિત આવૃત્તિ : 2003
પ્રથમ પુનર્મુદ્રણ : 2004
બીજું પુનર્મુદ્રણ : 2005
ત્રીજું પુનર્મુદ્રણ : 2016

❒

સંપાદનના © સંપાદકના
પ્રકાશનના © પ્રકાશકના

❒

₹ 120-00

❒

મુદ્રક
શિવ ઓફસેટ
દૂધેશ્વર રોડ, અમદાવાદ 380 004

# અનુક્રમ

**સંપાદકીય** ૭
**અભ્યાસલેખ** : ડૉ. રમેશ એમ. ત્રિવેદી ૯થી ૪૬
સર્જક-પરિચય : કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ /૯
નાટકના એક પ્રકાર તરીકે પ્રહસન / ૧૧
ગુજરાતી નાટક - 'મિથ્યાભિમાન' પૂર્વે / ૧૨
'મિથ્યાભિમાન' નાટકનું કથાવસ્તુ / ૧૪
'મિથ્યાભિમાન' નાટકની વસ્તુસંકલના - અંક/પ્રવેશવાર રજૂઆત / ૧૬
'મિથ્યાભિમાન'ની પાત્રસૃષ્ટિ : જીવરામ ભટ્ટ / ૨૩
: રંગલો / ૨૪
: જમના / ૨૬
: અન્ય ગૌણ પાત્રો
: રઘનાથ / ૨૭
: બીજલ અને પાંચો ભરવાડ /૨૮
: કુતુબમિયાં / ૨૮
: દેવબાઈ / ૨૯
: વૈદરાજ / ૩૦
'મિથ્યાભિમાન'ની સંવાદકળા /૩૧
રસનિરૂપણ / ૩૪
તખ્તાલાયકી-મંચનક્ષમતા / ૩૮
'મિથ્યાભિમાન'ની કવિતા / ૪૧
'મિથ્યાભિમાન'ની ભાષા / ૪૪
'મિથ્યાભિમાન' – ભૂંગળ વિનાની ભવાઈ ? / ૪૬
**કવીશ્વર દલપતરામ રચિત 'મિથ્યાભિમાન' નાટક** ૪૯થી ૧૨૨
**અંક પહેલો** ૪૯
મંગળાચરણ તથા સૂચના / ૫૦
પ્રવેશ ૧. રંગલાનો પ્રવેશ / ૫૧
પ્રવેશ ૨. જીવરામભટ્ટનો પ્રવેશ / ૫૩
પ્રવેશ ૩. બે ભરવાડોનો પ્રવેશ / ૫૩

અંક બીજો ૬૨
પ્રવેશ ૧.રઘનાથભટ્ટ સહકુટુંબ / ૬૨
પ્રવેશ ૨.રંગલો ને રઘનાથભટ્ટ / ૬૪
પ્રવેશ ૩.ભરવાડ ને રઘનાથભટ્ટ / ૬૬
પ્રવેશ ૪.ગંગા ને જમના / ૬૭
અંક ત્રીજો ૭૧
રઘનાથ અને સોમનાથ જીવરામભટ્ટને ખોળે છે / ૭૧
અંક ચોથો ૭૮
પ્રવેશ ૧.જીવરામભટ્ટ ને રઘનાથનું કુટુંબ / ૭૮
ભોજન પ્રસંગ / ૮૧
પ્રવેશ ૨.ગંગા ને જીવરામભટ્ટ પૂર્વ કથાપ્રસંગ / ૮૯
અંક પાંચમો ૯૨
વાઘજી અને કુતુબમિયાં / ૯૨
અંક છઠ્ઠો ૯૮
સંખ્યાદિ પૃચ્છા / ૯૮
ચૌર્યપ્રસંગ - જીવરામભટ્ટને ચોર લઈ જાય છે. / ૧૦૪
અંક સાતમો ૧૦૮
ફોજદારી ઇન્સાફ / ૧૦૮
અંક આઠમો ૧૧૪
પ્રવેશ ૧. જીવરામભટ્ટનો મંદવાડ / ૧૧૪
પ્રવેશ ૨. વૈદ્ય આવે છે. / ૧૧૭
મિથ્યાભિમાનીને જીવરામભટ્ટની શિખામણ / ૧૨૧
નાટક સમાપ્તિ અને આશીર્વાદ / ૧૨૨
'મિથ્યાભિમાન' નાટક વિશે-કેટલાક અભિપ્રાયો ૧૨૩થી ૧૨૮

'ભૂંગળ વિનાની ભવાઈ' = (૧) ખાલી ફજેતો (૨) તોફાન, ધીંગાણું
(ભગવદ્ગોમંડલ - ગ્રંથ ૭, પૃ. ૬૭૯૦)

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ રચિત

# મિથ્યાભિમાન

નાટક

## અંક પહેલો

**પાત્ર**

૧. **સૂત્રધાર**-નાયક

૨. **વિદૂષક**-રંગલો

૩. **જીવરામ ભટ્ટ**-રતાંધળો બ્રાહ્મણ

૪. **બીજલ**-ભરવાડ

૫. **પાંચો**-ભરવાડ, તેની સાથે પાડી.

**સ્થળ - વગડો**

**નાન્દી - મંગળાચરણ**

**સૂત્રધાર** (આવીને) - ગૃહસ્થો, આ ઠેકાણે આજે મિથ્યાભિમાન વિષે હાસ્યરસમાં સુંદર નાટક થવાનું છે. તેમાં કશું વિઘ્ન નડે નહિ એટલા સારુ વિઘ્નહર્તા દેવના સ્મરણરૂપી મંગળાચરણ હું કરું છું. તે સહુ સાવધાન થઈને સાંભળો.

**સ્રગ્ધરા વૃત્ત**

સંભારું સ્નેહભાવે, સકળ પરગણે, સર્વદા સિદ્ધિદાતા,
વિદ્યાવાણીવિલાસી, બિરદધર વળી, વિઘ્નહર્તાવિધાતા;
સર્વેના એક સ્વામી, સુખદ મુજ શિરે, હેતથી હાથ ધારો,
નાટ્યારંભે નવીન, ત્રિગુણપતિ[x] તમે, વિઘ્ન સર્વે નિવારો.૧

**( એ સાંભળી સભામાં મર્મ'જ્ઞ' હતા તેઓને લગાર હસવું આવ્યું. )**

**ઉપજાતિ વૃત્ત**

વિચિત્ર દેખાવ વિચિત્ર વાણી, વિચિત્ર પોષાક, વિચિત્ર પ્રાણી;
વિચિત્ર આ નાટક વિશ્વ નામ, પેદા કર્યું તે પ્રભુને પ્રણામ.૨

---

x મંગળાચરણમાં ગણપતિનું સ્મરણ કરવાનો ચાલ છતાં **સકળ પરગણે સિદ્ધિદાતા વિઘ્નહર્તા** ઇત્યાદિ વિશેષણોથી ગણપતિને બદલે **ત્રિગુણપતિ** પરમેશ્વરનું સ્મરણ કર્યું તે એવી રીતે કે કોઈ **અજાણ્યો જાણે** કે ગણપતિનું સ્મરણ કરે છે. તે વિશેષણોમાં એવો છળ છે માટે **છલજનિત હસિત** નામે હાસ્યરસ થયો. હાસ્યરસના નાટકમાં ઘણું કરીને હરેક વાક્યથી ને હરેક ક્રિયાથી સભાસદોને હસવું આવે, માટે તે વારે વારે લખી જણાવવાની જરૂર નથી.

# સૂચિપત્ર-સૂચના*

આ અષ્ટાંકી મિથ્યાભિમાન નાટકના પહેલા અંકમાં રતાંધળો જીવરામ ભટ્ટ તથા બે ભરવાડો આવશે. બીજા અંકમાં જીવરામ ભટ્ટનો સસરો રઘનાથ ભટ્ટ, સાળો સોમનાથ, સાસુ દેવબાઈ અને જીવરામ ભટ્ટની વહુ જમના તથા તેની બહેનપણી ગંગા આવશે. ત્રીજા અંકમાં જીવરામ ભટ્ટને ખોળવા સારુ તેનો સસરો ને સાળો જશે. ચોથામાં જીવરામ ભટ્ટને તેનાં સાસરિયાંનો મેળાપ થશે. પાંચમામાં એક ફારસ કરી બતાવવા વાઘજી રાજપૂત ને કુતુબમિયાં કુસ્તી કરશે. છઠ્ઠામાં રઘનાથ ભટ્ટના ઘરમાંથી ચોર પકડાશે. સાતમામાં ફોજદારી કોર્ટ આવશે ને આઠમામાં જીવરામ ભટ્ટનું વૈદું કરવા એક વૈદ આવશે. પાંચ કલાક સુધી આ નાટક ચાલશે. અમુક વખતે આરંભ થશે અને અમુક વખતે પૂરું થશે. (ઘણું કરીને રાતના આઠ વાગતાં આરંભ અને બાર ઉપર એક વાગતાં પૂરું કરવું.)

---

* નાયકે સૂચના સંભળાવવી તથા કાગળોમાં છપાવેલી, સભામાં વહેંચવાનો ચાલ પણ છે, તેથી સૌ જાણે કે આટલું થયું ને આટલું થવાનું બાકી છે.

# વિષ્કંભક

## પ્રવેશ પહેલો

### સ્થળ - વગડો

રંગલો અને સૂત્રધાર

(રંગલો નાચતો નાચતો આવે છે.)

ગાનારા : (ગાય છે) તતથેઈ, તતથેઈ, તતથેઈયા (૪ વાર)

રંગલો : તાથેઈ, તાથેઈ, તાતાથેઈ ભલા. (ઊભો રહે છે.)

સૂત્રધાર : અરે, તું કોણ છે ? પગે ઘૂઘરા, માથે મોરનાં પીછાં અને લીમડાનાં પૂંખડાં ખોસ્યાં છે. તું તે આ જંગલનું જનાવર છે કે માણસ છે ?

રંગલો : માણસમાં માણસ થાય, અને જનાવરમાં જનાવર થાય !

સૂત્રધાર : માણસમાં માણસ ને જનાવરમાં જનાવર શી રીતે થાય ?

રંગલો : કહ્યું છે કે :

**ઇંદ્રવજ્રા વૃત્ત**

**સારે પ્રસંગે જન થાય સારા, નીચા પ્રસંગે નીપજે નઠારા;**
**જે જૈ વસે વાસ જનાવરોમાં, તો થાય તેવા ગુણ તે નરોમાં. ૩**

હવે હું તમારી સોબતમાં આવ્યો છું. માટે જેવા તમે હશો તેવો હું થવાનો.

સૂત્રધાર : તારું નામ શું ? ભાભો રાજગર+ કે રળિયો ગઢવી ?x

રંગલો : અરે સૂત્રધાર, નાયક, મારું નામ તો વિદૂષક છે, પણ ગુજરાતમાં મને સઉ રંગલો કહે છે.

સૂત્રધાર : તું કોઈ પ્રકારની વિદ્યા જાણે છે કે ?

રંગલો : હા, હું હાસ્યરસને પુષ્ટિ કરવાની વિદ્યા જાણું છું.

સૂત્રધાર : વાહવાહ ! ત્યારે તો બહુ સારું થયું. આજ આ ઠેકાણે હાસ્યરસમાં નાટક થવાનું છે. માટે તું તેમાં હાસ્યરસની પુષ્ટિ કરીશ ?

રંગલો : હા જી, એ તો કામ બંદાનું જ છે. હાસ્યરસના નાટકમાં તો બંદા વિના ચાલે જ નહિ.

સૂત્રધાર : અરે, તું એટલી બધી મગરૂરી શા વાસ્તે રાખે છે ? વડોદરામાં એવા મશ્કરા છે કે તને તો પગે બાંધીને ઊડે ! તું પણ મિથ્યાભિમાની દેખાય છે.

રંગલો : તમને હજી આજ જ ખબર પડી કે ?

---

+ કચ્છમાં એક રાજગર બ્રાહ્મણ હતો, તેનો પોશાક હસવા જેવો હતો તેથી તેનું નામ પ્રખ્યાત છે.

x અમદાવાદ જિલ્લાના રાણીસરનો ચારણ હતો. તે પ્રખ્યાત મશ્કરો હતો. તેની કહાણીઓ વિલાયતના મશ્કરા બર્થોલ્ડના જેટલી લોકોમાં ચાલે છે.

**સૂત્રધાર :** ભાઈ, જ્યાં સુધી જેનો સહવાસ થયો ન હોય ત્યાં સુધી શી ખબર પડે ? કહ્યું છે કે -

ઉપજાતિ વૃત્ત

પડ્યું નહીં કામ વસ્યા ન પાસે,
ત્યાં સુધી સારા સરવે જણાશે;
તારી પઠે જ્યાં સહવાસ થાય,
ત્યારે જ તેના ગુણ તો જણાય.૪

**રંગલો :** ઠીક છે, તમારા ગુણ અમે જાણી લઈશું.

**સૂત્રધાર :** હવે સાંભળ. પ્રથમ હું આ સુંદર વનનું+ વર્ણન કરું.

**રંગલો :** ઠીક છે, કરો.

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**આંબા, આમલી, લીમડા, વડ વડા, ઝૂંડે ઝૂક્યાં ઝાડ છે,**
**છત્રોની છબી છાઈ હોય છતમાં, તેવા ઊંચા તાડ છે;**
**ગાયો વૃંદ હરે ફરે, તૃણ ચરે, ગોવાળિયા ગાય છે,**
**જોતાં આ વનને જરૂર ઉરમાં, આનંદ સંધાય છે.૫**

**રંગલો :** એ તો ખરું, પણ આ કયા દેશનું જંગલ છે ? તેની મને ખબર પડતી નથી.

**સૂત્રધાર :** સોરઠ દેશનું આ જંગલ છે.

**રંગલો :** સોરઠ દેશની શી શી વસ્તુ વખણાય છે ?

**સૂત્રધાર :** સોરઠનાં પાંચ તો રત્ન કહેવાય છે !

**રંગલો :** તે કયાં કયાં પાંચ ? કહો.

**સૂત્રધાર :** સાંભળ :

**શ્લોક**

**સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ, નદી, નારી, તુરંગમમ્;**
**ચતુર્થં સોમનાથશ્ચ, પંચમં હરિદર્શનમ્.૬**

અર્થ - ગોમતી વગેરે નદીઓ, સોરઠી સ્ત્રીઓ, કાઠિયાવાડી ઘોડી, સોમનાથ અને દ્વારિકા એટલાં પાંચ વડે સોરઠ દેશ વખણાય છે.

**રંગલો :** ઈડર જિલ્લામાં પણ પાંચ વાનાં વખણાય છે, તેનો આ શ્લોક છે.

**સૂત્રધાર :** તે ક્યાં ક્યાં ?

**રંગલો :**

**શ્લોક**

**ઈડરે પંચરત્નાનિ, પાણી, પાષાણ, પાનડાં;**
**ચતુર્થં ગાલિદાનં ચ, પંચમં વસ્ત્રલોચનં. ૭**

---

+ આ ઠેકાણે વનનું વર્ણન કર્યા વિના, પુસ્તકમાં લખ્યું કે સ્થળ વગડો, તેથી કાંઈ ખેલ જોનારા સભાસદોને ખબર પડે નહિ કે આ બનાવ વનનો છે, માટે કલ્પિત વનનું વર્ણન કર્યું છે.

સૂત્રધાર : શાબાશ ! હવે મારી ખાતરી થઈ કે તું હાસ્યરસની+ પુષ્ટિ કરી શકશે.

રંગલો : હવે આ જંગલમાં પ્રથમ કોણ આવનાર છે તે તો કહો !

સૂત્રધાર : પ્રથમ રતાંધળો જીવરામ ભટ્ટ આવનાર છે, તેની સાથે તું વાતચીત કરજે. કેમકે તે પણ તારા જેવો મિજાજી છે.

રંગલો : ઠીક છે, આવવા દો.

## પ્રવેશ બીજો

(જીવરામ ભટ્ટx આવે છે.)

(ગાનારા નીચે મુજબ ગાય છે.)

**જીવરામ ભટ્ટ આવ્યા, જોજો ભાઈ જીવરામ ભટ્ટ આવ્યા,**
**લાકડી કર લાવ્યા, જોજો ભાઈ જીવરામ ભટ્ટ આવ્યા.**

રંગલો : તાથેઈ, તાતાથેઈ ભલા.

**જીવરામ** : (ઊભા રહે છે.)

રંગલો : કેમ છે, જીવરામ ભટ્ટ ?

**જીવરામ** : (ડોક વાંકી કરીને) કોણ એ ?

રંગલો : જાઓ મારા સાહેબ, નથી ઓળખતા કે શું ?

**જીવરામ** : કાંઈ ઓળખાણ પડી નહિ.

રંગલો : આપણે બે નજદીકના સગા છીએ, તોપણ તમે ઓળખતા નથી એ કેવી વાત છે ?

**જીવરામ** : આ અમારા સસરાના ગામની સીમમાં તે અમારું નજદીકનું સગું કોણ છે ? શું તું અમારો સાળો છે ?

રંગલો : તમારો સાળો તો તમારી વહુનો ભાઈ હોય તે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

**ચોબોલા છંદ**

**હિંગળાનો રંગ રાતો હોય, ને કોયલાનો રંગ કાળો;**
**ભોજો ભગત એમ ભણે જે, વહુનો ભાઈ તે સાળો. ૮**
તાથેઈ તાથેઈ તાતાથેઈ ભલા.

**જીવરામ** : ત્યારે તું અમારો સસરો થાય છે ?

રંગલો : સસરો તો વહુનો બાપ હોય તે. માટે તમારી વહુને પૂછી જોજો કે હું એનો બાપ છું ?

**જીવરામ** : (ગુસ્સે થઈને) ત્યારે તું અમારો શો સગો થાય છે ?

+ આ વિકૃતવાણીજન્ય ઉપહસિત ભેદ થયો.

x ઘરડો, ધોળી દાઢી, ખંભે ખડીઓ, તૂંબડું - દોરી, હાથમાં લાકડી, દેખાતો દરિદ્રી, ગાનારાના તાલ પ્રમાણે પગલાં માંડતો વૃદ્ધની પેઠે ચાલતો આવે.

**રંગલો** : આપણે બે ભાઈઓ છીએ, ભાઈઓ !
**જીવરામ** : શું અમારો બાપ તે જ તારો બાપ કે ?
**રંગલો** : ના, ના, એમ નથી, એથી ઊલટું છે.
**જીવરામ** : ત્યારે તું મશીઆઈ ભાઈ, મોળાઈ ભાઈ, પિતરાઈ ભાઈ, નાતભાઈ કે ગામભાઈ ? કેવો ભાઈ થાય છે ?
**રંગલો** : અરે ! એ તો બધા દૂરના સગા કહેવાય અને આપણે તો અડીને સગા છીએ.
**જીવરામ** : અડીને ?
**રંગલો** : હા, અડીને. એક તસુનું પણ છેટું નહિ.
**જીવરામ** : અડીને સગા તે કેવા ?
**રંગલો** : આપણે બંને 'સગા' મિજાજભાઈ છીએ. હવે ઓળખ્યો કે નહિ ?
**જીવરામ** : મિજાજભાઈ કોને કહેવાય ?
**રંગલો** : જેઓના મિજાજ મળતા આવે તે મિજાજભાઈ કહેવાય. કદાપિ સગા માના જણ્યા ભાઈઓ હોય, પણ તેઓના મિજાજ મળતા ના આવે, તો લડીને કપાઈ મરે છે. પણ જો પરનાતવાળા સાથે કે પરદેશી સાથે મિજાજ મળતો આવે તો જીવજાન દોસ્તી બંધાય છે. માટે જગતમાં મિજાજભાઈની સગાઈ જેવી બીજી એકે સગાઈ નથી. કહ્યું છે કે-

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**જોગી જોગિની પાસ વાસ વસશે, ભોગી જ ભોગી કને.**
**બંધાણી જનને જરૂર જગમાં બંધાણી સાથે બને;**
**પાપી પાપી વિષે જ પ્રીત કરશે, ધર્મિષ્ઠ ધર્મી વિષે,**
**મિથ્યા સર્વ સગાઈ ભાઈ ભવમાં, સ્વાભાવિ સાચી દીસે. ૯**
**મિત્રો હોય સ્વભાવમાંહી મળતા, તે મિત્રતા આદરે,**
**સાચા સંકટમાં સહાય કરશે, કુર્બાન કાયા કરે;**
**ધીરે**ˣ **ધાન્ય ધનાદિ, ધામ, ધરણી, હેતે હસાવે હસે,**
**એનો માતપિતા થકી અધિક તો, વિશ્વાસ આવી વસે. ૧૦**

**જીવરામ** : હા, એ તો ખરી વાત છે.
**રંગલો** : હવે તમારે ક્યાં જવાનું છે ?
**જીવરામ** : અહાહા ! આજ તો સાસરે જઈને સાસુના હાથની રસોઈ જમવી છે અને આડોશીપાડોશીની બાયડીઓ કહેશે કે (કૂદીને હાથના લટકા કરીને) જીવરામ ભટ્ટ આવ્યા ! જીવરામ ભટ્ટ આવ્યા ! વાહ ! સાસરિયાંનું સુખ !

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**સૌ આપે સનમાન, દાન, વળી જ્યાં, મિષ્ટાન્ન મેવા મળે,**
**સાસુ સ્નેહ સહિત શબ્દ ઉચરે, ત્યાં તાપ તેણે ટળે;**

---
x જુગારી જુગારીને ધીરે છે.

**સાળાની વહુ, સાળીઓ, હળીમળી, હેતે કરે હાસ્ય રે,**
**સ્વર્ગાવાસ સમાન સર્વ સુખ તો સંસારમાં સાસરે. ૧૧**

**રંગલો :** સાસુ હોંશીલી હશે !

**જીવરામ :** અરે સાસુએ હોંશીલી જોઈએ; અને આપણામાં પણ કાંઈ રૂપ, રંગ અને ગુણ જોઈએ; ત્યારે સાસુને વહાલા લાગીએ !

**રંગલો :** રૂપ અને રંગ તો તમારામાં પરજાપતિના હાથી જેવાં છે. વારુ આગળ ચાલો. મારે પણ તે ગામ તરફ આવવું છે.

**જીવરામ :** (આગળ ચાલતાં થોડાંક પગલાં ભરી મનમાં) અરે રામ ! આ બે જુદા રસ્તા ફાટ્યા તેમાં મનસાપુરીને રસ્તો કયો હશે ? હવે જો કોઈને પૂછીએ તો અજ્ઞાની ઠરીએ.

**રંગલો :** ભટ્ટ, કેમ ઊભા રહ્યા ?

**જીવરામ :** આ બે રસ્તા ફાટ્યા. એક આમ જાય છે અને એક આમ જાય છે, તેમાં મનસાપુરીનો રસ્તો કયો હશે ? અમારે કયે રસ્તે જવાનું છે ? તે તું જાણતો હોઉં તો કહે જોઈએ.

**રંગલો :** તમે રસ્તો ભૂલી ગયાથી પૂછો છો કે મારી પરીક્ષા લેવા પૂછો છો ?

**જીવરામ :** અમે તો કાંઈ રસ્તો ભૂલી ગયા નથી; પણ તું જાણે છે કે હું જ ડાહ્યો છું, ત્યારે તું રસ્તો જાણતો હોઉં તો કહે જોઈએ.

**રંગલો :** તમે નથી ભૂલ્યા ત્યારે તમારે પૂછવાની શી ગરજ છે ? જાઓને એ જ રસ્તો.

**ઇંદ્રવજા વૃત્ત**

**પ્રીછે ન પોતે, પણ પૂછવાથી, લાજે દિલે શિષ્યપણે થવાથી,**
**પૂછે ગુરુ થૈ મનમર્મ લેવા, મિથ્યાભિમાની નર દંભી એવા. ૧૨**

**જીવરામ :** એમાં તું શું કહેતો હતો ? આ જ રસ્તો છે તો. અમે ક્યારે અજાણ્યા છીએ ?

**રંગલો :** ઠીક છે જાઓ.ˣ (રંગલો પડદા ઓથે સંતાઈ જાય છે.)

**જીવરામ :** (આગળ ચાલતાં) અરે ! આ તો ખેતરાઉ જણાય છે. ચાલ જીવ, પાછા ફરીએ. (પાછો ફરે છે.) અરે આ તો જાળાં અને કોતરાં આવ્યાં. પેલો રસ્તો પણ હાથથી ગયો. (ત્રણ-ચાર વાર આઘો જઈને) અરે, આ ઠેકાણેથી મિજાજભાઈ

---

ˣ જે ગામમાં કદી કેરીઓ મળે જ નહિ; તે ગામનો એક બ્રાહ્મણ ક્યાંઇકથી કેરીઓ લાવ્યો હતો. રસ કાઢીને પત્થરના વાટકામાં ભર્યો. પછી સ્ત્રીને કહ્યું કે આજ તો રસરોટલી કરવી છે. તે તને ન આવડે તો પડોશણ ગુજરાતની છે તેને પૂછીને કરજે. એમ કહીને ગયા પછી તે સ્ત્રીએ પડોશણને પૂછ્યું કે મને રસરોટલી આવડે તો છે, તો પણ પૂછું છું કે રસમાં લોટ નાખીને તેની રોટલી કરવી, એમ જ રસરોટલી થાય કે નહિ ? પડોશણે હા કહી, પછી પેલીએ તેમ કર્યું ને પછી પડોશણનો વાંક કાઢ્યો.

અને આપણે જુદા પડ્યા હતા, તે આ જમણે રસ્તે ગયો અને આપણને તે લુચ્ચે ડાબે રસ્તે ચડાવ્યા. આપણે તેને શિષ્યભાવે પૂછ્યું નહિ તેથી તેણે અવળો રસ્તો બતાવ્યો. વારુ, આપણે એટલા હેરાન થયા એ જ કે કાંઈ બીજું ? પણ વળી બંદા કોઈના શિષ્ય થાય કે ? (મૂછે હાથ નાખે છે.) (વળી આગળ ચાલીને વિચાર કરે છે.) અરે પ્રભુ ! હવે શું કરીશું ? મેં તો જાણ્યું હતું કે દહાડા છતાં સસરાને ઘેર જઈને બેસીશું, પણ ઠગે અવળો રસ્તો બતાવ્યો. તેથી વગડામાં ચારપાંચ ગાઉ ગોથાં ખાધાં. છેવટે રસ્તો તો જડ્યો, પણ હવે દહાડો આથમવા આવ્યો, અને ગામ તો હજી દોઢ ગાઉ રહ્યું છે. કોઈ માણસ આટલામાં જણાતું નથી, પેલો મિજાજભાઈ પણ જતો રહ્યો. આજ પૂરી ફજેતી થવાની. હવે કોઈ દહાડો એકલો સાસરે આવું નહિ. કોઈ સાથે હોય તો તેનો હાથ ઝાલીને ચાલ્યા જઈએ તે કોઈ જાણે નહિ. આજ સુધી આપણે એવી હોશિયારીથી આપણું કામ ચલાવ્યું છે કે હજી સુધી જગતમાં કોઈને ખબર પડી નથી કે જીવરામ ભટ્ટ રાતે દેખતા નથી. પણ આજ ફજેતી થાય એવું જણાય છે.

## પ્રવેશ ત્રીજો

**બીજલ રાયકો+ :** (પડદામાંથી નીકળીને ખભે ડાંગ લઈને ચાલ્યો આવે છે; અને જેમ ભેંસોના ટોળાને બોલાવતો હોય તેમ લાંબો હાથ કરીને બૂમો પાડે છે.) આહે !!! ઉ ઉ ઉ !!!

પાંચો રાયકો : (સાથે પાડી લઈને પાછળથી આવીને બૂમ પાડીને) એ !!! બીજલ, બીજલ, બીજલ હે !!! ઉ.

**બીજલ :** (પાછું જોઈને) અલ્યા શું કેસ ? પાંચા શું કેસ ?

**પાંચો :** અલ્યા ઊભો રહે તો ખરો. એમ નાહી શું જાય સે ?

**બીજલ :** હાલ્ય, બેક ઉતાવળો હાલ્ય.

**પાંચો :** (પાસે જઈને) અલ્યા તારી ભેંહો ક્યાં સે ?

**બીજલ :** એ ઉફરાંટે મારગે થઈને ગામની ભાગોળે પૂગી હશે. તારી ભેંહો ક્યાં સે ?

**પાંચો :** મારી ભેંહો મહાણિયા માધેવ કને પૂગી હશે. અલ્યા ! ઓલ્યો ભરામણ આવે સે, તેને ઓળખ્યો કે ?

**બીજલ :** ક્યાં સે ભરામણ ?

**પાંચો :** એ !! ઓલ્યો વેગળે આવે !!

**બીજલ :** હું તો એને ઓળખતો નથી.

**પાંચો :** આપણા ગામમાં ઓલ્યો રઘનાથ ભટ્ટ રસે ને ?

**બીજલ :** હા, હા.

---

+ કાળો કાંબળો ઓઢેલો, માથે ફાળિયું બાંધેલું, પગની ભોંયથી લગાર ઊંચી રહે એમ પગના પંજા વડે લાંબા કદમ ભરીને ઊંટની પેઠે ઉતાવળો ચાલતો ભરવાડ આવે.

**પાંચો :** એનો જમાઈ. હવે ઓળખ્યો કે નહિ ?

**બીજલ :** ઓલ્યો રતાંધળો જીવરામ ભટ્ટ કે ?

**પાંચો :** હા, એ જ જો !! એ જ, ભલો ઓળખ્યો અલ્યા ! ભલો ઓળખ્યો.

**બીજલ :** તે બચારો રાતે તો આંખે મુદ્દલ ભાળી હકતો નથી, તારે શી રીતે એના હહરાને ઘેર જઈ હકશે ?

**પાંચો :** ઊભો રે, આપણે એનું બાવડું ઝાલીને એના હહરાને ઘરે પુગાડીએ. ભલા, ભરામણનો દીચરો સે, આપણને ધરમ થાહે.

**બીજલ :** રઘનાથ ભટ્ટે દીચરીનો ભવ બગાડ્યો સે. રૂપરૂપના અવતાર જેવી સે, તીને રતાંધળો વર જોયો સે, એ તો કાગડો દઈથરું લઈ જીઓ.

**પાંચો :** રઘનાથ ભટ્ટ શું કરે ? વધાત્રાના લેખ એવા હશે.

**રંગલો :** (પડદામાંથી નીકળીને) ખરેખરો વિધાતાનો જ વાંક છે.

**ઉપેન્દ્રવજ્રા વૃત્ત**

**અરે ન કીધાં ફૂલ કેમ આંબે ?**
**કર્યા વળી કંટક શા ગુલાબે ?**
**સુલોચનાને શિર અંધ સ્વામી,**
**ખરે વિધાતા તુજ કૃત્ય ખામી. ૧૩**

**પાંચો :** જીવરામ ભટ્ટ, પજે લાગું, પજે લાગું.

**જીવરામ :** આવો રાયકા. આસરવાદ, આસરવાદ.

**બીજલ :** જીવરામ ભટ્ટ, અતારે અહૂરી વેળાના તમે ચ્યાંથી આવ્યા ?

**જીવરામ :** કોણ એ ? બીજું કોણ છે ?

**બીજલ :** એ તો હું. બીજલ, બીજલ.

**જીવરામ :** લો ઠીક થયું, ઠીક થયું. અસૂરી વેળાનાં કોઈ લૂગડાં લઈ જાય માટે અમે[x] ફિકર કરતા હતા. અમને રસ્તામાં એક ઠગે ભૂલા પાડ્યા, તેથી અસૂર થઈ ગયું.

**બીજલ :** તમે રાતે દેખતા નથી ! રતાંધળા સો કે ?

**પાંચો :** બોલ મા, બોલ મા. એને રીહ સડશે. તને બોલતાં આવડતું નથી. કહ્યું સે કે -

દોહરો

**અંધાને અંધો કહે, વરવું લાગે વેણ;**
**ધીરે ધીરે પૂછિયે, શાથી ખોયાં નેણ ! ૧૪**

**જીવરામ :** (ગુસ્સે થઈને) મહારાંડના ! તું રતાંધળો ! તારો બાપ રતાંધળો ! તેનો બાપ ! અને તેનો બાપ રતાંધળો હશે. (પથરો શોધે છે, ને મારવા દોડે છે.)

**પાંચો :** હું ! હું ! હું ! (હાથ ઝાલે છે.)

---

x અભિમાની પોતાને 'હું' એમ કદી કહે નહિ, 'અમે' કહે.

**જીવરામ :** અલ્યા, તું અમને કોણ કહેનારો ? અમારું ઘર શું જેવુંતેવું છે ? અમારા ગામમાં બીજા બધા બ્રાહ્મણો તો પછીથી રખડતા આવીને રહેલા, અને અમારું ઘર તો કદા-કદમીનું અસલનું છે. અમે હજાર રૂપૈયા ખરચીને દીકરીઓ સારે સારે ઘેર પરણાવીએ છીએ. અગનોતરા કાળમાં અમારો બાપ મરી ગયો, ત્યારે એક રૂપૈયાનું સવાશેર ઘી મળતું હતું, તોપણ અમે કરજે રૂપૈયા કહાડીને આખું ચોખળું તેડાવીને ત્રણ દહાડા સુધી બ્રાહ્મણોને લાડવા જમાડ્યા હતા. તારા બાપ પછવાડે તેં શું કર્યું હતું ? બોલ ! બતાવ !

**પાંચો :** જીવરામ ભટ્ટ, એમ રીહ સડાવીએ નહિ. મરને કેતો, એના કેવાથી શું થવાનું સે ?

**જીવરામ :** અલ્યા ! અમારો બાપ વર્ષોવર્ષ શ્રાદ્ધ કરતા હતા, તે દહાડે સો સો બ્રાહ્મણોની પંગત થતી હતી. અમે જેવાતેવા નથી.

**બીજલ :** 'મારે મુગલ, ને ફુલાય પીંજારા' તેમ તમારો બાપ પૈસાદાર હતો, તેથી તમે આટલી બધી ફૂલ શેની મારો સો ?

**રંગલો :**

દોહરો

**લટકે ઊંધે મસ્તકે, વડડાળે વાગોળ;**
**મન જાણે મેં પગ વડે, રાખ્યો ખાળી ખગોળ. ૧૫**

**જીવરામ :** અરે અમે પણ એના એ છૈએ. બારસેં બારસેં રૂપૈયા ખરચીને ઊંચા કુળમાં દીકરીઓ પરણાવીએ છૈએ.

**બીજલ :** (પાંચાને) આ ખરી વાત હશે ? એની પાંહે દહવીહ હજાર રૂપિયાની મૂડી હશે ?

**પાંચો :** એના બોલવા ઉપરથી જ જણાયસે કે કાંઈ નથી. જેની પાંહે ધન કે વિદ્યા હોય તે આમ ફુલાય નહિ.

**રંગલો :**

દોહરો

**જે પામે જન પૂર્ણતા, તે ન કદી ફુલાય;**
**પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય. ૧૬**

**બીજલ :** ખરેખરો ફૂલણજી સે.

**રંગલો :** રતાંધળો !! (એમ કહીને નાસી જાય છે.)

**જીવરામ :** ઊભો રહે મહારાંડના. નાસી કેમ જાય છે ?

**બીજલ :** તમે ખીજાઓ સો હું કરવા ! હું તો કેતો નથી પણ બીજા લોક કેતાતા કે જીવરામ ભટ્ટ રાતે દેખતા નથી.

**જીવરામ :** કોણ કહેતું હતું ?

**બીજલ :** અમારા ગામનો એક ભરામણ કેતોતો.

**જીવરામ :** એનો બાપ રતાંધળો હશે. અમે તો રાતે લખવા બેસીએ તો ત્રણસેં શ્લોક લખી કહાડીએ છૈએ. જો બીજા કોઈએ અમારે મોઢે કહ્યું હોય તો તેના ઉપર ત્રાગું કરીએ, માથું ફોડીને તેને લોહી છાંટીએ, પણ તમને શું કરીએ ?

**પાંચો :** રીહ સડાવીએ નૈ, હોય, હાહરીમાં જઈએ, તો કોઈ મહ્કરી કરે, ટૉળ કરે તો મોટું પેટ રાછીએ.

**રંગલો :** સાસરાની શેરીનું કૂતરું કરડવા આવે તો હાડે કહીએ નહીં.

**જીવરામ :** તમે અમારા સાસરાના ગોવાળ છો, માટે જ અમે સાંખી રહીએ છૈએ. નહિ તો અમે લગારે સાંખી રહીએ એવા નથી.

**પાંચો :** હાલો, બેક ઉતાવળા હાલો. અમારી ભેંહો જાતી રહે. હવે રાત પડવા આવી.

**જીવરામ :** રાયકા, લાવો જોઈએ તમારો હાથ જોઉં.

**પાંચો :** મારા હાથમાં શું જોહો ?

**બીજલ :** મારગ હૂજતો નથી ને ફાંફાં મારતો હાલે સે, માટે તારો હાથ ઝાલીને હાલવું હશે.

**જીવરામ :** તમને એવો વહેમ હોય તો અમારે તમારા હાથની કાંઈ ગરજ નથી. અમે તો તેનું નસીબ કેવું છે, તે જોવા સારુ હાથ દેખાડવાનું કહીએ છૈએ.

**પાંચો :** જુઓ જીવરામ ભટ્ટ, મારું નસીબ ચેવું સે વારુ ?

**જીવરામ :** આ અનામિકા, એટલે ત્રીજી આંગળીના ઉપલા વેઢા કરતાં છેલ્લી આંગળી વધારે લાંબી છે. માટે તમે તમારા બાપ કરતાં વધારે સકરમી છો.

**બીજલ :** ખરેખરું કીધું અલ્યા ! તારા બાપની વખતમાં આટલી ઘરાગી તમારે ચાણે હતી ?

**પાંચો :** આ ગામની પછવાડે ઘરાં સે, તેના દીવા દેખાણા.

**જીવરામ :** હા, ખરા. કેવા સારા દીવા શોભે છે ! જુઓ.

**બીજલ :** જીવરામ ભટ્ટ, એ બે દીવા તમે દેખો સો કે ? (નાટકના સ્થળમાં નજદીક દેખાતા હોય તેટલા દીવા કહેવા.)

**જીવારમ :** હા, એક આ રહ્યો, ને એક આ રહ્યો. (બીજી તરફ બતાવે છે.)

**પાંચો :** એણીમેરી દીવા ચાં સે ? દીવા તો આમ દેખાય સે.

**જીવરામ :** હા, હા, હું પણ એ જ તરફ કહું છું તો. અને પેલો ઝીણો દીવો વેગળે દેખાય છે. તે સુધ્ધાં ત્રણ દીવા અમે દેખીએ છૈએ.

**પાંચો :** (દીવા ગણીને) બે દીવા તો હું દેખું સું અને ત્રીજો દીવો તો આટલામાં ચાંઈ દેખાતો નથી.

**જીવરામ :** આ તરફ જુઓ ને. એ રહ્યો ત્રીજો દીવો.

**રંગલો :** (હળવે×) તારા બાપનું કપાળ છે, તે તરફ તો ચાલતાં અડવડિયાં ખાય

× રંગલાને હમેશાં જે વાક્યનો જવાબ મળવાનો ન હોય તે વાક્ય તે આડું જોઈને બોલે.

છે, હાથ ઝાલીને ચાલે છે ને વળી ખાલી ઢોંગ કરે છે.

**બીજલ :** હાલ્ય પાંસા, આપણે તો ઝટ ઘેર જઈએ. એ તો અથડાતો અથડાતો આવશે.

**પાંચો :** (જીવરામને) હવે અમે તો ઉતાવળા ઝટ ઘર જાહું.

**જીવરામ :** અમારા સસરાની ભેંસ કેઈ ? અમને દેખાડો તો ખરા. જોઈએ તમે ચરાવીને કેવી તાજી કરી છે ?

**પાંચો :** ભેંહ તો આગળ જઈ, પણ આ તમારા હહરાની પાડી સે તે જુઓ.

**જીવરામ :** ક્યાં છે ક્યાં છે ? (ફાંફાં મારે છે.)

**પાંચો :** એ આ રહી. જુઓ સે માતેરી ?

**જીવરામ :** વાહવાહ ! અલ્યા પાડી તો સારી છે હો ! અમારી સાસુએ અમારી સાળીને ધવરાઈને જેવી મસ્તાની કરી છે, તેવી તમે પાડીને કરી છે. (ઉપર હાથ ફેરવીને પૂંછડું પકડીને ચાલે છે. પગ આડાઅવળા પડે છે.)

**પાંચો :** તમારા હાહરાને ઘરે તમને પુગાડીએ ?

**જીવરામ :** કાંઈ પહોંચાડવાની જરૂર નથી. હવે તમારે ઉતાવળા જવું હોય તો જાઓ. ગામ ઢૂકડું આવ્યું છે માટે હવે કોઈ લૂગડાં લઈ જાય એવી બીક નથી. અને હવે તમારી અમારે લગારે ગરજ નથી.

**પાંચો :** (બીજલને) મારગને અડખેપડખે ઊંડો ખાડો સે, તેમાં જવાની પાડીને ટેવ સે, માટે તેમાં પડશે તો બચારા ભરામણને વાગશે.

**બીજલ :** ભોગ એના, આપણે શું કરીએ ?

**રંગલો :**

**ઉપજાતિ વૃત્ત**

**મિથ્યાભિમાની સિર દુ:ખ આવે,**
**કદાપિ લોકો કરુણા ન લાવે;**
**જો સર્પને કોઈ બિલાડી બાઝે,**
**દેખી ઘણા લોક દિલે ન દાઝે. ૧૭**

(પાંચો ને બીજલ જાય છે.)

**જીવરામ :** હવે ઠીક થયું. આ પાડીનું પૂછડું પકડીને ચાલ્યા જઈશું એટલે ઠેઠ સસરાને ઘેર જઈ ઊભા રહીશું અને વળી કહીશું કે આ તમારી પાડી વગડામાં જતી રહેતી હતી, તે અમે હાંકી લાવ્યા; નહિ તો તેને કોઈ લઈ જાત કે વાઘ મારી નાખત.

**રંગલો :** (તેની ચાલ જોઈને) આંધળો તો આંધળો, પણ વળી લૂલોય દેખાય છે.

**જીવરામ :** (પાડી ખાડમાં ઊતરતાં પોતે પછડાયા) અરરર ! કૂલો ભાંગી ગયો ! હાય ! હાય ! હાય !

**રંગલો :** પડે લૂલો ને ભાગે કૂલો, પણ લીધી વાત ન મેલે લૂલો.

**જીવરામ :** આજ કોઈ નઠારાનું મોં જોયેલું, તેથી હેરાન થયા. પેલા મિજાજભાઈને

શિષ્યભાવે રસ્તો પૂછ્યો નહિ, તેથી જરા રાત પડી ગઈ અને આટલી પીડા ભોગવવી પડી. અરે ! ગોવાળ સાથે ગયા હોત, તોપણ ઠીક હતું. હશે, હવે પાઘડી તો સવારે શોધી કહાડીશું. જે થયું તે ઠીક જ થયું. રાતની રાત અહીં જ સૂઈ રહીશું. દહાડો ઊગશે એટલે તો આપણે સાત પાદશાહના પાદશાહ છૈએ. (ઊંઘી જાય છે અને નસકોરાં વગાડે છે.)

(પડદો પડ્યો.)

(પાત્રોની ગોઠવણ થઈને પડદો પાછો ઊઘડે, ત્યાં સુધી ગાનારા પેલું પદ ગાય છે 'મેલ મિથ્યા અભિમાન, મનવા, મેલ મિથ્યા અભિમાન' ઇત્યાદિ.)

•

# અંક બીજો

## પાત્રો

૧. **રંગલો**
૨. **રઘનાથ ભટ્ટ** - જીવરામ ભટ્ટનો સસરો
૩. **દેવબાઈ** - જીવરામ ભટ્ટની સાસુ
૪. **સોમનાથ** - જીવરામ ભટ્ટનો સાળો, ઉંમર ૧૭ વર્ષ
૫. **જમના** - જીવરામ ભટ્ટની વહુ ઉંમર ૨૦ વર્ષ
૬. **ગંગા** - જમનાની બહેનપણી
૭. **પાંચો** - ભરવાડ

## પ્રવેશ : પહેલો

### સ્થળ : રઘનાથ ભટ્ટનું ઘર

(પડદો ઊઘડ્યો)

(ત્યાં રઘનાથ ભટ્ટ સહકુટુંબ બેઠા છે. વળગણીએ ટૂંકા પનાનાં પોતિયાં અને ધોતિયું સૂકવેલું છે. તુળસીક્યારો ને દર્ભની જૂડી છે. એકેકું ધોતિયું બાપદીકરે પહેરેલું, એકેકું અંગવસ્ત્ર ઓઢેલું, ઉઘાડે માથે સોમનાથને વેદ ભણાવે છે. યજુર્વેદના હાથે સ્વર લઈને.)

**રઘનાથ :** ધીરાન્ દુગ્ધ્યધ્યુષદ્દ્ધ્યુષદ્ ।
ધીરાન્ ઉઉ, ઉઉઉઉ, અ.
(ત્રણચાર વાર કહેવરાવે છે, પણ આવડતું નથી.)

**રઘનાથ :** સરત રાખીને ભણ. કોઈ મુસલમાન રસ્તે જતો હશે, તેને કાને વેદનો શબ્દ પડશે તો તે મંત્ર નિષ્ફળ થશે. (મશાલચીને) અલ્યા કાનમાં આંગળીઓ ઘાલજે. આ વેદનો મંત્ર સાંભળીશ તો તું કાને બહેરો થઈશ.

**સોમનાથ :** બાપા, વાણિયાને, કણબીને કે રજપૂતને વેદ સંભળાવાય કે નહિ ?

**રઘનાથ :** નહિ, એ લોકોને પુરાણોક્ત શ્લોકથી કર્મ કરાવવું. એમના આગળ વેદનો મંત્ર ભણાય નહિ.

**દેવબાઈ :** અમસ્તા મિથ્યાભિમાન કરે છે. મનમાની દક્ષણા મળે તો નવાબ સાહેબની આગળ પણ વેદ ભણે, અને હાઉક સાહેબને સોમયાગx કરાવે એવા છે.

**સોમનાથ :** બાપા, આ મંત્રમાં શો અર્થ હશે ?

**રઘનાથ :** જા જા રાંડના, વળી વેદના અર્થ તો થાય કે ? વેદનો અર્થ પરમેશ્વર જાણે કે બ્રહ્મા જાણતા હતા, બીજું કોઈ જગતમાં જાણતું જ નથી.

બોલ : સન્ધ્યા સઢં હાહનાહનમ્ ।

**સોમનાથ :** સંધ્યે ઉઉઉઉ. બાપા, આ તો બહુ કઠણ છે. માટે આ પડતું મૂકીને શાસ્ત્રી પાસે સંસ્કૃત વ્યાકરણ ભણવા જાઉં ?

**રઘનાથ :** સંસ્કૃત વ્યાકરણ ભણીને આપણે શું કરવું છે ?

**સોમનાથ :** પુરાણશાસ્ત્ર ભણીને કથા વાંચવા શીખીશ.

**રઘનાથ :** શાસ્ત્રીઓને અને પુરાણીઓને ખરા બ્રાહ્મણોની હારમાં કોણ ગણે છે ? એ તો શૂદ્ર જેવા કહેવાય.

**સોમનાથ :** શાસ્ત્રી-પુરાણી શૂદ્ર જેવા ગણાય ?

**રઘનાથ :** હા, વ્યાકરણશાસ્ત્ર ને પુરાણ તો વેરાગીએ ભણે; પણ અન્ય વરણથી વેદ ભણાશે ? બ્રાહ્મણને તો વેદનો જ અધિકાર છે. પેશ્વાની સભામાં દક્ષણા વહેંચાતી તે વેદિયાને ઉત્તમ, શાસ્ત્રીને મધ્યમ અને પુરાણીને કનિષ્ઠ દક્ષણા અપાતી હતી.

**સોમનાથ :** ત્યારે પુરાણની કથા આપણે સાંભળવી કે નહિ ?

**રઘનાથ :** અમારા ઘરડા હતા તે પુરાણની કહાણીઓ વંચાતી હોય ત્યાં થઈને જવું પડે તો કાનમાં આંગળીઓ ઘાલીને ચાલ્યા જતા હતા. પુરાણનાં ગપ્પાંનો શબ્દ કાનમાં પડે તો બ્રાહ્મણનો કાન અપવિત્ર થાય. એ તો શૂદ્રોએ વાંચવા ને સાંભળવા જોઈએ. સુતપુરાણી પણ શૂદ્ર હતો. હં ? બોલ - સન્ધ્યા સઢં હાહનાહનમ્

**સોમનાથ :** સન્ધ્યાઉઉઉ.

**રઘનાથ :** (સોમનાથને મારવા માંડે છે, સોમનાથ રોવા માંડે છે.)

**દેવબાઈ :** (હાથનું લટકું કરીને) મારા છોકરાને મારશો નહિ. ભણતાં નહિ આવડે તો ચાલ્યું. બ્રાહ્મણનો દીકરો છે તે ભીખ માગી ખાશે. ભૂખે તો નહિ મરે ?

**રઘનાથ :** હું જાણું છું કે તું છોકરાને ભીખ માગતો કરવાની છે.

**દેવબાઈ :** ત્યારે તમે ભણી ભણીને ક્યાંના કારભાર કર્યા ? સો સો જણાની આગળ કાલાવાલા કરીને દાન-દક્ષણા માગી લાવો છો, તોપણ કાંઈ ઊંચું તો આવ્યું નહિ. પેલો શાસ્ત્રીનો છોકરો ને પુરાણીનો છોકરો અંગ્રેજી ભણીને સરકારની નોકરી કરે છે, તે મહિને મહિને પચાસ રૂપૈયાનો પગાર લાવે છે. મારે તો છોકરાને તમારું ભણતર ભણાવવું નથી. કાલથી ઈસ્કોલમાં મૂકવો છે.

x પૂનામાં દક્ષણીઓએ કરાવ્યો હતો.

સાત પેઢીનું નામ તું બોળવા બેઠી છે.
રઘનાથ : મ્લેચ્છની વિદ્યા ભણાવીને મારી સાત પેઢીનું નામ તું બોળવા બેઠી છે.
દેવબાઈ : આદે ભણવું તે રળી ખાવા સારુ કે બીજું કાંઈ ? ત્યારે જેમાંથી બે રૂપિયા સુખેથી મળે તે ભણતર ખરું, બીજું ભણતર શા કામનું !

## પ્રવેશ બીજો

રંગલો : (આવીને આડુંઅવળું ચારે તરફ જોઈને) આટલામાં બ્રાહ્મણનો વાસ ક્યાં હશે ? અરે જીવ, આ તુળસીક્યારો તો દેખાય છે. અને વેગળી શિવની દહેરી પણ છે.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ક્યારો તો તુલસી તણો તગતગે, ટૂંકે પને પોતિયાં,
નેવે તો લટકે વળી વલગણી, ધોઈ ધર્યાં ધોતિયાં;
દીસે દર્ભ જૂડી, રૂડી શિવતણી દેરી પણે પાસ છે,
એ એંધાણથકી જ જાણ ઉરમાં, વિપ્રો તણો વાસ છે. ૧૮

અરે રઘનાથ ભટ્ટનું ઘર આ કે ?

રઘનાથ : (ઊભો થઈને હાથ લાંબો કરીને) આવો નાટક-નટજી.
રંગલો : (લાંબે હાથે મળીને) આવો લાડુભટ્ટજી.
રઘનાથ : કેમ છે લાયક લઉવા ?
રંગલો : ઠીક છે કાકાકઉવા.
રઘનાથ : ક્યાંથી આવ્યા તમે ?
રંગલો : તમે ત્યાંથી અમે. (લાંબો હોઠ કરીને)
રઘનાથ : છે સઉ સાજું તાજું ?
રંગલો : પંડ સાજે સઉ સાજું.
રઘનાથ : કહોને વાત વિસ્તારી.
રંગલો : બાંધી મૂઠી સારી. (મૂઠી બતાવે છે.)
રઘનાથ : કેટલાં છૈયાં-છોરું ?
રંગલો : પાછળ કોરું મોરું (પોતાની હથેળીમાં હથેળી ફેરવે છે.)
રઘનાથ : કાંઈ સંદેશો સારો ?
રંગલો : આવે જમાઈ તમારો.
રઘનાથ : કેમ આવે છે ચાલી ?
રંગલો : પાડીનું પૂંછ ઝાલી.
રઘનાથ : શા કામે આ વાટે ?
રંગલો : વહુને તેડવા માટે.
રઘનાથ : આવશે આજની રાતે ?
રંગલો : રાતે કે પરભાતે.

**રઘનાથ :** તમે આવ્યા શું રળવા ?

**રંગલો :** આવ્યા તમને મળવા.

**રઘનાથ :** તમ આવે અમ રાજી.

**રંગલો :** અમે પ્રસન્ન થયાજી.

**રઘનાથ :** તમે બૃહસ્પતિ દેવા.

**રંગલો :** તમે ભેંશપતિ જેવા.

**સોમનાથ :** (ઊભો થઈને) અલ્યા, ભેંશપતિ કોને કહેવાય ?

**રંગલો :** 'ભેંશનો પતિ પાડો, હોય તે શરીરે જાડો, તે ભગરી ભેંશનો લાડો' તેને ભેંશપતિ જેવો કહેવાય.

**રઘનાથ :** નહિ નહિ મૂર્ખા. મહાપંડિત હોય તેને બૃહસ્પતિ જેવો વિદ્વાન કહેવાય.

**રંગલો :** મેં પણ તમને ભેંશપતિ જેવા વિદ્યમાન કહ્યા કે નહિ ?

**રઘનાથ :** (પોતાની સ્ત્રીને) અલી સાંભળે છે કે ?

**દેવબાઈ :** શું કહો છો, સોમનાથના બાપા ?

**રઘનાથ :** આ જીવરામ ભટ્ટનો સંદેશો આવ્યો છે. તે જમનાને તેડવા સારુ એક બે દહાડામાં આવનાર છે, માટે લૂગડાં ચીંથરાં કરવાં હોય તો કરી રાખજો.

**દેવબાઈ :** સાલ્લા, ઘાઘરા અને કાંચળીઓ તો મેં તૈયાર કરી રાખી છે, પણ બેક ધૂપેલ કરવું છે અને કાજળ પાડવું છે.

**રંગલો :** આથી વળી વધારે કાજળ જમનાના કપાળમાં કેટલું ચોપડવું છે ? કહ્યું છે કે-

**વંશસ્થ વૃત્ત**

**મિથ્યાભિમાન વર જેહને મળ્યો,**
**તે માનુનીનો અવતાર તો બળ્યો;**
**કરે કળાપો બહુ સર્વ કાળમાં,**
**તેને સદા કાજળ છે કપાળમાં ૧૯**

**રઘનાથ**x**:** (સ્ત્રીને) અલી સાંભળે છે કે ?

**દેવબાઈ :** શું કહો છો ?

**રઘનાથ :** રામનાથ મહાદેવમાં પેલા ચિદાનંદસ્વામી રહેતા હતા. તેમણે કાલે કૈલાસવાસ કર્યો. એવા સ્વામી બીજા મારા જોવામાં આવ્યા નથી. એ તો મહાજોગીરાજ હતા.

**દેવબાઈ :** કાશીમાં એમના જેવા હશે ?

**રઘનાથ :** અરે કાશીમાં પણ એવા નહિ હોય.

**દેવબાઈ :** ત્યારે કૈલાસમાં તો હશે જ.

x હાસ્યરસની પુષ્ટિ વાસ્તે રંગલો બોલબોલ કરે, માટે તેને હમેશાં ઉત્તર આપવાની જરૂર નથી. વળી તેણે અણગમતું કહ્યું, તેથી રઘનાથ ભટ્ટે આડી વાત ચલાવી.

પણ એવા તો સ્વામી નહિ જ હોય.

**રઘનાથ :** હું તો જાણું છું કે કૈલાસમાં પણ એવા તો સ્વામી નહિ જ હોય.

**રંગલો :** જમરાજાના શહેરમાં હશે જ.

**દેવબાઈ :** એ સ્વામીને કોણ લઈ ગયું હશે ? અને તે ક્યાં ગયા હશે ?

**રઘનાથ :** એમને તો સાક્ષાત્ પ્રભુના પાર્ષદ આવીને કૈલાસમાં લઈ ગયા હશે.

**રંગલો :** કોણ જાણે પાર્ષદ લઈ ગયા હશે કે વગડાનાં શિયાળિયાં ખાઈ ગયાં હશે.

## પ્રવેશ ત્રીજો

(પડદા પાછળથી) એ કમાડ ઉઘેડો.

(ઊભો રાખેલો પડદો, તેના લાકડાને પાછળથી કોઈ ઠોકે છે.)

**દેવબાઈ :** એ ખડકીનાં બારણાં કોણ ઠોકે છે ?

**રઘનાથ :** ગોવાળ વાળુ લેવા આવ્યો હશે.

**દેવબાઈ :** (બારણાં ઉઘાડવા જતી હોય તેમ પડદા પાસે જઈ જુએ છે, ત્યાં પડદામાંથી પાંચો રાયકો નીકળી આવે છે.)

**પાંચો :** વાળુ લાવો, વાળુ.

**દેવબાઈ :** હમણાં ઊભો રહે, આપું છું.

**પાંચો :** (કાખમાં લાકડાનું ટેકણ દઈને પગની આંટી ભરાવીને ઊભો રહીને) રઘનાથ ભટ્ટ !

**રઘનાથ :** કેમ છે રાયકા ?

**પાંચો :** ઓલ્યા બાવાને તમે કાલે દાટી આવ્યા'તા, તેને આજ વગડાનો જરખ ખોદીને લઈ જાતોતો.

**રઘનાથ :** બોલ મા, બોલ મા, મૂર્ખા. જરખ શું લઈ જાય ? એમને તો પ્રભુના પાર્ષદ લઈ ગયા.

**પાંચો :** અરે હું પારહદ લઈ જાય ? મેં નજરોનજર દીઠો. જરખ વગેડામાં લઈ જાતોતો.

**રઘનાથ :** હોય નહિ, હોય નહિ. જરખ શું લઈ જાય ? એ તો પરમેશ્વરના પાર્ષદ લઈ ગયા.

**પાંચો :** મારા દીચરાના હમ મેં બીજલને દેખાડ્યો અને કીધું કે ઓલ્યા આપણા ગામના ભરામણોના ગરુને ઓલ્યો જરખ લઈ જાય સે.

**રઘનાથ :** અરે જૂઠી વાત. એવા મહાજોગીને જરખ શું લઈ જાય ? એ તો પાર્ષદ લઈ ગયા.

**પાંચો :** તારે તમારા લોકો એને પારહદ કેતા હશે, પણ અમે તો એને જરખ કઈએ સૈએ.

**રઘનાથ :** (પોતાની સ્ત્રીને) હવે એને આપવું હોય તે આપીને અહીંથી ઝટ કાઢ.

**દેવબાઈ :** લે અલ્યા, લે આ રોટલો.

**પાંચો :** તે રોટલો શા વાસ્તે આપો સો ?

**દેવબાઈ :** ત્યારે શું આપે ? વરસૂંદ લેવી અને વળી રોજ વાળુ લેવા આવવું.

**પાંચો :** બે વરહાં થ્યાં વરહૂંદ તમે ચાણે દીધી સે ? આજ જમાઈ આવ્યા સે, તે તમે લાબશી કરી હશે, તે તમારાં સોકરાં લાબશી ખાય અને મારાં સોકરાં ટાઢો રોટલો ખાય કે ? 'એવો ચ્યાં ગોકળિયો ગાંડો સે, જે દિવાળીને દહાડે ઘેંહ હિરાવે' હું ચાણે રોજ રોજ લાબશી માગું સું ?

**દેવબાઈ :** જમાઈ ક્યાં છે ? જમાઈ આવે તે દહાડે લાબશી લેવા આવજે, જા.

**પાંચો :** વળી નથી આવ્યા સે ? જમાઈ આવ્યા જ સે તો.

**દેવબાઈ :** તારા સમ, નથી આવ્યા. આવ્યા હોય તો હું ના કહું ?

**પાંચો :** ગામના પાધર હુધી અમે ભેગા ભેગા આવ્યા સૈએ. પાડીનું પૂંસડું ઝાલી જમાઈ આવતાતાને વળી !

**દેવબાઈ :** એ તો રાતે માઠું દેખે છે, માટે તું એમને આપણા ઘર સુધી પહોંચાડીએ નહિ ?

**પાંચો :** એને અમે પુગાડવાનું કીધું, પણ એ તો બહુ મિજાજી સે. ઊલટી રીહ સડાવા માંડી. પસેં પાડીનું પૂંસડું ઝાલીને આવતાતા.

**દેવબાઈ :** પાડી તો ક્યારની ઘેર આવી છે; પણ જમાઈ તો આવ્યા નથી.

**પાંચો :** તાણે રોટલો તો રોટલો ઘો. લાવો હું મારે જાઉં.

**દેવબાઈ :** લે આ રોટલો

(કાંબળાના છેડામાં લઈને જાય છે.)

**દેવબાઈ :** અરે સોમનાથ, તું ને તારો બાપ જાઓ અને જુઓ. તે મિથ્યાભિમાની રાતવેળાનો ક્યાંઈ ફાંફાં મારતો હશે, તેને ઘેર લઈ આવો.

**સોમનાથ :** ચાલો બાપા, આપણે જઈએ. રાત અજવાળી છે.

**રઘનાથ :** હું તો કાંઈ આવતો નથી, તેને ગરજ હશે તો ઘણોય ફાંફાં મારતો આવશે.

**દેવબાઈ :** અરે, જાઓ જાઓ, ક્યાંઈ વગડામાં પડ્યો રહે ને જનાવર મારી નાંખે, તો ન્હાનપણમાંથી આપણી જમનાનો ભવ બગડે.

**રંગલો :** જમનાનો ભવ બગડી ચૂક્યો છે; હવે શો બાકી છે ?

**રઘનાથ :** ચાલ, ત્યારે પાદર સુધી જોઈ આવીએ. (તે બંને જણા જાય છે.)

## પ્રવેશ ચોથો

(ગંગા આવે છે.)

**દેવબાઈ :** અરે જમના, તારી બેનપણી ગંગા આવી.

**જમના :** આવ બહેન ગંગા, કેમ તું હમણાં જણાતી નથી ?

**ગંગા :** મારે પણ સાસરેથી આણું આવવાનું છે, માટે તૈયારી કરવામાં રોકાઈ રહું

છું. તેથી તારી પાસે અવાતું નથી. (જમનાની જોડે બેસે છે અને ભરત ભરે છે.)

**દેવબાઈ :** ગંગા, તમે બંને જણીઓ અહીં બેસજો, હું રસોડામાં જઈને રાંધવા માંડું, હમણાં જીવરામ ભટ્ટ આવશે.

**ગંગા :** સારું, બેઠાં છીએ. (દેવબાઈ જાય છે.)

**જમના :** ગંગા, તું શેનું ભરત ભરે છે ?

**ગંગા :** આ તો મારે સાસરે લઈ જવા સારુ શેતરંજની બાજી ભરું છું.

**જમના :** (ઊંડો નિસાસો મૂકીને) અરે પરમેશ્વર !

**ગંગા :** શા વાસ્તે નિસાસો મૂકે છે ?

**જમના :** એમ જ તો !

**ગંગા :** કહે તો ખરી ?

**જમના :** શું કહું, મારું કપાળ ?

**રંગલો :**

**દોહરો**

**અંતરનું દુઃખ અવરને, કહેતાં કહી ન શકાય;**
**મૂકે નિસાસા મુખ થકી, રોતાં રજની જાય. ૨૦**

**ગંગા :** મારા સમ, કહે તો ખરી. શું કાંઈ તારે સાસરામાં દુઃખ છે ?

**જમના :** (ડૂસકાં ભરતી) બાઈ, મારું દુઃખ મારું મન જાણે છે. કોઈની આગળ કહેવામાં માલ નથી.

**ગંગા :** પોતાના અંતરનું હોય તેની આગળ તો કહીએ. કહ્યા વિના કોઈ શું જાણે ?

**જમના :** કહીને શું કરવું ? એનો કાંઈ ઉપાય નથી. પાણી પીને ઘર શું પૂછવું ?

**ગંગા :** તારે શું દુઃખ છે ? કહે તો હું જાણું તો ખરી.

**જમના :** બાઈ, બાપે ઊંચું કુળ જોઈને નાતજાતમાં આબરૂ મેળવવાનો પોતાનો સ્વાર્થ તાક્યો છે; મારાં સુખ-દુઃખ ઉપર કશો વિચાર જ કર્યો નથી.

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**કન્યાવિક્રય જે કરે ધન લઈ, ધિક્કાર તેને ધરો,**
**કીર્તિના કદિ લોભથી કુળ જુએ, તે પાપી પૂરો ખરો;**
**કીર્તિ દ્રવ્ય તણો કશો જગતમાં, જે સ્વાર્થ સાધે નહીં,**
**કન્યાના સુખનો વિચાર કરશે, તે પુણ્યશાળી સહી. ૨૧**

**દોહરો**

**સદ્વિદ્યા, સદ્ગુણ, સધન, સદાચરણ, સુવિચાર;**
**ઉત્તમ કુળ તો એ જ છે, જે ઘર સુખી નરનાર. ૨૨**

**કુસંપ ને કંજૂસપણું, માનનિને નહિ માન;**
**એ જ અધમથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન. ૨૩**

ગંગા : શું તારો ધણી નમાલો છે ?

**જમના :** ના, ના, એમ તો કાંઈ નહિ, પણ દહાડો આથમ્યો કે આંખે ધબ, કશું દેખે નહિ. દહાડે તો આપણે મલાજામાં રહેવું પડે અને રાતે તો કશું દેખે જ નહિ. આપણે ગમે તેવાં ઘરેણાં કે ભરત ભરેલાં લૂગડાં પહેર્યાં હોય, પણ તે શું બાળવાનાં ?

ગંગા : હોય, નસીબની વાત, એમાં શું ? જેમતેમ મન વાળવું. શું કુંભારના ઘરનું હાંલ્લું છે કે બદલી લવાશે.

**રંગલો :**

**ઉપજાતિ વૃત્ત**

**ન શોભતે પામરિ પામરાણાં, મણિર્યથા મર્કટકંઠલગ્નઃ ।**
**અંધઃપતિ પ્રાપ્ત વિલાસિનીનાં કટાક્ષબાણા વિફલા ભવંતિ ॥**

**અર્થ**—જેમ ભિખારીને પામરી શોભે નહિ, માંકડાની કોટે મણિ શોભે નહિ, તેમ આંધળો ધણી પામેલી સુંદરીના નેણના ચાળા નિષ્ફળ જાય, માટે શોભે નહિ.

**જમના :** અરે, રાતે દેખતો નથી, એની તો મને ઝાઝી બળતરા નથી; પણ ખોટી પતરાજી રાખે છે તે જોઈને મને ઘણી બળતરા થાય છે.

**રંગલો :**

**દોહરો**

**મિથ્યા અભિમાની મનુષ, ઠાલી કરે ઠગાઈ;**
**તેથી તેની થાય છે, ભૂંગળ વિના ભવાઈ. ૨૫**

ગંગા : ખોટી પતરાજી શી રીતે રાખે છે ?

**જમના :** દહાડા છતાં વાળુ કરીને બારણાં બંધ કરીને ઘરમાં પેસી જાય છે. કોઈ આવે તો તે કહેવરાવે છે કે હું તો રાતે અનુષ્ઠાન કરું છું, માટે કોઈને મળતો નથી.

ગંગા : એમ કરીને પોતાની ખોડ છાની રાખે છે ?

**જમના :** છાની તો ધૂળ રહેતી નથી. જેમ છાની રાખવાની તદબીર કરે છે, તેમ તેમ લોકોને હસવાનું થાય છે અને તે વધારે ચરચાય છે.

**રંગલો :**

**પાદાકુળ છંદ**

જેમાં ગુણ કે અવગુણ એકે, છાનું કદી રહે નહિ છેકે;
છોને છળથી છાનું રાખે, દુનિયાં દેખે તેવું દાખે. ૨૬

ગંગા : હશે, તેમાં તારે શું ?

**જમના :** તે ખોટી પતરાજી કરે છે, તેથી લોકો મારા આગળ કહીને મને દાઝે બાળે છે.

**ગંગા :** તેને મોઢે કોઈ કહેતું નથી ?

**જમના :** ઘણાએ કહે છે અને 'રતાંધળો' કહીને નાનાં છોકરાં પણ ખીજવે છે. પછી ઈંટો લઈને છોકરાંને મારવા દોડે છે.

**ગંગા :** ત્યારે તું શિખામણ દઈએ નહિ કે જેમ જેમ ખિજાશો તેમ તેમ લોકો વધારે ખીજવશે.

**જમના :** અરે બાઈ, મારી શિખામણ તે માને !

**રંગલો :**

ઉપજાતિ વૃત્ત

**કહી સુણાવો શુભ કે'ણ કાને, મિથ્યાભિમાની મુરખો ન માને;**
**ખરું કહેતાં ઊલટો જ ખીજે, કુપાત્રને બોધ કદી ન કીજે. ૨૭**

**ગંગા :** એમ તો મારો ધણી સારો છે. આપણે કાંઈ સારી સલાહ આપીએ તો માને છે; અને જ્યારે મારા ઉપર બહુ ખુશી થયા, ત્યારે હરખથી એક સોનાનો હાર ઘડાવીને મારે વાસ્તે લાવ્યા.

**જમના :** મારા ધણી પાસે તો હું કશું માગું તો કહે છે કે ચૂલામાંની રાખ લે.

**ગંગા :** મારો ધણી તો મને કહે છે કે હું તને કોઈ કોઈ વખત થોડી થોડી રકમ આપું તે તું સાચવીને રાખજે; કેમકે ખરી વખતે કામમાં આવે. પછી ઘણીક વાર એક રૂપૈયો, બે રૂપૈયા આપીને કહેશે કે લે આ રાખ્ય. લે આ રાખ્ય.

**જમના :**

વસંતતિલકા વૃત્ત

લે રાખ્ય રાખ્ય તુજ વલ્લભ વાણી દાખે,
લે રાખ રાખ, મુજને ભરથાર ભાખે;
સોંપે તને હરખથી શુભ હાર સ્વામી,
હું તો હવે મુજ પતિથકી હાર્ય પામી. ૨૮

(એમ કહીને કપાળ કૂટે છે.)

(પડદો પડ્યો.)

ગાનાર ગાય છે : 'મેલ મિથ્યા અભિમાન' ઇત્યાદિ.

# અંક ત્રીજો

પાત્ર

૧. રઘનાથ ભટ્ટ ૨. સોમનાથ ૩. રંગલો ૪. જીવરામ ભટ્ટ

## પ્રવેશ પહેલો

**સ્થળ : ગામનું પાદર**

પડદો ઊઘડ્યો

(ત્યાં ત્રણ જણા ઊભા છે અને જીવરામ ભટ્ટ એક કોરાણે ખાડમાં સૂતેલો છે.)

**સોમનાથ :** બાપા, અજવાળી રાત કેવી સારી શોભે છે ! અને આ ગામનું પાદર પણ કેવું રળિયામણું દેખાય છે !

**રઘનાથ :** અજવાળી રાતે રોજ અહીં આવતા હઈએ તો સારું.

**સોમનાથ :** જીવરામ ભટ્ટને ગામથી આવવાનો રસ્તો તો આ છે; પણ જીવરામ ભટ્ટ તો ક્યાંઈ જણાતા નથી.

**રઘનાથ :** જો આટલામાં ક્યાંઈ હશે.

**સોમનાથ :** અરે, આટલામાં તો ક્યાંઈએ નથી. એ તો રતાંધળો ક્યાંઈ ચઢી ગયો હશે.

**રઘનાથ :** એકબે ઘાંટા કાઢીને બોલાવ જોઈએ. આટલામાં હશે તો બોલશે.

**સોમનાથ :** એ !!! જીવરામ ભટ્ટ, જીવરામ ભટ્ટ - બાપા, અહીં તો કોઈ બોલતું નથી.

**રંગલો :** ઘાંટો ક્યાં કાઢી શકે છે ? એમ બોલાવાય કે આમ બોલાવાય ? હે !!! જીવરામ ભટ્ટ, જીવરામ ભટ્ટ હે ઉ !! એમ બોલાવાય.

**રઘનાથ :** રસ્તાની આજુબાજુએ જો, ક્યાંઈ ઊંઘી ગયો હશે.

**સોમનાથ :** ખાડને કાંઠે કાંઈક લૂગડા જેવું જણાય છે. વળી, સુવાવડીના ગાભા જેવું કાંઈક છે.

**રઘનાથ :** જા, જઈને જો. રતાંધળો છે, માટે ખાડમાં પડી ગયો ન હોય.

**જીવરામ :** (સૂતો સૂતો બબડે છે.) જો રાંડનો, મારો સસરો થઈને મને રતાંધળો

કહે છે, તો પછી બીજા લોકો કહે જ તો !

**સોમનાથ :** બાપા, આ પાઘડી તો જીવરામ ભટ્ટની છે ખરી. આવું નવઘરું બીજા કેનું હોય ? અને ખાડામાં કોઈ માણસ સૂતું હોય એવું જણાય છે.

**રઘનાથ :** બૂમ પાડીને બોલાવી જો, તે હશે તો બોલશે.

**સોમનાથ :** (ઘાંટો કહાડીને) જીવરામ ભટ્ટ, જીવરામ ભટ્ટ ! બાપા, આ તો કોઈ બોલતું નથી.

**માલિની વૃત્ત**

**અણસમજુ જનોના સંશયો સદ્ય છૂટે,**
**પણ સમજુ જનોના સંશયો તો ન ખૂટે;**
**સરલ-મન જનોની ભાંગતાં ઊંઘ ભાગે,**
**કુટિલ જન કદાપિ જાગતા તે ન જાગે. ૨૯**

**રઘનાથ :** ઊંઘી ગયો હશે, તું જઈને જગાડ.

**રંગલો :** ટાંટિયા ઝાલીને ખેંચ, એટલે જાગશે.

**સોમનાથ :** બાપા, કદાપિ ભૂત હોય તો મને બીક લાગે.

**રંગલો :** મારને એક પથરો.

**સોમનાથ :** બાપા, કહો તો એક પથરો મારું એટલે જાગશે.

**રઘનાથ :** વળી તેનું માથું ફૂટે તો પાટો આપણે બાંધવો પડે.

**દોહરો**

**કદી તેને હળિયે નહિ, જો રીસ બહુ ચડી જાય;**
**મારીને રોવું પડે, પસ્તાવો પછી થાય. ૩૦**

માટે આ ખાડને કાંઠે હું ઊભો છું અને તું ખાડમાં જઈને એને જગાડ, એટલે તને બીક નહિ લાગે.

**રંગલો :** તને નહિ આવડે. જો હું જગાડું. (તેનો ટાંટિયો ઝાલીને ખૂબ ઘસડે છે અને બોલે છે કે) ઓ જીવરામ ભટ્ટ, ઓ જીવરામ ભટ્ટ !!

**જીવરામ :** અરે કોણ છે ? કોણ છે ?

**સોમનાથ :** અલ્યા ! અલ્યા ! એમ શું કરે છે ? (મારવા જાય છે.)

**રંગલો :** જો જો ગણના ભાઈ દોષ. જાગતો ન હતો તેને મેં જગાડી આપ્યો, ત્યારે ઊલટો મને મારવા આવે છે. તારો વાંક નથી ભાઈ. આ વખત જ એવો છે કે જેનું ભલું કરીએ, તે બૂરું માને.

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

વાણી નમ્રપણે ઘણે જ વદીએ, તો તુચ્છ તે તો ગણે,
શાંતિ રાખી કુવાક્ય ખૂબ ખમીએ, તો લાત હાથે હણે;

કેવો છે વિપરીત કાળ કળિનો ? શું હું વખાણું વધુ ?
સારું કોઈ તણું કદાપિ કરીએ, બૂરું ગણે તે બધું. ૩૧

**સોમનાથ :** ઊઠો ઊઠો, અહીં ખાડામાં કેમ સૂઈ રહ્યા છો ?

**જીવરામ :** સાસરિયામાં જવું, તે કોઈ તેડવા બોલાવવા આવે અને માનપાન દેખીએ તો જઈએ, નહિ તો ગામને પાદરે સૂઈ રહીએ.

**સોમનાથ :** ચાલો ! હવે અમે બે જણા તેડવા આવ્યા છીએ. પેલો ગોવાળ કહેતો હતો કે પાડીનું પૂંછડું પકડીને જીવરામ ભટ્ટ આવે છે.

**જીવરામ :** અમારે તમારે ઘેર આવવું નથી. જો આવવું હોય તો તે પાડી સાથે આવીએ નહિ ?

**સોમનાથ :** શા વાસ્તે અમારે ઘેર આવવું નથી ? તમને કોઈએ કાળુંગોરું કહ્યું છે ?

**જીવરામ :** તમારી માએ એક દહાડો મને રતાંધળો કહ્યો હતો; માટે તમારે ઘેર અમારે આવવું નથી. એટલા સારુ અહીં સૂતા છીએ.

**સોમનાથ :** વારુ, અમારે ઘેર ન આવવું હોય તો ગામમાં આવીને કોઈને ઘેર રાત રહેવું હતું.

**જીવરામ :** અમે સમ ખાધા છે કે અમારે તમારા ગામનું પાણી પીવું નહિ, આ તો તેડવા આવ્યા વિના છૂટકો નહિ, માટે આવ્યા છીએ. તે અહીં ગામને પાદર રાત રહીને સવારે તમારે ઘેર આવીને અમારા માણસને લઈને ચાલ્યા જઈશું.

**સોમનાથ :** તો ગામને પાદર ક્યાંઈ સારી જગા જોઈને સૂવું હતું; પણ આ ખરાબ ખાડામાં આવીને કેમ સૂતા છો ?

**રંગલો :** ખાડામાં લોકો દિશાએ જાય છે, એવી સારી જગા બીજે ક્યાં મળે ?

**જીવરામ :** બીજે ક્યાંઈ સૂતા હઈએ અને વળી કોઈ દેખે તો તાણ કરીને તેને ઘેર તેડી જાય; માટે આ ખાડામાં કોઈ દેખે નહિ એમ સૂતા છીએ.

**રઘનાથ :** ચાલો, ચાલો. હવે તમને કોઈ રતાંધળા કહેશે નહિ.

**જીવરામ :** અમારે તો તમારે ઘેર આવવું નથી. તમે બોલો તો તમને તમારી જનોઈના સમ.

**રંગલો :** આ બ્રાહ્મણની કોટમાં જનોઈ ન હોત તો બિચારો શેના સમ ખાત ?

**સોમનાથ :** ઊઠો ઊઠો, બોલો તો તમને બ્રાહ્મણોના સમ.

**જીવરામ :** અમને આ ગામમાં રહેતા હોય એટલા બધા બ્રાહ્મણોના સમ, જો અમે તમારે ઘેર કદી આવીએ તો અને તમે દીકરાના સમ ખાશો નહિ.

**રંગલો :** એવો કોણ ગાંડો હોય કે છતે બ્રાહ્મણે દીકરાના સમ ખાય ?

**રઘનાથ :** (હાથ ઝાલીને) ઊઠો ઊઠો ! મારા સમ.

**જીવરામ :** તમારા સમ અમે આવીએ તો; અમારે તમારા ઘરનું પાણી અગ્રાહ્ય[x] છે.

**રઘનાથ :** પણ તમારી સાસુએ તમને ક્યારે રતાંધળા કહ્યા ?

x અગ્રાહ્ય = ન લેવા જોગ.

**જીવરામ :** તમારી પાડોશણની આગળ એક દહાડો છાનાંમાનાં કહેતાં હતાં, તે અમે કાન ધરીને સાંભળ્યું હતું. રતાંધળા હઈએ ને કહે તો દુઃખ લાગે નહિ; પણ અમે કાંઈ રતાંધળા નથી.

**રંગલો :** અરે ! મેં પણ એક દહાડો સાંભળ્યું હતું.

**રઘનાથ :** તમે જેવા છો, તેવા બધું જગત જાણે છે. કાંઈ છાનું રહે નહિ. તમને રતાંધળા કહે, તે જખ મારે છે. ચાલો, હું તમારી સાસુને ઠપકો દઈશ. હવે પછી તમને કોઈ દહાડો એવું કહેશે નહિ.

**જીવરામ :** આ ભવમાં તો હવે તમારે ઘેર અમારે પાણીયે પીવું નથી; કેમકે અમે આકરા સમ ખાધા છે.

**રઘનાથ :** એમ તે થાય ! કાંઈ આપણે એકબીજાથી છૂટવાના નથી; સાંકડી સગાઈ ઠરી. કણકમાં પાણી ભળ્યું તે ભળ્યું. તે કરતાં ચાલો, તમને પાંચ રૂપિયાની પાઘડી બંધાવીશું.

**સોમનાથ :** તમને પગે લાગીને કહું છું કે ઘેર ચાલો.

**જીવરામ :** ઘેર આવ્યાનું તો તમારે અમને કહેવું જ નહિ.

**સોમનાથ :** આ મારી પાઘડી તમારે ખોળે છે. હું પાઘડી ઉતારીને તમને પગે લાગું છું. તમે અમારા પૂજનિક છો.

**જીવરામ :** નહિ નહિ, પાઘડી ઉતારશો નહિ. આ આભ ને જમીન એક થાય તો પણ અમારે તમારે ઘેર આવવું નથી.

**રંગલો :** અત્યારે તો આભ ને જમીન એક જ છે તો. જુદાં કોણ દેખે છે ?

**રઘનાથ :** આ જનોઈ કાઢીને તમારી આગળ મૂકું છું. તમે પહેરાવો તો પહેરીશ, નહિ તો અહીંથી પરભાર્યો સંન્યાસીના મઠમાં જઈને સંન્યાસી થઈ જઈશ. પણ હું તમને તેડ્યા વિના ઘેર જનાર નથી.

**સોમનાથ :** હવે તો પૃથ્વીનો છેડો આવી રહ્યો. જીવરામ ભટ્ટ, હવે તો માનવું જોઈએ.

**જીવરામ :** ફક્ત પાંચ રૂપૈયાની પાઘડી સારુ અમે મનાઈએ કે ?

**રંગલો :** પાંચ રૂપૈયા સારુ બ્રાહ્મણના સમ ભાગે કે ? વધારે આપે તો અત્યારે ભાગે.

**સોમનાથ :** અરે ! બે રૂપૈયા વધારે આપીશું, ચાલો તો ખરા.

**જીવરામ :** વીશ રૂપૈયામાં એક બદામ ઓછી લેવાનો નથી.

**રંગલો :** જાઓ, જાઓ, એક બાંડું ગધાડું દોરીને આપશે.

**રઘનાથ :** વીશ રૂપૈયાની અમારી ત્રેવડ નથી. (કાનમાં) પણ સોમનાથને કહે એકાંતે આવ. આપણે વિચાર કરીએ. (એકાંતે જઈને) પાઘડીનું તો એને બહાનું છે, પણ રાત વેળાએ તે દેખતો નથી, માટે તું એનાં લૂગડાં એકઠાં કરી આપ. પાઘડી, લાકડી ક્યાં પડી હશે તે દેખતો નથી, માટે તેની પાઘડી લઈને તું એને માથે મૂક અને પછી હાથ ઝાલીને ઊભો કર એટલે મોઢે તો ના ના કહેશે, પણ આવશે ખરો.

**સોમનાથ :** ઠીક છે, એમ કરીશ. (પાસે જાય છે.)

**રઘનાથ :** સોમનાથ, તું જીવરામ ભટ્ટના લૂગડાં, દોરી, તુંબડી બધું તપાસી લે.

**સોમનાથ :** તપાસી લીધાં. જીવરામ ભટ્ટ, ચાલો ચાલો, જેમ તમે રાજી થશો તેમ કરીશું. લો, આ તમારી પાઘડી પહેરો.

**જીવરામ :** (પાઘડી ફેંકી દે છે.) ના, ના, અમારે આવવું નથી.

**સોમનાથ :** (ફરી ફરીને પાઘડી પહેરાવે છે.) બોલો તો મારા સમ, બ્રાહ્મણના સમ, બ્રહ્મહત્યા, ગૌહત્યા.

**જીવરામ :** (સોમનાથનો હાથ ઝાલીને ઠેબાં ખાતો ખાતો ચાલે છે.)

**રંગલો :** વાહ ! વાહ ! છેલબટુકની ચાલ જોજો. આ ગામની બાઈડીઓ જોશે તો મોહિત થઈ જશે.

(જીવરામ ભટ્ટને ખભેથી ધોતિયું પડી જાય છે ને સોમનાથનો હાથ તેના હાથમાંથી છૂટી જાય છે. સોમનાથ આગળ જઈને ઊભો રહે છે. જીવરામ ભટ્ટ હેઠો બેસીને ફાંફાં મારે છે, પણ ધોતિયું જડતું નથી એટલે ત્યાં હેઠે બેસે છે.)

**સોમનાથ :** વળી કેમ હેઠા બેઠા ? ચાલો ને.

**જીવરામ :** તમારે ઘેર આવતાં અમારું માન વધતું નથી. અમે તો આજની રાત અહીં જ બેસી રહીશું. કહ્યું છે કે, -

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**જેના નેત્ર વિશે સનેહ ન મળે, હૈડું ન હર્ખે મળી;**
**મોઢે મિષ્ટ વદી વખાણ કરીને, પૂંઠે વખોડે વળી;**
**દુ:ખે દાઝ દીસે નહિ જ દિલમાં, દેખી બડાઈ બળે,**
**તેને ઘેર જવું જરૂર ન ઘટે, જો મિષ્ટ મેવા મળે.** ૩૨

**સોમનાથ :** ચાલો ચાલો, તમારું ધોતિયું ભોંયથી લ્યો.

**જીવરામ :** રસ્તા વચ્ચે અપવિત્ર જગામાં પડ્યું, માટે અમે તે લેતા નથી. (એમ કહીને બીજી તરફ હાથે અનાદર કરે છે.)

**રંગલો :** હવે તે ધોતિયું કામમાં આવશે નહિ.

**ઉપજાતિ વૃત્ત**

**અશક્યતાથી નહિ હાથ આવે, તો દોષ તેમાં ઠગ તે ઠરાવે;**
**થાકે કદી જો કરી કૂદકારો, કહે, નથી તે ફળ સ્વાદ સારો.** ૩૩

**રઘનાથ :** (ધોતિયું લઈને જીવરામ ભટ્ટને ખભે મૂકે છે.) લો, લો. આ તમારું ધોતિયું.

**જીવરામ :** (વારે વારે ફેંકી દે છે) નહિ, નહિ ! હવે એ ધોતિયું અમે કદી પહેરવાના નહિ.

**સોમનાથ :** લાવો બાપા મારે ખભે નાખું. (લે છે) જીવરામ ભટ્ટ, ચાલો. (હાથ ઝાલે છે.)

**જીવરામ :** તમારી મા અહીં સામાં તેડવા આવશે, તો જ અમે તમારે ઘેર આવીશું.

**રંગલો :** ખરી વાત છે કે :

**ઉપજાતિ વૃત્ત**

**નહીં સ્વપત્ની પ્રિય સાસરામાં કે સર્વ જેને ન ગણે કશામાં;**
**સાસુથી સન્માન નહીં થવાનું, ધિક્કાર ! તે સાસરિયે જવાનું. ૩૪**

**રઘનાથ :** રાતવેળાની એ તો અહીં ક્યાં આવે ? (હાથ ઝાલીને) ચાલો ચાલો.

**જીવરામ :** (ચાલે છે.)

**સોમનાથ :** જીવરામ ભટ્ટ, હમણાં તમે તમારે ઘેર શો ધંધો કરો છો ?

**રંગલો :** ગધાડાં ચરાવવાનો.

**જીવરામ :** હાલ અમે લખણું લખીએ છીએ. તે દહાડાના બસો શ્લોક અને રાતના ત્રણસેં શ્લોક લખી કહાઢીએ છીએ. અમારા જેવા અક્ષર આખા શહેરમાં બીજા કોઈના નથી. પાંચ રૂપિયાના એક હજાર શ્લોક લખીએ છીએ.

**રંગલો :** રતાંધળો !!! (કહીને નાસી જાય છે.)

**જીવરામ :** (છાતી કૂટે છે) હાય ! હાય ! (હેઠો બેસે છે.) જાઓ ! હું તો તમારે ઘેર નહિ આવું.

**રંગલો :**

**દોહરો**

**માનીને અપમાનથી, ચડે કારમો કાળ;**
**જો નવ ચાલે જોર તો, કૂટે આપ કપાળ. ૩૫**

**રઘનાથ :** ગામના લોકો કહે તેમાં અમે શું કરીએ ? અમારાથી કાંઈ ગામના મોઢે ગળણું બંધાય ? લોકો તો દેખે તેવું કહે. અમારા ઘરનાએ કોઈએ કહ્યું હોય, તો અમારો વાંક.

**સોમનાથ :** ચાલો માબાપ, ચાલો. અમે તો તમારી ખુશામત કરીને થાક્યા હવે.

**જીવરામ :** તમારા ગામના દરબારને કહીને એવો બંદોબસ્ત કરાવો કે ગામમાં અમને કોઈ રતાંધળા કહે નહિ, તો જ અમે તમારે ઘેર આવીશું, નહિ તો નહિ આવીએ.

**રઘનાથ :** સોમનાથ, તું જઈને ઠાકોરને+ કહે કે ગામમાં બંદોબસ્ત કરે કે જીવરામ ભટ્ટને આપણા ગામમાં કોઈ રતાંધળો કહે નહિ.

**સોમનાથ :** હું જાઉં છું. (જાય છે.)

**રંગલો :** આવો દરિદ્રી, ભિખારી ને મિજાજી છે, તેની આટલી બધી ખુશામત શી કરવી ? અમે પણ અમારે સાસરે તો જઈએ છીએ, ત્યાં આટલી બધી અમારી ખુશામત કોઈ કરતું નથી.

---

+ જે ગામમાં આ નાટક થતું હોય, ત્યાંના ઠાકોરનું કે દીવાનનું નામ લેવું.

**રઘનાથ :** તું શું સમજે ! તે આવા દરિદ્રી મિજાજી છે; પણ કુળવાન છે. માટે કાલ અમારી દીકરી ઉપર સોક્ય લાવે, એટલા સારુ આટલી ખુશામત કરવી પડે છે. નહિ તો તેનું મોઢુંએ જોઈએ નહિ, એટલી મનમાં તો રીસ ચડે છે. દીકરીને ખાવા ધાન અને પહેરવા લૂગડું એના ઘરનું મળતું નથી, માથે ઘાલવા ધૂપેલ સુધ્ધાં અમારે પૂરું કરવું પડે છે. દીકરીના દુઃખનો પાર નથી.

**રંગલો :** ત્યારે એવાને દીકરી દેવાથી શો ફાયદો ?

**રઘનાથ :** નાતજાતમાં આબરૂ મેળવવા ગયા, ભોગ લાગ્યા ભાઈ. જયારે માથે વીતે ત્યારે માણસની આંખો ઊઘડે. હવે ગમે તે થાય તોપણ કદી એવા કુળમાં દીકરી દઈએ નહિ. એવી આબરૂમાં ભડકો ઊઠ્યો !!

**સોમનાથ :** (આવીને) બાપા, હું દરબારને કહી આવ્યો. તે હાલ બંદોબસ્ત કરશે.

**રઘનાથ :** જીવરામ ભટ્ટ, ચાલો. હવે તમને કોઈ કહી શકનાર નથી.

**જીવરામ :** તમારા ગામનું કોઈ કહે, તો હવે તમે જમાન ખરા ?

**રઘનાથ :** અમે તો લોકોને શું કરી શકીએ ? પણ અમારો ઠાકોર બંદોબસ્ત કરશે એટલે પછી તમને કોઈ કહી શકનાર છે ? (એવામાં થાળી પિટાય છે.)

**રંગલો :** એ ! રઘનાથ ભટ્ટનો જમાઈ, જીવરામ ભટ્ટ આપણા ગામમાં આવે છે, તેને કોઈ રતાંધળો કહેશો નહિ, જે કહેશે તે દરબારનો ગુન્હેગાર છે. સાદ સાંભળજો !!!

**જીવરામ :** આ શેનો સાદ છે ?

**સોમનાથ :** તમને કોઈ રતાંધળો કહે નહિ, એવો દરબારની તરફથી સાદ પડે છે. હવે કોઈ કહે તો અમારો ઠાકોર તેનાં નાક ને કાન કાપે અને ગામમાં નહિ જાણતા હોય તે પણ જાણશે કે રતાંધળા કહેવાથી જીવરામ ભટ્ટ ચીડે છે. માટે હવે કોઈ કહેશે નહિ.

**રંગલો :**

**દોહરો**

**ખીજી ખામી ઢાંકતાં, લાખો જાણે લોક;**
**અભિમાની અભિમાનથી, ફજેત થાયે ફોક. ૩૬**

(પડદો પડ્યો)

ગાનાર ગાય છે 'મેલ મિથ્યા અભિમાન' ઇત્યાદિ.

# અંક ચોથો

**પાત્ર**

**૧. જીવરામ ભટ્ટ ૨. રઘનાથ ભટ્ટ ૩. સોમનાથ ૪. દેવબાઈ**
**૫. રંગલો ૬ ગંગાબાઈ, પાડી અને પાથરેલી શેતરંજી**

## પ્રવેશ પહેલો

**સ્થળ : રઘનાથ ભટ્ટનું ઘર**

(પડદો ઊઘડ્યો ત્યાં ઉપર લખેલાં પાત્રો છે, ગંગા સિવાય)

**સોમનાથ :** જીવરામ ભટ્ટ, આ શેતરંજી ઉપર તમારું આસન રાખો અને આ તમારાં લૂગડાં સંભાળીને મૂકો. (તે મૂકે છે.)

**દેવબાઈ :** જીવરામ ભટ્ટ, તમે અત્યારે રાતવેળાના ક્યાંથી આવ્યા ?

**જીવરામ :** દહાડે તડકો બહુ પડે છે, માટે પાછલે પહોર ઘેરથી નીકળ્યા હતા. અમે જાણ્યું કે અજવાળી દૂધ, ધોળા દહાડા જેવી રાત છે, માટે ચંદ્રમાને અજવાળે ચાલ્યા જઈશું.

**રંગલો :** જુઓ, હજી પોતાનું અભિમાન મૂકતો નથી.

**દેવબાઈ :** તાપ કેવો પડે છે ?

**જીવરામ :** (ગ્રીષ્મવર્ણન)

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

**તાતા તાપથકી તમામ તરુથી, પક્ષી બિચારાં પડે,**
**વૃંદો વાંદરનાં વિશેષ વિખરી, જ્યાં ત્યાં પછી જૈ ચડે;**
**અંબુx ઉષ્ણ નદી તળાવ તટમાં, મચ્છો તર્ષ્યાં તફડે,**
**ભારે ભીષણ ગ્રીષ્મકાળ કહીએ, નાના પ્રકારે નડે. ૩૭**

**દેવબાઈ :** ગોવાળ તો કહેતો હતો કે એક ઘડી રાત જતાં પાડીનું પૂછડું પકડીને તમારો જમાઈ ગામના પાદરમાં આવતા હતા અને આટલી બધી રાત સુધી તમે ક્યાં રોકાયા ?

**જીવરામ :** તમારા ગામને પાદર મોટું તળાવ છે, તેમાં અત્યારે સુંદર પોયણીઓ

---

x પાણી

ખીલી છે, તેની શોભા જોવા સારુ ઘણીવાર સુધી તો અમારું મન ત્યાં જ વળગી રહ્યું હતું. જાણે કે રાત્રીરૂપી સ્ત્રીનું મુખ જોવાનું દર્પણ હોય એવું સરોવર શોભતું હતું. તે વિષે અમે એક શ્લોક કહ્યો.

**દેવબાઈ :** શી રીતે કહ્યો ?

**જીવરામ :** (શીખી રાખેલો)

વસંતતિલકા વૃત્ત

ચંદ્રપ્રભાવ મુખ શર્વરી* બાલિકાનો,
તારાતણો સમૂહ મૌક્તિક× માલિકાનો;
આ લોક મધ્ય અતિલાયક લેખવાનું,
શોભિત શ્રેષ્ઠ સર+ દર્પણ રાખવાનું. ૩૮

**રંગલો :** આંખો મીંચીને તે શ્લોક કહ્યો હશે !

**જીવરામ :** તે પછી તો પહોર રાત ગઈ એટલે જાણ્યું કે હવે તો સૂઈ રહ્યાં હશે, માટે આપણે પણ અહીં ગામને પાદર સૂઈ રહેવું. સવારે ઊઠીને તમારે ઘેર આવવાનો વિચાર હતો.

**દેવબાઈ :** આગળ તમે અહીં આવ્યા હતા, ત્યારે તો કહેતા હતા કે હું સંધ્યાકાળથી અનુષ્ઠાન કરું છું, માટે દહાડો આથમે એટલે તરત એક ઓરડીમાં પેસતા હતા ને સવારે બહાર નીકળતા હતા. તે અનુષ્ઠાન પૂરું થયું કે શું ?

**રંગલો :** તે અનુષ્ઠાન ને જીવરામ ભટ્ટની આવરદા, બંને સાથે પૂરાં થશે.

ઉપજાતિ વૃત્ત

સ્વભાવની સાધિત સાધનાનું,
પૂરું અનુષ્ઠાન નથી થવાનું;
સમાપ્તિ તેની મરવા સમામાં,
પૂર્ણાહુતિ તો પછીથી ચિતામાં. ૩૯

**જીવરામ :** અનુષ્ઠાન તો હજી પૂરું થયું નથી; પણ આખા વર્ષમાં ફક્ત એક રાતે બહાર નીકળવાની અમે છૂટ રાખી છે.

**દેવબાઈ :** રોજ રાતે તમે શેનું અનુષ્ઠાન કરો છો ?

**રંગલો :** ઊંઘદેવીનું અનુષ્ઠાન કરે છે.

**જીવરામ :** અમે અજપા ગાયત્રીનું અનુષ્ઠાન કરીએ છૈએ.

**દેવબાઈ :** અજપા ગાયત્રી કેવી હશે ?

**જીવરામ :** બ્રહ્મા ગાયત્રી, વિષ્ણુ ગાયત્રી, રુદ્ર ગાયત્રી, ગણેશ ગાયત્રી ઇત્યાદિ ઘણા પ્રકારની ગાયત્રીઓ છે. તેમ જપ કર્યા વગર એની મેળે જપાય તે અજપા ગાયત્રી કહેવાય છે.

---

* રાત, × મોતી, + તળાવ.

**દેવબાઈ :** જપ કર્યા વગર શી રીતે જપાય ?

**જીવરામ :** આપણે જ્યારે શ્વાસ લઈએ છીએ અને પાછો મૂકીએ છીએ, ત્યારે તે શ્વાસના ધ્વનિનો આભાસ થાય છે તે.

**દેવબાઈ :** શ્વાસના ધ્વનિનો આભાસ કેવો હોતો હશે ?

**જીવરામ :** શ્વાસ લેતાં હં અને મૂકતાં **સઃ**, વળી લેતાં **સો** અને મૂકતાં હં ધ્વનિ થાય છે તેથી "**હંસઃ સોહં**" એવો મંત્ર નિરંતર એની મેળે જપાયા કરે છે. તે દરેક પળમાં ૬ વાર ને એક ઘડીમાં ૩૬૦ વાર અને એક દહાડો ને રાત મળીને એકવીસ હજાર ને છસેં શ્વાસોચ્છ્વાસ લેવાય છે તેનું નામ અજપા ગાયત્રી કહેવાય છે; ને તે રાત આખી મળીને ૧૦૮૦૦ એટલે સો માળા જપાય છે. આ ઉપરથી માળાના મણકા ૧૦૮ કર્યા હશે. માટે સવારમાં નહાયા પછી હાથમાં જળ લઈને સંકલ્પ કરવો કે આજ હું દશ હજારને આઠસેં અજપા ગાયત્રી જપું તે બ્રહ્માર્પણમસ્તુ, તો પછી બીજી ગાયત્રીનો કે કોઈ મંત્રનો જપ કરવાની જરૂર નથી.

**રંગલો :** થયું સંધ્યામાળાનું માંડી વાળ્યું.

**દેવબાઈ :** કેવું આસન વાળીને એ મંત્રનો જપ થતો હશે.

**જીવરામ :** આસન ચોરાશી પ્રકારનાં કહ્યાં છે. આમ કાચબાની પેઠે બેસીને જપ કરે તો **કૂર્માસન** કહેવાય. આમ મચ્છની પેઠે લાંબો પડીને જપ કરે તે **મત્સ્યાસન**, આમ પારસનાથની પેઠે બેસે તે **પદ્માસન, એકપદાસન, ઊર્ધ્વભુજાસન, હંસાસન, વૃષભાસન, ગરુડાસન** વગેરે. (કેટલાંએક આસન ભોંય વાળી દેખાડે છે.)

**દેવબાઈ :** ત્યારે તમે રાતે કયું આસન વાળીને અજપા ગાયત્રી જપો છો ?

**જીવરામ :** અમે રાતે આમ શબાસન કરીને ચારે પહોર અજપા ગાયત્રી જપીએ છૈએ. (મડદાની પેઠે સૂઈ દેખાડે છે.)

**રંગલો :** આ તો માણસની બળતી ચહેમાં વાળવું પડે છે તે આસન થયું.

**જીવરામ :** (ઊઠીને) **શાસ્ત્રમાં** તો રાતના ચારે પહોરનાં જુદાં જુદાં ચાર આસન કહેલાં છે.

**દેવબાઈ :** તે કેવાં હશે ?

**જીવરામ :**

**શ્લોક**

**સર્વાંગાચ્છાદન પૂર્વ, સૈકવસ્ત્રાસનં તતઃ ।**

**દિગંબરાસનં પશ્ચાચ્છવાનકુંડલિકાસનમ્ ॥ ૪૦**

**અર્થ**—રાતના પહેલા પહોરમાં આવી રીતે આખા શરીર ઉપર ઓઢીને લાંબા થઈને પડવું તે 'સર્વાંગાચ્છાદનાસન' કહેવાય. પછી બીજે પહોરે ઓઢેલી ચાદર ખસી જાય અને પહેરેલું જ એક પોતિયું રહે તે 'સૈકવસ્ત્રાસન' કહેવાય. ત્રીજે પહોરે

તે એક લૂગડું પણ ખસી જાય તે 'દિગંબરાસન' કહેવાય.

**રંગલો** : દિગંબરાસન કરી દેખાડો ને.

**જીવરામ** : દિગંબરાસન જોવું હોય તો જઈને કાશીના પરમહંસોને જો.

**દેવબાઈ** : પછી ચોથે પહોરે કેવું આસન વાળો છો ?

**જીવરામ** : પાછલે પહોરે ટાઢ પડે તે વખતે આવી રીતે 'શ્વાનકુંડલિકાસન' વાળવું જ જોઈએ. એવાં આસન વાળે તો અજપા ગાયત્રીની સિદ્ધિ થાય છે.

**દેવબાઈ** : ત્યારે અનુષ્ઠાનની વખતે ધૂપ, દીવા કરવા જોઈએ તે ?

**જીવરામ** : માનસિક ધૂપ, દીવા કરીએ છૈએ.

**દેવબાઈ** : માનસિક કેવી રીતે ?

**જીવરામ** : મનમાં ધારીએ કે દેવજી સરૈયાની દુકાનમાં આગ લાગી અને અગરબત્તીની કોઠી સળગી ઊઠી; એટલે દેવને ધૂપ સારી પેઠે થયો. મ્યુનિસિપલ ખાતાવાળાએ દીવા કર્યા એટલે દેવને 'દીપં સમર્પયામિ' એમ કહીને જલ મૂકીએ; એટલે થયું. દેવને કાંઈ જોઈતું નથી. દેવ તો ભાવના ભૂખ્યા છે.

**દેવબાઈ** : ત્યારે કાલે હું પણ મનમાં ધારીશ કે જીવરામ ભટ્ટને લાડવા, જલેબી, બરફી વગેરે ભાતભાતનાં ભોજન સમર્પયામિ, એમ કહીને જળ મૂકીશ એટલે થયું. પછી તમારે વાસ્તે મારે રસોઈ કરવી પડશે નહિ !

**જીવરામ** : માણસને તો એમ ન ચાલે અને દેવને તો ચાલે.

### ભોજન પ્રસંગ

**દેવબાઈ** : ઊઠો હવે નહાઈ લો. કંસાર, દાળ, ભાત તૈયાર છે અને રસોઈ ઠરી જાય છે.

**જીવરામ** : અમે સોમનાથ ભટ્ટને કહેલું કે અમારે તમારા ઘરનું અન્ન ખાવું નથી.

**સોમનાથ** : લો એ તો જાણ્યું જાણ્યું ! હવે છાનામાના નહાઈ લો, આ નહાવાનું પંચિયું.

**જીવરામ** : ના, અમારે નથી જમવું. (એમ કહેતો કહેતો પંચિયું પહેરીને ઊભો રહે છે.)

**સોમનાથ** : ચાલો ખાળે. (હાથ ઝાલીને ખાળે લઈ જઈ બેસાડીને) આ હાંલ્લામાં ઊનું પાણી છે તેથી નહાઓ. (આઘો જાય છે.)

**જીવરામ** : (બીજું હાંલ્લું પડખે હતું તે પોતાના ઉપર રેડે છે.)

**ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરી સરસ્વતી,**
**નર્મદે સિંધો કાવેરી, જલેઽસ્મિન્ સંનિધિં કુરુ. ૪૧**
**હર હર ગંગે, હર હર ગંગે, થુ ! થુ ! થુ !!!**

**સોમનાથ** : અરે ! હાય ! હાય ! આ શું કર્યું ?

**જીવરામ** : કેમ છે ? થુ ! થુ ! થુ !!!

**સોમનાથ :** અરે ! એ મેલા હાંલ્લામાં તો ભેંસનું મૂતર હતું. ઊના પાણીનું તો પેલું ઊજળું હાંલ્લું છે.

**જીવરામ :** તમને પારકા દુઃખની ખબર પડે નહિ એટલે હસો છો.

**સોમનાથ :** કેમ વારુ ?

**જીવરામ :** અમે જાણ્યા વગર એમ કર્યું નથી. થુ ! થુ !! થુ !!!

**રંગલો :** જીવરામ ભટ્ટ દેખતા નથી, એમ તમે જાણશો નહિ.

**જીવરામ :** અમારે શરીરે લૂખસ થઈ છે. માટે વૈદે કહ્યું છે કે પ્રથમ ભેંશના મૂતરે નહાઈને પછી ઊને પાણીએ નહાવું એટલે લૂખસ મટી જશે. તેથી અમે પ્રથમ ભેંશના મૂતરે નહાયા. હવે આ ઊને પાણીએ નહાઈશું.

**સોમનાથ :** ઠીક છે, નહાઓ.

**જીવરામ :** (નહાઈને ઊભા થઈને ફાંફાં મારે છે, અબોટિયું જડતું નથી, તેથી નાક ઝાલીને ઊભો રહે છે.)

**દેવબાઈ :** હવે ઝટ અબોટિયું પહેરો, વાળુ ઠરી જાય છે.

**રંગલો :** નાક સંભાળે છે, જે નાક છે કે ગયું ?

**જીવરામ :** તમે ગામડિયા લોકો શું સમજો ? અમે રોજ નહાઈને ત્રણ ઘડી સુધી પ્રાણાયામ કરીએ છૈએ. ત્યારે આજ એકબે ઘડી સુધી તો કરીએ.

**રઘનાથ :** (સોમનાથને) તે અબોટિયું દેખી શકતો નથી માટે ઢોંગ કરે છે. તું જઈને એના હાથમાં અબોટિયું ઝોંસ.

**સોમનાથ :** લો આ અબોટિયું પહેરો.

**જીવરામ :** (અબોટિયું પહેરીને ઊભો રહે છે.)

**દેવબાઈ :** વળી કેમ ઊભા થઈ રહ્યા ? ચાલો ઝટ, આવીને આ પાટલે બેસો.

**જીવરામ :** અમે અમારા વિચારમાં ઊભા છૈએ. કાંઈ અમસ્તા ઊભા નથી.

**દેવબાઈ :** વળી શો વિચાર થયો ?

**રંગલો :** વિચાર પેલા ભવના નસીબનો !

**જીવરામ :** શો તે શો ? અમારા સસરાને પૂછો ને.

**દેવબાઈ :** તમારા સસરાને શું પૂછું ? તમે જ કહો ને.

**જીવરામ :** અમને દશ રૂપૈયાની પાઘડી આપવાની કહી છે, તે આપો તો જમવા બેસીશું, નહિ તો અમારે જમવું નથી.

**દેવબાઈ :** અત્યારે પાઘડી ક્યાં લેવા જાય ? સવારે આપીશું.

**રંગલો :** ત્યારે તમારો સાલ્લો કે ઘાઘરો કહાડીને આપો.

**જીવરામ :** અમારે અત્યારે જોઈએ. પછી તમે સવારે કાંઈ આપો નહિ, માટે કાં તો કોઈને કબુલાવો.

**દેવબાઈ :** એટલી દશ રૂપૈયાની પણ અમારી સાહુકારી નથી કે ?

**જીવરામ :** એ તો બધા સંસારની રીત છે કે જેને નાણાવટીઓ હજારો રૂપૈયા ધીરતા

હોય, પણ જમાઈ પાંચ રૂપૈયા વાસ્તે જમાન માગે.

**ઉપજાતિ વૃત્ત**

**નામે લખીને ધન લાખ ધીરે,**
**અને ગણાતા ઉમદા અમીરે;**
**તે અલ્પ માટે જ લબાડ લાગે,**
**જરૂર જામાત્ર જમાન માગે. ૪૨**

**દોહરો**

**અવર કોઈ કદી એ રીતે, જો માગે જ જમાન;**
**તો તે તેને અંતરે, અતિ માને અપમાન. ૪૩**

**રઘનાથ :** (હળવે સ્ત્રીને) તે આંધળાને દોરી લાવીને બેસાડ.

**દેવબાઈ :** (હાથ ઝાલીને) ચાલો ચાલો, પાઘડી સવારે આપીશું.

**જીવરામ :** ના ના, ઉહું ! ઉહું ! અમારે નથી જમવું, નથી જમવું. (એમ કરતો આવે છે.)

**રંગલો :**

**દોહરો**

**કથને તો ના ના કહે, હૈયામાં હા હોય;**
**ધુતારાના ઢોંગ તે, કળી શકે સહુ કોય. ૪૪**

**દેવબાઈ :** આ પાટલા ઉપર બેસો, હું રસોડામાંથી કંસાર લઈ આવું. (એમ કહીને ઝટ જાય છે.)

**જીવરામ :** (બેસે છે, પણ મોઢું ભીંત સામું થયું ને થાળી પૂંઠે રહી.)

**રંગલો :** વાહ વાહ ! કહો છો ને કે જીવરામ ભટ્ટ દેખતા નથી ?

**દેવબાઈ :** (આવીને) અરે એમ અવળે મોઢે કેમ બેઠા ? આમ ફરીને બેસો. થાળી તો પછવાડે રહી.

**જીવરામ :** અમે કાંઈ વગર જાણે અવળે મોઢે બેઠા નથી; પણ અમારે જમવું નથી, માટે આમ બેઠા છીએ.

**દેવબાઈ :** હવે આ તરફ મોઢું ફેરવો.

**જીવરામ :** પાઘડી આપો તો મોઢું ફેરવીશું, નહિ તો અમારે જમવું નથી.

**દેવબાઈ :** (ઝાલીને ઊભો કરીને બેસાડે છે.) જુઓ આ કંસાર, એટલો કે વધારે જોશે ?

**જીવરામ :** (હાથ ફેરવીને) આટલો બસ છે.

**દેવબાઈ :** (ઘીની વાઢી લેવા જાય છે, ત્યાં પાડી આવીને થાળીમાંથી કંસાર ખાઈ જાય છે.)

**જીવરામ :** શું કરવા હલાવ હલાવ કરો છો ? એ તો હમણાં ઠરી જશે.

દેવબાઈ : (આવીને) અરે હાય ! હાય ! કંસાર તો પાડી ખાઈ જાય છે. તમે થાળીની ખબર કેમ રાખતા નથી ?

જીવરામ : છોને ખાઈ જતી. અમારે જમવું હોય તો ખબર રાખીએ ને ?

રંગલો : સસરાના ઘરનું છોકરું કે વાછડું આવીને થાળીમાંથી ખાવા માંડે તો તેને કાઢી મુકાય કે ?

દેવબાઈ : (પાડીને હાંકીને બીજો કંસાર પીરસે છે.) જુઓ, એટલો કે વધારે જોશે ?

જીવરામ : એટલો બસ છે.

દેવબાઈ : (રસોડામાંથી વાઢી લાવીને ઘી પીરસે છે.)

જીવરામ : વળી રાંડ કંસાર ખાવા આવી કે ? લે ખા, ખા. (જોરથી લાત મારે છે.)

દેવબાઈ : અરરર ! મૂઈ આ દીકરી, ને મૂઓ આ જમાઈ. મારો દાંત પડી ગયો. લોહી નીકળ્યું, થુ, થુ, થુ !

રંગલો : ઠીક કર્યું, ભલી લાબશી ખવરાવી. એ જ લાગની છે.

જીવરામ : ઘરડાં થયાં પણ હજી તમને પીરસતાં આવડતું નથી. આટલું બધું ઘી રેડાય ? આવી લાબશી તમે ખાઓ, અમને તો ભાવે નહિ.

રઘનાથ : લાત શા વાસ્તે મારી ?

જીવરામ : અમારો સ્વભાવ આકરો છે. આમ ઘીનો બગાડ કરે તો અમારાથી ખમાય નહિ. તેથી લાત મરાઈ ગઈ.

દેવબાઈ : લો આ દાળ, ભાત અને શાક, હવે જમવા બેસો.

જીવરામ : (ભાત, દાળ વગેરે એકઠાં કરીને ભોંય ઉપર ત્રણ બલિ દાન મૂકે છે.)

દેવબાઈ : તમે એ શું કર્યું ?

રંગલો : એના બાપની હોળી કરી.

જીવરામ : તમે જાણતાં નથી કે ?

દેવબાઈ : તમારો સસરો રોજ આમ કરે છે ખરા; પણ મેં કદી પૂછ્યું નથી કે આ શા વાસ્તે કરો છો ?

જીવરામ : એ તો બ્રાહ્મણના કુળનો ધર્મ છે કે એમ કરવું, કેમકે બ્રાહ્મણ જમવા બેસે છે, ત્યારે તેમનાં દર્શન કરવાને ભૂપતિ એટલે બ્રહ્મા, ભુવનપતિ એટલે વિષ્ણુ અને ભૂતપતિ એટલે મહેશ્વર એ ત્રણ દેવો આવે છે.

રંગલો : આવા મિથ્યાભિમાનીનાં દર્શન કરવા કેમ ના આવે ? દરબારે ઢંઢેરો પિટાવ્યો છે માટે સવારે ગામના બધા લોકો દર્શન કરવા આવશે.

જીવરામ : માટે તે દેવોને બલિ દાન આપીને જમવા માંડવું. નહિ તો તે ત્રણે દેવો નિરાશ થઈને શાપ દે છે.

રંગલો : ખરી વાત ! તમે બલિ દાન ન આપો તો તેઓ બિચારા ભૂખે મરે, માટે શાપ દે જ !!

દેવબાઈ : ત્યારે કદાપિ તમે તમારા ગામનો રાજા અને પ્રધાન કોઈને ઘેર મળવા

જાઓ તે વખતે તે જમવા બેસતો હોય ને તેના સામા જઈને બેસો; પછી તે ભાત, દાળ વગેરે થોડુંક એકઠું ગંદા જેવું કરીને જેમ કૂતરાને કે બિલાડી વાસ્તે ભોંય ઉપર ખાવા નાખે તેમ તમારા સામું નાખીને કહે કે - આ લો, જીવરામ ભટ્ટ તમે, આ લો રાજાજી તમે, આ લો દીવાનજી તમે તો તે બેઅદબી લાગશે કે નહિ ? અને તેથી તમને રીસ ચડશે નહિ ?

**જીવરામ :** માણસને રીસ ચડે, પણ દેવને ચડે નહિ. મોટાનાં પેટ મોટાં હોય. કહ્યું છે કે-

**ઉપજાતિ વૃત્ત**

**મોટા તણાં પેટ સદૈવ મોટાં, છોટાં તણાં પેટ સદૈવ છોટાં;**
**વર્ષાદને ગાળ જનો ભણે છે, તથાપિ તે ક્યાં કદિયે ગણે છે ? ૪૫**

(પછી કાંઈ બબડીને પાંચ કોળિયા મોંમાં મૂકે છે.)

**દેવબાઈ :** આ શું કર્યું ?

**જીવરામ :** એ તો પ્રાણાગ્નિહોમ.

**દેવબાઈ :** પ્રાણાગ્નિહોમ એટલે શું ?

**જીવરામ :** શાસ્ત્રમાં કહ્યું છે કે બ્રાહ્મણનો દીકરો રોજ અગ્નિહોમના કુંડમાં હોમ કર્યા વિના જમવા બેસે, તો તેને મહાપાપ લાગે છે, માટે તેને બદલે પ્રાણરૂપી અગ્નિમાં પ્રથમ પાંચ આહુતિઓ હોમીને જમે તો તેને અગ્નિહોત્ર કર્યા જેટલું પુણ્ય થાય છે.

**દેવબાઈ :** કોળિયા વાળીને મોંમાં મૂક્યા, તે હોમ કર્યો કહેવાય કે ?

**જીવરામ :** હા, પ્રાણાગ્નિહોમ કહેવાય. પછી અગ્નિમાં હોમ કરવાની ઝાઝી જરૂર નથી.

**દેવબાઈ :** ત્યારે પ્રાણાગ્નિહોમ તો બધાં પ્રાણીઓ કરે છે, તેમાં તમે શી નવાઈ કરી ?

**જીવરામ :** આહુતિનો મંત્ર ભણ્યા વિના કોળિયા ભરે, તે પ્રાણાગ્નિહોમ કહેવાય નહિ.

**દેવબાઈ :** ઠીક છે, જમી લો.

**જીવરામ :** (રઘનાથને) ગયા વરસમાં અમે ગોદાવરીની જાત્રાએ ગયા હતા, તે રસ્તામાં જે જે ગામ આવ્યાં તે તે ગામના પંડિતોને બોલાવીને ચર્ચા કરીને અમે જીત્યા હતા.

**રઘનાથ :** કઈ વિદ્યામાં જીત્યા હતા ?

**જીવરામ :** વાચાળ વિદ્યામાં જીત્યા હતા.

**રઘનાથ :** વાચાળ વિદ્યા કઈ કહેવાય ?

**જીવરામ :**

શ્લોક

**યત્ર શાબ્દિકાસ્તત્ર તાર્કિકા, યત્ર તાર્કિકાસ્તત્ર શાબ્દિકાઃ**
**યત્ર નોભયં તત્ર ચોભયમ્, યત્ર ચોભયં તત્ર નોભયમ્. ૪૬**

**અર્થ :** જ્યાં વૈયાકરણી મળ્યા, ત્યાં અમે તર્કશાસ્ત્રી થયા, જ્યાં તર્કશાસ્ત્રી મળ્યા, ત્યાં અમે વૈયાકરણી થયા; અમે જ્યાં વ્યાકરણ કે તર્કશાસ્ત્ર કશું જાણે નહિ, ત્યાં અમે બંને શાસ્ત્રના જાણનાર થયા; અને જ્યાં બંને શાસ્ત્રના જાણનાર મળ્યા, ત્યાં અમે બંને શાસ્ત્રની વાત પડી મૂકીને જુદો જ રસ્તો પકડ્યો. વળી શાસ્ત્રીઓએ જે કહ્યું તે અમે કબૂલ કર્યું જ નહિ, એ રીતે જીત્યા.

**રઘનાથ :** કચ્છના માંડવી બંદરવાળા વિશ્વનાથx શાસ્ત્રી બહુ વખણાય છે, તે તમને મુંબઈમાં કે ક્યાંહીં મળ્યા હતા કે ?

**જીવરામ :** અરે ! એને લોકો વખાણે છે, તેથી અમને બહુ રીસ ચડે છે, એનામાં શો માલ છે ?

**રંગલો :**

ઉપજાતિ વૃત્ત

**જો પારકી કીર્તિ પડે જ કાને, મીઠાશ તેમાં મનથી ન માને;**
**સ્વકીર્તિનાં ગાયન ગાય ગાજી, મિથ્યાભિમાની મૂરખા મિજાજી. ૪૭**

**જીવરામ :** પણ કેટલા બધા લોકો અમારી જ પંડિતાઈનાં વખાણ કરતા હતા !

**સોમનાથ :** બાપા, આ વાત સાચી હશે ?

**રઘનાથ :**

વસંતતિલકા વૃત્ત

જેને ન જાણ કદિ કોકિલ કાગ કેરું,
તે કાગનું કદિ વખાણ કરે ઘણેરું
જેણે સુણ્યા શ્રવણ કોકિલ શબ્દ સારા,
તે કાગના સ્વર સુણી નહિ માનનારા. ૪૮

**સોમનાથ :** પણ પંડિતો મૂર્ખનાથી કેમ હારે ?

**રઘનાથ :**

દોહરો

અભિમાની મત આપનો, મૂકે નહિ તલમાત્ર;
તે માટે તેથી હઠે, શાણા લોક સુપાત્ર. ૪૯

**સોમનાથ :** જીવરામ ભટ્ટ, તમે કાંઈ સંસ્કૃત અભ્યાસ કરેલો કે ?

**જીવરામ :** સંસ્કૃત, ફારસી, અરબી, લાટિન અને ઇંગ્રેજી એકે વિદ્યા અમારી અજાણી નથી, બધી વિદ્યાઓ અમે જોઈ લીધી છે.

---

x જ્યાં નાટક થતું હોય ત્યાંના નામીચા શાસ્ત્રીનું નામ લેવું.

**રંગલો :** મિથ્યાભિમાનીનું અજાણ્યું કાંઈ ન હોય, એ તો માના પેટમાંથી જ ભણીગણીને અવતરેલા હોય.

**રઘનાથ :** તમે કેની પાસે વિદ્યા ભણ્યા હતા ?

**જીવરામ :** અમારી મેળે અમે બધી વિદ્યાઓ શીખી લીધી છે, કોઈને ગુરુ કર્યો નથી.

**રંગલો :** કપટી માણસ વિદ્યા ચોરી લે અથવા ચોરાવી લે પણ શિષ્ય થઈને ન લે. કહ્યું છે કે -

**ઉપજાતિ વૃત્ત**

**ચોરાવી લે, કે ચિત્ત ચોરી રાખે,**
**વિદ્યાગુરુને ગુરુજી ન ભાખે;**
**જુઓ કળા એ કપટી જનોની,**
**કરે બડાઈ સ્વ-પરાક્રમોની. ૫૦**

**સોમનાથ :** તમે એકે પુસ્તક રચ્યું છે કે ?

**જીવરામ :** હા, 'જીવરામવિનોદ' નામનો મોટો ગ્રંથ અમે રચ્યો છે.

**રંગલો :** કોઈક પાસે રચાવીને પોતાનું નામ ઘાલ્યું હશે.

**ઈંદ્રવજ્રા વૃત્ત**

**બીજા કને કામ કશું કરાવે,**
**તેનું બધું માન સ્વયં ધરાવે;**
**ગાડી તળે શ્વાન ગતિ કરીને,**
**ફુલાય છે ફૂલ વૃથા ધરીને. ૫૧**

**સોમનાથ :** ત્યારે સંસ્કૃત શ્લોકનો અર્થ કરો ખરા કે ?

**જીવરામ :** હોવે, શા વાસ્તે ન કરીએ ? શું અમે નથી જાણતા ?

**સોમનાથ :** 'રામો લક્ષ્મણમબ્રવીત્' એટલાનો જ અર્થ કરો જોઈએ.

**જીવરામ :** એમાં કાંઈ કઠણ અર્થ નથી, રામો એટલે રામ, લક્ષ્મણ તે લક્ષ્મણ અને મબ્રવી તે સીતા.

**સોમનાથ :** શાથી જાણીએ કે મબ્રવી એટલે સીતા ?

**જીવરામ :** રામ ને લક્ષ્મણની જોડે સીતા વિના બીજી મબ્રવી કોઈ હોય ? એટલું અક્કલથી જાણીએ કે નહિ ?

**સોમનાથ :** પછી ત્ રહ્યો તેનો શો અર્થ ?

**જીવરામ :** ત્ એટલે હનુમાન.

**સોમનાથ :** શાથી જાણીએ કે ત્ એટલે હનુમાન ?

**જીવરામ :** જોને ત્નો પગ લંગડો છે કે નહિ ?

**રંગલો :** શાબાશ ! શાસ્ત્રી બાવા શાબાશ ! આવા શાસ્ત્રી તો કાશીમાં પણ નહિ હોય.

**સોમનાથ :** તમે અંગ્રેજીનો અર્થ કરશો કે ?

**જીવરામ :** અંગરેજી શું ? તમારે ગમે તે પૂછોને.

**સોમનાથ :** Twinkle twinkle little star. ("ટ્વિંકલ-ટ્વિંકલ લિટલ સ્ટાર) એટલાનો જ અર્થ કરો જોઈએ ?

**જીવરામ :** એમાં શું છે ? ટ્વિંકલ ટ્વિંકલ એટલે ટપકાં, ટપકાં અને લિટલ લિટલ એટલે લીટા લીટા, સાહેબ કરે છે તે. (હાથનો ચાળો કરી બતાવે છે.)

**સોમનાથ :** એમાં તો આકાશના ચળકતા ચળકતા નાના તારા વિશે છે.

**જીવરામ :** ત્યારે અમે પણ એ જ કહ્યું કે નહિ ? દુનિયાનો સાહેબ આકાશમાં ટપકાં ટપકાં અને લીટા લીટા કરે છે તે.

**સોમનાથ :** ત્યારે અમારા દરબાર સ્કૂલ સ્થાપનાર છે, તેના માસ્તર તમે થશો ?

**જીવરામ :** ઉપરીની મહેરબાની હોય તો સ્કૂલ તો શું પણ કૉલેજનું કામ ચલાવી શકીએ.

**દેવબાઈ :** હવે કંસાર કે કાંઈ લેશો કે ?

**જીવરામ :** ના, હવે ભાત લાવો.

**દેવબાઈ :** (ભાત પીરસે છે.)

**જીવરામ :** (જમીને ચળુ[x] લઈને વાતો કરવા માંડે છે) ગયા ચોમાસામાં અહીં વરસાદ કેવો હતો ?

**દેવબાઈ :** હવે જઈને પેલી શેતરંજી ઉપર બેસો, અને લૂગડાં પહેરો.

**જીવરામ :** અરે ! ઘણે દહાડે ભેગાં થયાં છીએ, માટે પેટ ભરીને વાતો તો કરીએ !

**દેવબાઈ :** જાઓ, વળી કાલ આખો દહાડો વાતો કરીશું.

**જીવરામ :** મને તો તમારી આગળથી ઊઠીને જવાનું ગમતું નથી.

**રંગલો :** સાસુના મોઢાની વાતોમાં બહુ મીઠાશ હોય છે. કહ્યું છે કે :

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

પૂરી ને દૂધપાક શાળ સરવે, લાડુ સવાશેરિયો,
દ્રાક્ષ દાડમ શેલડી સરસ કે, કેળાં તથા કેરિયો;
**એ સૌ સ્વાદ સૃજ્યા ઘણાય પણ તે, શું શ્રેષ્ઠ સ્વાદિષ્ટ છે ?**
**વાતો સાસુતણા રૂડા વદનની, મિષ્ટાનથી મિષ્ટ છે. ૫૨**

**જીવરામ :** પણ તમે સોમનાથ ભટ્ટની વહુના સીમંત ઉપર અમને કંકોતરી જ મોકલી નહિ તે કાંઈ ઠીક કર્યું નહિ. એ બાબતનો અમારા મનમાં બહુ ધોખો લાગ્યો છે.

**રંગલો :** હવે ફરીથી અધરણી આવશે ત્યારે કંકોતરી મોકલશે !

**રઘનાથ :** (સોમનાથને હળવે) એ મિથ્યાભિમાનીનો હાથ ઝાલીને પેલી શેતરંજી ઉપર જઈને બેસાડ. એ તો આખી રાત લવારો કરશે.

---

x જમી ઊઠી હાથમોં ધોવા, હાથમાં પાણી લેવા હથેળીને પાત્રાકાર કરવામાં આવે છે તે.

**સોમનાથ :** (જીવરામ ભટ્ટને) ચાલો હવે, પાન-સોપારી આપું. (દોરીને શેતરંજી ઉપર લઈને બેસાડે છે.)

## પ્રવેશ બીજો

(જમનાની બહેનપણી ગંગા આવે છે.)

**ગંગા :** જીવરામ ભટ્ટ આવ્યા છે કે શું ?

**રંગલો :** (લટકું કરીને) હા !! જીવરામ ભટ્ટ આવ્યા છે.

**જીવરામ :** આવો, કોણ એ ?

**ગંગા :** એ તો હું ગંગા.

**જીવરામ :** હા ખરાં, ખરાં. આવો, સુખશાતામાં છો ?

**ગંગા :** તમે મને ઓળખી કે ?

**જીવરામ :** તમને ના ઓળખીએ એવું હોય ? અમને પળિયેલ ને ટળિયેલ કહ્યા હતા, એ જ તમે કે નહિ ?

**ગંગા :** (ખડખડાટ હસીને) અહો ! તે દહાડાની વાત હજી સાંભરે છે કે ?

**જીવરામ :** એ તે વળી ભૂલી જવાય કે ?

**દેવબાઈ :** ગંગા શી વાત હતી ? કહે તો ખરી.

**ગંગા :** એ તો જ્યારે આપણી જમનાનાં લગ્ન થયાં હતાં, ત્યારે અમે સાત-આઠ જણીઓ મળીને આવતી જાને વર જોવા ગામને પાદર ગયાં હતાં.

**રંગલો :** બાજીગરનું માંકડું જોવા સારુ એટલાં બધાં છોકરાં અને બાઈડીઓ ટોળે મળે છે, તો આવા રૂપાળા વરને જોવા કેટલાં બધાં મળ્યાં હશે ?

**ગંગા :** પછી જીવરામ ભટ્ટની મૂછમાં પળિયાં આવેલાં હતાં, તે જોઈને એક જણીએ કહ્યું કે વર તો પળિયેલ દેખાય છે. એટલે વરે જાણ્યું કે મને ઘરડો કહ્યો, તેથી જુવાની જણાવવા સારુ કાછડો વાળીને નાનાં ઝાડ કૂદી જવા માંડ્યાં. ત્યારે મે કહ્યું કે પળિયેલ તો પળિયેલ, પણ વળી ટળિયેલે+ દેખાય છે. તે વાત હજી સુધી જીવરામ ભટ્ટે સંભારી રાખી છે.

**રંગલો :**

### ઉપજાતિ વૃત્ત

કુઢંગને ઢાંકણ ઢાંકવાને,
કરે કદાપિ કપટી કળાને;
વિશેષ વિખ્યાત કુઢંગ થાશે,
વહ્નિ ન ઢંકાય ઘણેક ઘાસે. ૫૩
સમાતણી વાત સમે જ સારી,
સમા વિના સૌ કથશે નઠારી;

---

+ જરા ટોલ

થતાં અવસ્થા શિરશ્વેત શ્રેષ્ઠા,
કદી ન શોભે કૃત બાલચેષ્ટા. ૫૪

**દેવબાઈ :** તે અસલથી જ મિથ્યાભિમાની છે.

**જીવરામ :** તે દહાડે તો અમારી ઉંમર કાચી હતી, તે માટે છોકરવાદથી અમે ઝાડ કૂદવા માંડ્યાં હતાં. કહ્યું છે કે,

ઉપજાતિ વૃત્ત

ન બોલવાના બહુ બોલ બોલે,
ન ખોલવાના પણ ભેદ ખોલે;
સ્વતંત્રતા ઈશ્વરદત્ત સારી,
બાળાપણું તો બહુ સુખકારી. ૫૫

**દેવબાઈ :** શું તમે તે દહાડે નાના હતા કે ?

**જીવરામ :** નાના નહિ ત્યારે શું આજ છીએ એવડા હતા ?

**દેવબાઈ :** આજ તમારી ઉંમર પંચાવન વર્ષની થઈ કે નહિ ?

**જીવરામ :** હા, હવે તો પંચાવન વર્ષ થયાં, પણ તે દહાડે ક્યાં પંચાવન થયાં હતાં ? તે દહાડે તો છોકરવાદની અવસ્થા હતી.

**દેવબાઈ :** તમને પરણ્યાને સાત વર્ષ થયાં. ત્યારે તે દહાડે અડતાળીસ વર્ષના હતા, તે છોકરવાદ કહેવાય ?

**જીવરામ :** પણ તે દહાડે અમારા બાપ જીવતા હતા, એટલે તેમના આગળ તો અમે નસીબદાર છોકરું કહેવાઈએ. કહ્યું છે કે -

ઉપજાતિ વૃત્ત

જો પુત્ર પંચાવન વર્ષ મોટો,
પિતા ગણે બાલક છેક છોટો;
સદૈવ શિખામણ દે રૂપાળી,
તે પુત્ર તો પૂરણ પુણ્યશાળી. ૫૬

**દેવબાઈ :** તે ઝાડવાં કૂદે એવું છોકરું કહેવાય કે ?

**રંગલો :** કાચો કુંવારો હોય, તે તો ઝાડવાં તો શું પણ વાડો કૂદે અને વખતે છાપરાં પણ કૂદે. જેટલા પરણેલા નથી તે પચાસ વર્ષના હોય તો પણ નાનાં છોકરાં જેવા જ જાણવા.

**જીવરામ :** જુઓ ને, તે દહાડે જાનરડીઓ પણ ગાતી હતીઓ કે નહિ કે (લટકું કરીને) 'બાળો વર તોરણ ચડ્યા' પણ એમ ગાતીઓ નહોતી કે 'બુઢો વર તોરણ ચડ્યા' ત્યારે શું તે ગાનારીઓ બધી જૂઠી અને તમે જ એક સાચાં કે ?

**દેવબાઈ :** અભિમાની માણસ પોતાનો મમત મૂકે નહિ. કોણ તેની સાથે માથાકૂટ કરે.

દોહરો

અભિમાનીને ઉચરતાં, છે સર્વે મગ છૂટ;
અંતે આપણ થાકીએ, કરતાં માથાકૂટ. ૫૭

મનમાં સમજે મૂર્ખ જે, વૃથા વદું છું વાદ;
મૂર્ખ મમત મૂકે નહીં, અભિમાની ઉસ્તાદ. ૫૮

(પડદો પડ્યો)

ગાનારા ગાય છે.

ઉપલાં પાત્રોનું કામ પૂરું થયું નથી, પણ અંક બહુ લાંબો થઈ ગયો તેથી સભાસદો અકળાય, માટે વચમાં એક ફારસ કરી બતાવવાની જરૂર પડી.

●

# અંક પાંચમો

પાત્ર

૧. કુતુબમિયાં ૨. વાઘજી રજપૂત ૩. રંગલો

## પ્રવેશ પહેલો

### ફારસ એટલે ઉપનાટક

(પડદો ઊઘડ્યો.)

**કુતુબખાં :** (ખભે બતક લઈને હસવા જેવી ચાલ ચાલતાં કેડે હાથ દઈને આવે છે.)

ગાનારા : 'મિયાં આવ્યા રે, બડે મિયાં આવ્યા રે.' (૪ વાર)

**રંગલો :** એસા એસા કે હો હા.

(મિયાં એક કોરે રોવા જેવું મોં કરીને ઊભા રહે છે, ત્યાં વાઘજી રજપૂત ગંભીરાઈથી આવે છે.)

ગાનારા : 'ઠાકોર આવ્યા રે વાઘો ઠાકોર આવ્યા રે.' (૪ વાર)

**રંગલો :** થઈયાં કે થેઈથા.

**વાઘજી :** (વિચારે છે) અરે આવા જંગલમાં પેલો મિયાં ઊભો ઊભો રૂએ છે, તે કાંઈ મહા સંકટમાં પડેલો જણાય છે. માટે ચાલ જીવ, એને ધીરજ આપીએ. મિયાં કેમ રૂઓ છો ?

**કુતુબખાં :** કોન રોતા હૈ ? હમ તો રોતા નહિ હે.

**વાઘજી :** તમારું મોઢું રોયા જેવું લાગે છે.

**કુતુબખાં :** એ તો ખુદાને બંદાકી સૂરતાંઈ એસી બનાઈ હે.

**રંગલો :** ધન્ય વિધાતા ! કેવી સૂરત બનાઈ છે ને !

**વાઘજી :** તમે ક્યાંથી આવ્યા ?

**કુતુબખાં :** હમ દિલ્લીસે આયે.

**વાઘજી :** તમે પરણ્યા છો કે કુંવારા છો ?

**કુતુબખાં :** અબી ગઈ સાલમેં હમને શાદી કીની હે.

**વાઘજી :** તમારે પરણતાં કાંઈ ખરચ થાય કે ?

**કુતુબખાં :** તમારે લોકમેં જાતભાત જોતા હે, ઓર પેસા લગતા હે, લેકિન હમારામેં

તો મરદકી અચ્છી શિકલ દેખકે ઓરત આપસેં નીકા કરનેકું મંગતી હે. ઉસ સબબસે કુછ પેસા નહિ લગતા.

**વાઘજી :** ત્યારે શું તમારું રૂપ દેખીને બીબી મોહીને આવી ?

**કુતુબખાં :** હાં, એસાઈ.

**રંગલો :** આવા રૂપાળા વરને મોહીને કેમ ન આવે ?

**વાઘજી :** બીબીની ઉમ્મર કેટલા વરસની છે ?

**કુતુબખાં :** હા, હા, હા, (હસીને) બીબીકી ઉમર ઓર રૂપરંગ સબ હમારી બરાબર હે.

**વાઘજી :** બીબીના મોંમાં કેટલા દાંત છે ?

**કુતુબખાં :** દાંત હમારે મુંમેં નહિ હે, ઓર બીબીકે મુંમેં બી નહિ હે.

**રંગલો :** ત્યારે તો મોહીને આવે, તેમાં શી નવાઈ ? 'ખોદાને બનાયા જોડા, તો એક અંધા, ઓર દૂસરા ખોડા.'

**વાઘજી :** આવા ઉજડ જંગલમાં એકલા આવતાં તમને બીક લાગી નહિ ?

**કુતુબખાં :** બંદા એકલા કીધરબી જા સકતા નહિ. લેકિન દિલ્લી મેં દુકાલ હુઆ ઉસ સબબસે હમ અઠારે ભાઈ નોકરી કી ઉમેદવારીસેં ઈધર નિકલ આયેં.

**રંગલો :** જેનાં નસીબ ઊઘડ્યાં હોય તેને આવો સારો નોકર મળે.

**વાઘજી :** તો તમારા બીજા ભાઈઓ ક્યાં ગયા ?

**કુતુબખાં :** ઈધર ચુંવાલ પરગણામાં કોળી લોગકી ધાડ સાથ ગામસેં દૂર દો ખેતરવા બડા જંગલમેં લઢાઈ હુઈ. તબસે સબ ભાઈ જિધર તિધર ભાગ ગયે. ઓર હમ એકીલા બડા હિમતદાર સો ઈધર નીકલ આયે.

**વાઘજી :** કોળીની ધાડ સાથે શી રીતે લડાઈ થઈ ?

**કુતુબખાં :** હમ અઠારે ભાઈ એકીલે, ઓર સામને દો કોલીકી ઝુકમ આઈ.

**રંગલો :** વાહ ! વાહ !!

**કુતુબખાં :** રામપરા ભંકોડાકા પાદરમેં બડા ઉજડ જંગલમેં આવતીક ને હુઈ, સો ક્યા બાત કહૂં મિયાં ? હુઈ સો હુઈ. એસી લડાઈ તો દિલ્લીકા તખ્ત લેનેકી બખ્ત બી નહિ હુઈ હોઈગી. કોલી ભાઈકી ડાંગાં, ઓર સિપાઈ ભાઈકી ટાંગાં, કોલી ભાઈકા ઝરડા, ઓર સિપાઈ ભાઈકા બરડા. પછે કપડાં, હથિયાર સબ કોલીકું દેકેં, કોલીકું હરવાઈ કે નસાઈ દીએ.

**રંગલો :** કોળીને ભલા હરાવ્યા !!

**કુતુબખાં :** પીછે અઠારે ભાઈ છૂટે પડ ગયે. સો માલૂમ નહિ કે કિધર ગયે ?

**વાઘજી :** તમારાં હથિયાર ક્યાં ગયાં ?

**કુતુબખાં :** હથિયાર ઓર પઘડી હમને કોલી લોકકું દે દીયા. હમ ખાનદાન કે ફરજંદ હે, હમ મખીચૂસ નહિ હે કે કીસીકું નહિ દેવે. 'સિર સલામત તો પઘડી બોતેરી.'

**રંગલો :** આ વખતમાં ભીલપટ્ટણના કોળી લોકોએ જ સિપાઈઓનાં હથિયાર

છોડાવ્યાં છે.

**વાઘજી :** તમારું નામ શું ?

**કુતુબખાં :** તુમારા નામ ક્યા ?

**વાઘજી :** મારું નામ તો વાઘજી.

**કુતુબખાં :** મેરા નામ કુતુબ.

**રંગલો :** તમારું નામ કુત્તા.

**કુતુબખાં :** નહિ નહિ, અબી મેં કહેતા હું. (અવળું જોઈને વિચારે છે.) અરે ખુદા ! ઈસકા નામ વાઘ, ઓર મેરા નામ કુતુબ. ઓ તો બડી શરમકી બાત. એસા નામ કેસે કહું ?

**વાઘજી :** કેમ મિયાં ? તમારું પોતાનું નામ તમે ભૂલી ગયા કે શું ?

**કુતુબખાં :** સુનો, મેરા નામ મેં અબી કહેતા હું.

**વાઘજી :** હાં, કહો.

**રંગલો :** વિચારીને કહેજો હો, મિયાંનું નામ કાંઈ જેવુંતેવું નહિ હોય.

**કુતુબખાં :** હમેરા નામ 'પાંચ-સાત સાપોલિયાં, દસે-બારે હાથી ઓર દસબીસ બાઘખાં' એસા હે.

**વાઘજી :** વારુ, ચાલો આપણે સોબતે ચાલ્યા જઈએ.

**કુતુબખાં :** તુમારે કિધર જાના હે ? ઓર ક્યા કામકુ જાતે હો ?

**વાઘજી :** કચ્છની રાવસાહેબની[x] હું નોકરી કરું છું, તે એક મહિનાની રજા લઈને ગયો હતો પણ સિંધના સુમરા લોકો ઉપર રાવસાહેબને ચડાઈ કરવી છે, માટે મારા ઉપર તાકીદનો હુકમ આવ્યો તેથી હજૂરમાં જાઉં છું.

**કુતુબખાં :** અચ્છા, તુમેરા રાવસાહેબ અમકું નોકર રખેગા ?

**રંગલો :** ત્યારે તો પછી રાવસાહેબને બીજી ફોજ રાખવાની જરૂર પડે નહિ !

**વાઘજી :** તમે શું કામ કરશો ? દફતરખાનામાં ઝાડુ કાઢવા રહેશો ?

**કુતુબખાં :** હમ પઠાનકી ઓલાદકા હે. એસી હલકી નોકરી કબી કરનેવાલે નહિ. હમ તો શમશેર બજાનેકી નોકરી કરેગા. હમ જેસેતેસે નહિ હૈ. એકી બખત હજાર સ્વારુંકા લશ્કર સામી લડનેકુ આવે, લેકિમ હમ હઠનેવાલે નહિ.

**વાઘજી :** ઠીક છે, ત્યારે તમને નોકરીમાં રાખશે.

**કુતુબખાં :** (ચાલતાં) અબ તો પાનીકી પ્યાસ બોહોત લગી હે, મેરા જાન જાતા હે.

**રંગલો :** પણે પેલો પાડો મૂતરે છે તે જઈને પીઓ.

**વાઘજી :** હમણાં આગળ જતાં એક વાવ આવશે, તેમાંથી નિર્મળ પાણી પીજો.

**કુતુબખાં :** અરે ખુદા ! અબી તો કેતે દૂર વાવ હોયગી. મેં તો પ્યાસ સે મર જાતા હૂં.

**રંગલો :** પાણી પાણી કરતાં મરશે તો મિયાં ભૂત થશે.

**વાઘજી :** અરે, "પાંચ-સાત સાપોલિયાં, દસે-બારે હાથી ઓર દસવીશ બાઘખાં"

x જ્યાં નાટક થતું હોય ત્યાંના રાજાનું નામ લેવું.

સાહેબ, હિંમત રાખો. હવે આ વાવ નજદીક આવી તેમાંથી તમારી બતક ભરી લેજો.

**કુતુબખાં :** હાં આઈ× તો ખરી, તુમેરે પાની પીના હે ?

**વાઘજી :** મેં તો હમણાં જ પેલા કૂવામાંથી પીધું છે. માટે હું આંહી ઊભો છું. તમે વાવમાં જઈને પી આવો.

**કુતુબખાં :** અચ્છા, તુમ ખડા રહીઓ. મેં જાતા હૂં.

(મિયાં વાવ તરફ+ જઈને પાછા આવે છે.)

**વાઘજી :** કેમ મિયાં ? પાણી પીધું કે નહિ ?

**કુતુબખાં :** (ધ્રૂજતો ધ્રૂજતો) અબી મેરેકું બોત પ્યાસ લગી નહિ હે. ચલો આગે કે ગામમેં પાની પીએગા.

**રંગલો :** રામપરા ભંકોડાના કોળીબોળી વાવમાં છે કે શું ?

**વાઘજી :** અરે પણ તમે પાછા કેમ આવ્યા ? કહો તો ખરા ? વાવમાં વાઘબાઘ બેઠો છે કે શું ?

**કુતુબખાં :** હે તો કુછ એસા હી.

**રંગલો :** હાય ! હાય ! મિયાંને વાઘ ખાઈ ગયો હોત તો ?

**વાઘજી :** વાવમાં શું છે ?

**કુતુબખાં :** વાવમેં જરૂર દસ-બીસ બાઘ હૈ.

**વાઘજી :** તમે શાથી જાણ્યું ?

**કુતુબખાં :** હમ વાવ પર ચડા તબ વાં દૂર, પાનીકે નજદીક, ઓ સાલા બડા અવાજ કરને લગા.

**વાઘજી :** કેવો અવાજ કરવા લાગ્યા ?

**કુતુબખાં :** (ડોકી નમાવી નમાવીને) ડરાં ! ડરાં ! ડરાં ! એસા અવાજ કરતા થા.

**રંગલો :** (ચાળા પાડે છે.) વાઘ ડરાં ! ડરાં ! બોલતો હતો.

**કુતુબખાં :** ઓ તો હમ બડા સમશેરબહાદુર હે, સો ઉસકું રોકડા જવાબ દેકર આયા. દૂસરેકી ક્યા મગદૂર કે જવાબ દે સકે મિયાં !

**વાઘજી :** તમે શો જવાબ દીધો ?

**કુતુબખાં :** હમને કીયા કે સાલે, ડરાં ! ડરાં ! ક્યા કરતે હો ? હમ ડરનેવાલા નહિ, ડરે ઓ તો દૂસરા. હમારા બાવા બડી લડાઈ મેં મર ગયે હે. જો મેરેકું પાની ભરના હોય, તો વાં તેરી નજદીક આકે પાની ડબોલકે ભર લેઉં. લેકિન જા, તુજે છોડ દેતા હૂં. એસા જવાબ દેકે હમ પીછા આયા.

**વાઘજી :** ચાલો, હું તમારી સાથે આવું અને તમે પાણી પીઓ.

**કુતુબખાં :** અપનેકું તો અબી પ્યાસ લગી નહિ હે. હમ વાવમેં પેઠનેવાલા નહિ.

× પડદાની પાછળ વાવ છે એવી કલ્પના કરવી. + જો દેડકો બોલાવતાં કોઈને આવડતો હોય તો પડદા પાછળ રહીને બોલાવવો. તે સાંભળીને મિયાં ભયભીત થાય.

રંગલો : પચાસ વરસની ન્હાની બાળક બીબી રંડાઈ બેસે !
વાઘજી : લાવો તમારી બતક હું ભરી આવું.
કુતુબખાં : લો, ભર લાઓ. (તે જઈને પાણી લાવે છે.)
વાઘજી : એ તો દેડકો બોલતો હતો.
કુતુબખાં : મેં તો જાના કે વાઘ હે.
વાઘજી : પાણી પીને ચાલો હવે બેક ઉતાવળા. (ચાલે છે.)
કુતુબખાં : (ચાલતાં) ઠાકોર, તુમકુ ક્યા પગાર મિલતા હૈ ?
વાઘજી : મને મહિને પચાશ રૂપૈઆ રાવસાહેબ પગાર આપે છે.
કુતુબખાં : જબ તુમકુ દુસરી નોકરી પર રખે ઓર મેરેકું રૂ.૫૦ કા પગારકી તુમેરી જગા પર રાવસાહેબ ના રખે ? હમ બી તુમારે જેસી એક તલવાર રખેગા ઓર હમકુ ઘોડે પર બેઠનેકું બી આતા હે.
રંગલો :

ઉપજાતિ વૃત્ત

સ્વશક્તિનો સંભવ તે ન જાણે,
અનેક વાતે અભિલાખ આણે;
માની જનો થૈ મગરૂર માલે,
હરેક કામે નિજ હાથ ઘાલે. ૫૯

કુતુબખાં : હમ બી સબ કામમેં વાકેફગાર હે.
રંગલો : તમે વાઘજી સાથે કુસ્તી કરીને તેને જીતો તો તેની જગા તમને મળે.
કુતુબખાં : દેખ્યા તેરા વાઘલા. એક વાઘલા તો ક્યા ? લેકિન વાઘલા જેસા દસકે સાથ એકી બખ્ત મેં કુસ્તી કરું.
વાઘજી : (સાંભળીને ચમકે છે.)
રંગલો :

દોહરો

તેજી ચમકે ચાબુકે, હુંકારે રજપૂત;
વધઘટ ભાવે વાણિયો, ડાક અવાજે ભૂત. ૬૦

હવે રજપૂતનો દીકરો બાયલાની પેઠે સાંભળી રહેશે નહિ.
વાઘજી : આવો, ત્યારે આ મેદાનમાં જ આપણે બે કુસ્તી કરીએ.
કુતુબખાં : આજાઓ અબ.
રંગલો :

ઉપજાતિ વૃત્ત

ડરે દિલે દૂરથી દેડકાથી,
વાણી વદે જે લઢું વાઘલાથી;

કરે ખરેખાત વિચાર ખોટા,
મિથ્યાભિમાની નર મૂર્ખ મોટા. ૬૧
(બંને જણા કુસ્તી કરે છે.)

રંગલો : શાબાશ ! શાબાશ ! જોઈએ હવે કોણ હેઠળ પડે છે અને કોણ ઉપર ચઢી બેસે છે ?

કુતુબખાં : મૈં કબી નીચે ગિરનેવાલા નહિ.

રંગલો : વાહ ! વાહ ! જાણે કે ગાયકવાડના પાડા બાઝ્યા. જો ગાયકવાડ મહારાજની સવારી આટલામાં આવતી હોય અને દેખે તો બંનેને રાતબ બાંધી આપે. વડોદરાના ચૌટામાં બે આખલા લડતા હતા, તેને જોઈને ગાયકવાડે ખુશી થઈને રાતબ બાંધી આપી હતી.

કુતુબખાં : દેખ લે. અબી નીચે ડાલકે ઉપર ચડ બેસતા હૂં. (ત્યાં તો મિયાંને હેઠા નાખીને રજપૂત ઉપર ચડી બેસે છે.)

રંગલો : મિયાં હવે શું કરવા મહેનત કરો છો ? તમે હેઠા પડ્યા અને ઠાકોર તમારા ઉપર ચડી બેઠા, તમે હારી ચૂક્યા.

કુતુબખાં : (પગ ઊંચો કરીને) અબી દેખ ને મેરી ટંગડી ઊંચી હે કે નહિ ?

રંગલો : ખરી વાત, મિયાં નીચે પડ્યા, પણ મિયાંની ટંગડી હજી ઊંચી છે.

**ઉપજાતિ વૃત્ત**

ખત્તા મળે તોપણ ખેલ ખેલે.
મિથ્યાભિમાની મમતા ન મેલે;
કાઢે કશા ઉત્તર કેરી કૂંચી,
પડ્યા મિયાં તોપણ ટાંગ ઊંચી. ૬૨

(પડદો પડ્યો.)

ગાનાર ગાય છે.

•

# અંક છઠ્ઠો

પાત્ર

૧. રંગલો ૨. ગંગાબાઈ ૩. જીવરામ ભટ્ટ ૪. રઘનાથ ભટ્ટ
૫. સોમનાથ ૬. દેવબાઈ ૭-૮. પોલીસના બે સિપાઈઓ

## પ્રવેશ ૧લો

## સંખ્યાદિ પૃચ્છા

**સ્થળ : રઘનાથ ભટ્ટનું ઘર**

પડદો ઊઘડ્યો. (ત્યાં રઘનાથ ભટ્ટ સહકુટુંબ, ગંગાબાઈ તથા જીવરામ ભટ્ટ છે.)

**ગંગા :** જીવરામ ભટ્ટ, તમે અમને દેખો છો ?

**રંગલો :** દેખે છે એનો બાપ.

**જીવરામ :** કેમ નહિ દેખતા હઈએ ? કાંઈ આંધળા-બાંધળા છીએ કે શું ?

**ગંગા :** તમે અત્યારે કાગળ વાંચી શકો છો ખરા ?

**રંગલો :** કાગળ તો શું ? પણ અત્યારે મોતી વીંધે છે તો.

**જીવરામ :** ત્યારે અમે રાતે પુસ્તક લખીએ છીએ તે કેમ લખાતું હશે ?

**સોમનાથ :** કાગળ આપું તો વાંચશો ?

**જીવરામ :** હા, લાવો, શા વાસ્તે નહિ વાંચીએ !

**સોમનાથ :** લો, આ કાગળ, વાંચો જોઈએ. (નાખે છે તે જીવરામ ભટ્ટના પગ પાસે પડે છે.)

**જીવરામ :** લાવો કાગળ.

**સોમનાથ :** એ તમારા પગ આગળ પડ્યો. નીચા નમીને લ્યો.

**જીવરામ :** તમારી આગળ નીચા નમવાની અમારે ગરજ નથી.

**રંગલો :**

શ્લોક

નમંતિ ફલિનો વૃક્ષા, નમંતિ ગુણિનો જનાઃ ।
શુષ્કકાષ્ટં ચ મુર્ખાશ્ચ, ન નમંતિ કદાચન ॥ ૬૩

અર્થ : ફળવાળાં ઝાડ નમે કે ગુણવાન માણસ નમે; પણ સૂકું લાકડું કે મૂર્ખ કદી નમે નહિ.

**સોમનાથ :** (લઈને આપે છે) લ્યો આ કાગળ.

**રંગલો :** જોજો ભાઈઓ, સુરદાસજી કાગળ વાંચે છે ! ખરેખરો વાંચશે કે શું ?

**રઘનાથ :** (સોમનાથને) એમાં તો ઝીણા અક્ષર છે, પેલા મોટા અક્ષરવાળો કાગળ વાંચવા આપ્યો હોત તો ઠીક.

**સોમનાથ :** કાંઈ ઝીણા નથી. આંધળો પણ વાંચી શકે એવા મોટા દીવા જેવા અક્ષર છે.

**જીવરામ :** આ લ્યો તમારો કાગળ, અમારે નથી વાંચવો. (નાખી દે છે.)

**સોમનાથ :** કેમ શું થયું ?

**જીવરામ :** તમે કહો છો કે આંધળો વાંચી શકે એવા અક્ષર છે, તો અમે કાંઈ આંધળા નથી કે એવા અક્ષર વાંચીએ. દેખતો વાંચી શકે એવો કાગળ હોય તો અમે તો વાંચીએ.

**ગંગા :** (ત્રણ આંગળીઓ બતાવીને) જીવરામ ભટ્ટ, આ કેટલાં આંગળાં છે ? કહો જોઈએ.

**જીવરામ :** કહીએ તો તમે શું આપશો ?

**ગંગા :** લાખેણી લાડી આપી છે, ને હવે બીજું શું આપીએ ? જો અત્યારે દેખી શકતા હો તો કહો.

**જીવરામ :** એમાં શું કહેવું છે ? પાંચ છે.

**ગંગા :** જૂઠા પડ્યા, જૂઠા પડ્યા. (હસે છે.)

**જીવરામ :** શી રીતે જૂઠા પડ્યા ?

**રંગલો :**

દોહરો

**અભિમાનીને અંતરે, ભાસે જો નિજ ભૂલ;**
**તોપણ તેની જીભથી, કદિ નહિ કરે કબૂલ. ૬૪**

**ગંગા :** ત્રણ આંગળીઓ ઊભી રાખીને, બે આંગળીઓ વાળીને મેં પૂછ્યું હતું.

**જીવરામ :** ત્યારે અમે પણ એ જ કહ્યું કે નહિ ? ત્રણ આંગળીઓ ઊભી અમે દીઠી અને બે વાળેલી દીઠી તે બધી મળીને પાંચ દીઠી, માટે પાંચ કહી. તમે ક્યારે એમ પૂછ્યું હતું કે કેટલી ઊભી ને કેટલી વાળેલી છે ?

**સોમનાથ :** (પાંચ આંગળાં ખૂલ્લાં રાખીને) વારુ, આ કેટલી આંગળીઓ છે, કહો જોઈએ ?

**જીવરામ :** (બીજી તરફ ગણે છે.) આ એક, બે, ત્રણ અને ચાર છે.

**સોમનાથ :** જૂઠા પડ્યા, જૂઠા પડ્યા.

**જીવારમ :** શી રીતે જૂઠા પડ્યા ? અમે કદી જૂઠા પડીએ જ નહિ.

રંગલો :

ઉપજાતિ વૃત્ત

વાચાળ જો વાદ વૃથા જ થાપે,
તથાપિ તે સત્ય કરી જ આપે;
ભરી સભામાં શતવાર ભૂલે,
તથાપિ જીભે કદિ ના કબૂલે. ૬૫

વાચાળ કદી બંધાય જ નહિ, ગમે તે રસ્તે થઈને નીકળી જાય. પણ હવે જીવરામ ભટ્ટ સંકડાશમાં આવ્યા. હવે છૂટી શકે એવો એકે રસ્તો મને તો લાગતો નથી. હવે જૂઠા ઠરી ચૂક્યા.

**જીવરામ :** તારા જેવા ઠગ અમને જૂઠા કહે તેથી શું ? પણ જ્યારે ત્રાહિત લોકો કહે ત્યારે ખરું.

**રંગલો :** ત્યારે હવે તમારું સાચાપણું સાબિત કરો જોઈએ.

**જીવરામ :** સો રૂપિયાની હોડ કર. જો અમે જૂઠા ઠરીએ તો તને સો રૂપિયા આપીએ અને તું જૂઠો ઠરે તો તારી પાસેથી સો રૂપિયા લઈએ.

**રંગલો :** જાદુગર સાથે ને વાચાળ સાથે હોડ તો કરીએ જ નહિ. કહ્યું છે કે તેની તદબીરો ઘણી હોય.

ઉપજાતિ વૃત્ત

વાચાળશું હોડ કદી ન કીજે,
જાદૂગરોથી બળ બાંધી બીજે;
સૂઝે ન તેના સઘળા શિરસ્તા,
વિચિત્ર તેના છળની વ્યવસ્થા. ૬૬

**સોમનાથ :** પાંચે આંગળાં ખુલ્લાં રાખીને મેં પૂછ્યું હતું કે આ કેટલી આંગળીઓ છે ?

**જીવરામ :** તે ખરી વાત, અમે ચાર આંગળીઓ દીઠી માટે ચાર કહી અને પાંચમો તો અંગૂઠો છે. આંગળી ક્યાં છે ?

**દેવબાઈ :** (હળવે) સોમનાથ, તારો વાટવો લાવ. તેમાં હળદરનો નમૂનો છે તે કાઢ.

**જીવરામ :** (કાન ધરીને સાંભળીને અવળું જોઈને) હં, વાટવો માગ્યો.

દેવબાઈ (હળદરનો ગાંગડો લઈને) જીવરામ ભટ્ટ, આ મારા હાથમાં શું છે ? કહો જોઈએ ?

**જીવરામ :** વારે વારે અમે નથી કહેતા, જાઓ.

**દેવબાઈ :** હવે એક વાર કહો, તમને મારા સમ.

**જીવરામ :** તે છે તે તમારો વાટવો છે.

**દેવબાઈ :** જૂઠા પડ્યા, જૂઠા પડ્યા. (સઉ ખડખડ હસે છે.)

**જીવરામ** : અમારી આટલા વર્ષની ઉમ્મર થઈ તેમાં અમે કદી, કોઈ ઠેકાણે જૂઠા ઠર્યા નથી. શી રીતે જૂઠા પડ્યા, કહો જોઈએ ?

**રંગલો** : જીવરામ ભટ્ટ કદી જૂઠા પડે જ નહિ.

**દેવબાઈ** : આ તો હળદરનો ગાંગડો છે ને તમે પાન-સોપારીનો વાટવો કેમ કહ્યો ?

**જીવરામ** : તમે ઘરડાં થયાં માટે અમે જાણીએ છીએ કે તમારું કાનપરું ઉજડ થયું છે. તમે પૂરું સાંભળતાં નથી. તમારો વાંક નથી, ઘડપણમાં સઉને એમ થાય. કહ્યું છે કે (આ છપ્પો બોલતાં, ભુજ, પા વગેરે શબ્દો બોલતાં તે અંગ ઉપર હાથ ધરી બતાવે છે.)

**છપ્પો**

ભુજનો ભાગે ભ્રમ, પડે પાવાગઢ પોચો;
પેટલાદમાં પાક; ન પાકે, લાગે લોચો
જૂનાગઢની+ જુક્તિ, બધી બદલાઈ જાશે;
કપડવણજની કશી, નહીં ખરખબર રખાશે;
ખળભળશે બળ ખંભાતનું, કાનપરું કાચું થશે;
છેલ્લી વયમાં કછ છૂટશે, સુરત સર્વ જર્જરી જશે. ૬૭

**દેવબાઈ** : શાથી જાણ્યું કે અમે બહેરાં છીએ ?

**જીવરામ** : અમે ક્યારે કહ્યું કે પાન-સોપારીનો વાટવો છે ?

**દેવબાઈ** : ત્યારે તમે શું કહ્યું ?

**જીવરામ** : અમે તો કહ્યું કે, તે તમારે વાટવો છે; વાટ્યા વિના આખો ને આખો વાપરવો નથી.

**રંગલો** : જુઓ જીવરામ ભટ્ટ સાચા ઠર્યા ખરા !

**ગંગા** : (લોટો લઈને) જીવરામ ભટ્ટ, આ મારા હાથમાં શું છે ?

**જીવરામ** : તમારા હાથમાં ધૂળ છે.

**ગંગા** : હવે હાર્યા કે ?

**જીવરામ** : તમે હાર્યા. અમે તો કાંઈ હાર્યા નથી.

**રંગલો** : જીવરામ ભટ્ટ હારે જ નહિ.

**ગંગા** : ત્યારે કહો ને મારા હાથમાં શું છે ?

**જીવરામ** : કહ્યું નહિ કે તમારા હાથમાં ધૂળ છે.

**ગંગા** : આ તો પીતળનો લોટો છે.

**જીવરામ** : અજ્ઞાની સાથે શી વાત કરીએ ? જ્ઞાની હોય તે સમજે.

**ગંગા** : કેમ વારુ ?

**જીવરામ** : તમારી આંખમાં વિકાર છે, માટે તમે લોટો દેખો છો, નહિ તો કહ્યું છે કે -

---

+ જૂઓનો ગઢ - માથાના વાળ

### ઉપજાતિ વૃત્ત

ધાત્વાદિક દ્રવ્યો બુધ ધૂળ દેખે,
અનેક આત્મા ચિદબ્રહ્મ લેખે;
દષ્ટિ વિકારે જૂજવા જણાશે,
અજ્ઞાનીને ભેદ અનેક ભાસે. ૬૮

માટે અમે તો સઘળા પદાર્થો ધૂળના જ દેખીએ છીએ. ધૂળમાંથી પેદા થાય છે ને અંતે ધૂળની ધૂળ.

**રંગલો :** શાબાશ, બ્રહ્મજ્ઞાની શાબાશ !

**દેવબાઈ :** જીવરામ ભટ્ટ, તમે બડા હુંશિયાર તો ખરા.

**રંગલો :** હજી તો એની હુંશિયારી આગળ જતાં વધારે ખીલશે, જુઓ તો ખરાં.

**જીવરામ :** કેમ વારુ ?

**દેવબાઈ :** તમે કોઈ વાતે બોલતાં બંધાતા નથી.

**જીવરામ :** બોલતાં બંધાય એ તો વળી મરદ કહેવાય કે !

**રઘનાથ :** જો વળી સારી પેઠે ભણ્યા હોત તો પૃથ્વી ઉપર પગ મૂકત નહિ, અધ્ધર ને અધ્ધર ચાલત.

**રંગલો :**

### ઉપજાતિ વૃત્ત

કુભારજા પુત્ર કદી જણે જો,
કુપાત્ર વિદ્યા વધતી ભણે જો;
અધર્મીને જો અધિકાર આવે,
અજ્ઞાનીને ભેદ અનેક ભાસે. ૬૯

**દેવબાઈ :** અમારા સોમનાથને છ મહિના તમારી પાસે રાખીને તમારા જેવો હોશિયાર કરશો ?

**જીવરામ :** તમારા સોમનાથમાં શો માલ છે ?

**રંગલો :** આ વરરાજામાં બહુ માલ છે.

**સોમનાથ :** (જીવરામ ભટ્ટને) ત્યારે તમારામાં શો માલ છે ? શુક્રવારની ગુજરીમાં લઈ જઈને વેચ્યા હોય તો કોઈ બે પઈસા પણ આપે નહિ.

**જીવરામ :** અરે અહીં આવતાં રસ્તામાં એક ગામ આવે છે, ત્યાંના તળાવની પાળે કોઈ એક પરદેશી સરદાર ઊતર્યો હતો. તેની આગળ કીમિયાની વાત નીકળી ત્યારે અમે કહ્યું કે બરાબર સામાન હોય તો અમે રોજ પાંચ રૂપિયાભાર રૂપું બનાવી આપીએ.

**રંગલો :** ત્યારે તો તું ભિખારી શેનો હોત ?

**સોમનાથ :** પછી તે સરદારે શું કહ્યું ?

**જીવરામ :** તેણે કહ્યું કે ત્યારે તો મહારાજ, કોળી લોકો રાતમાં ખાતર પાડીને તમે સૂતા હો તે ખાટલા સુધ્ધાં જેમ ચિત્રલેખા અનિરુદ્ધને ઉપાડી ગઈ હતી તેમ તમને ઉપાડીને પરદેશમાં વેચી આવે, તો તેને બે હજાર રૂપિયા મળે. કેમકે તમને વેચાતા રાખનારને રોજ પાંચ રૂપિયાભાર રૂપું મળે.

**સોમનાથ :** બીજા કોઈ તે વખતે ત્યાં હતા કે ?

**જીવરામ :** કોળી લોકો રાતે ચોકી કરવા આવેલા, તેઓ ત્યાં હતા.

**સોમનાથ :** ત્યારે તો કોળી લોકો રાતમાં તમારો ખાટલો ઉપાડી જઈને તમને પરદેશમાં વેચી આવશે તો શું કરશો ?

**જીવરામ :** અરે ! દશ કોળી આવ્યા હોય તો હું એકલો અનિરુદ્ધની પેઠે ભોગળ લઈને ઘૂમું ને તેઓને મારીને કાઢી મૂકું. એમનો શો ભાર છે ?

**દેવબાઈ :** (ખાટલો પાથરી આપે છે.) જીવરામ ભટ્ટ હવે તમે આ ખાટલા ઉપર સૂઈ રહો. આ પાણીનો લોટો તમારે વાસ્તે ભરીને મૂક્યો છે. હવે તમારે કાંઈ જોઈએ છે ?

**રંગલો :** જીવરામ ભટ્ટને ખાસડાંનો માર જોઈએ છે.

**જીવરામ :** ના, હવે કાંઈ જોઈતું નથી. જાઓ, તમે તમારે સૂઈ રહો. ઘણી રાત ગઈ છે.

**ગંગા :** (હસીને) જાગતા સૂજો, ચોર લોકો આવીને તમને ઉપાડી જાય નહિ.

**જીવરામ :** તમે જાગતાં સૂજો. તમને ઉપાડી જાય નહિ.

**ગંગા :** હવે હું મારે ઘેર જાઉં છું.

**દેવબાઈ :** સવારે આવજે.

**ગંગા :** અરે, જીવરામ ભટ્ટ આવ્યા છે, માટે સવારે તો બધા મહોલ્લાની બાઈડીઓ અને છોકરાં જોવા આવશે અને હું પણ આવીશ.

(તે જાય છે)

(પથારીઓ કરીને સર્વ સૂઈ રહે છે.)

**જીવરામ :** (વિચારે છે) હજી સુધી ઈશ્વરે આપણો ટેક રાખ્યો છે. હજી આપણી ખોડ કોઈના જાણવામાં આવી નથી.

**રંગલો :** બે પગે ચાલે એટલાં જ માણસો જાણે છે.

**જીવરામ :** હવે દહાડો ઊગ્યે સૂતા ઊઠીશું એટલે તો આપણે સાત પાદશાહના પાદશાહ છીએ.

**રંગલો :** ઠગનો પાદશાહ.

**જીવરામ :** તોપણ આજની રાત જાય, ત્યારે પાર પડ્યા કહેવાઈએ. કહ્યું છે કે -

**ઉપજાતિ વૃત્ત**

જરાતરા જોખમમાંહી છૈયે,

ત્યાં સુધી ચિંતા ચિતમધ્ય લેવે;
અપાર સિંધુ જળ નાવ તારે,
કદાપિ બૂડે પછી જૈ કિનારે. ૭૦

**જીવરામ :** (ઊંઘી જાય છે, તેનાં નસકોરાં જોરથી બોલે છે.)

**રંગલો :** હવે બધાં શબાકાર થઈ ગયાં.

**ચૌર્ય પ્રસંગ**

**જીવરામ :** (જાગીને) અરે પ્રભુ ! લઘુશંકા કરવા ખાળે જવાની જરૂર છે. હવે ખાળ શી રીતે જડશે ? કદાપિ ખાળે જઈ પહોંચીએ, પણ પાછા આવતાં આ ખાટલો નહિ જડે અને કોઈક બીજાની પથારીએ જઈ ચડીએ તો મોટી ફજેતી થાય. હવે શું કરવું ? હે ઇષ્ટદેવ, હવે તું મારી લાજ રાખજે. વારુ, આ પાઘડીનો છેડો ખાટલાના પાયા સાથે બાંધીએ અને બીજો છેડો હાથમાં રાખીને ખાળે જઈએ. (તેમ કરે છે.x) (વચમાં પાડી આવીને પાઘડી ચાવીને બે કટકા કરે છે.)

**જીવરામ :** અરે પ્રભુ ! હવે શું કરીશું ? ખાટલો શી રીતે જડશે ? હવે પૂરી ફજેતી થવાની ! (ફાંફાં મારતો સાસુના ઉપર જઈને પડે છે. મશાલ બુઝાઈ જાય છે.)

**દેવબાઈ :** (બૂમ પાડીને) અરે ! ચોર છે ! ચોર છે ! જાગો ! જાગો ! (એમ કહીને નાસે છે.)

**સોમનાથ :** મારો ! મારો ! મારો ! માજી દીવો કરો, દીવો કરો ! મારો ! (ઝાપટે મારે છે.)

**રઘનાથ :** પોલીસના સિપાઈઓ આવી પહોંચ્યા પહેલાં ખૂબ હાથરસ લઈ લો. એના શરીરનું એકે હાડકું સાજું રાખશો નહિ. (ઝાપટે તથા લાકડીએ મારે છે.)

**રંગલો :** મારો ! મારો ! મારો ! (તે પણ મારે છે.)

**જીવરામ :** અરે હું છું ! એ તો હું છું ! મેં સાસુજીને લાત મારી હતી, માટે માફી માગવા આવ્યો છું. (તે કોઈ સાંભળતું નથી.)

**રઘનાથ :** ચોરીની માફી હોય નહિ, મારો ! મારો ! મારો !

**દેવબાઈ :** દોડજો ! દોડજો ! ચોર છે ! ચોર છે !

પોલીસના બે સિપાઈઓ : (બારણાં+ ઠોકે છે) બારણાં ખોલો, બારણાં ખોલો.

**દેવબાઈ :** (બારણાં ઉઘાડે છે.)

**સિપાઈ :** (આવીને) કીધર હે ચોર ? કિધર હે ચોર ?

**સોમનાથ :** આ રહ્યો સાહેબ ! આ રહ્યો સાહેબ !

**રઘનાથ :** પકડી જાઓ, પકડી જાઓ.

**સિપાઈ :** (પકડીને હાથ બાંધે છે અને બીજાં સઉ કલબલાટ કરે છે.)

---

x માથે ચાદર ઓઢીને જાય. + પડદા પાછળ રહીને બોલે.

**દેવબાઈ :** અરે મારા પગમાંથી કલ્લાં કાઢતો હતો.

**સોમનાથ :** હું ઊઠ્યો તેવો મેં તરત નજરે દીઠો.

**એક સિપાઈ :** (બાંધીને લઈ જાય છે. બીજા ઊભા રહે છે.)

**રઘનાથ :** (અરે દીવો કરીને ઘરમાં તપાસ કરો. શું શું ગયું ?

**સોમનાથ :** મને ધબકારા જણાતા હતા તેથી હું જાણું છું કે સાત કે આઠ ચોર ઘરમાં પેઠા હતા. પણ બીજા નાસી ગયા અને એ એક જ પકડાયો.

**રઘનાથ :** પગીને બોલાવો, પગેરું કહાડવું પડશે.

**સોમનાથ :** અરે ! એક હજામને બોલાવો, મશાલ કરવી પડશે.

**રઘનાથ :** રસોઈ કરવાનાં વાસણ તપાસો, છે કે ચોર લઈ ગયા ?

**દેવબાઈ :** (પડદામાં જઈ આવીને) વાસણ તો બધાં રહ્યાં છે. મેં ગણી વાળ્યાં.

**સોમનાથ :** અરે ! મારી ભણવાની પોથી પણે હતી તે છે કે નહિ ?

**દેવબાઈ :** પોથી તો આ રહી.

**રઘનાથ :** પેલા હાંલ્લામાં જનોઈજોટા ૩ હતા તે છે કે ગયા ? તપાસ કરો.

**દેવબાઈ :** જનોઈના જોટા તો રહ્યા છે.

**સોમનાથ :** અરે ! વિભૂતિના ગોળા દેવપૂજાની ઓરડીમાં હતા તે તપાસો, છે કે ચોર લઈ ગયા.

**રઘનાથ :** વિભૂતિના ગોળા તો રહ્યા છે રહ્યા, પણ સાથે ગૌમુખી ને આસનિયું પણ રહ્યું છે !

**દેવબાઈ :** અરે ! આ ખાટલામાં જીવરામ ભટ્ટ સૂતા હતા તે ક્યાં ગયા ?

**રઘનાથ :** ચોરની બીકથી નાસીને ખાટલા હેઠે કે બીજે ક્યાંય સંતાઈ રહ્યા હશે.

**સોમનાથ :** ઓ જીવરામ ભટ્ટ ! ઓ જીવરામ ભટ્ટ ! આટલામાં તો ક્યાંય જણાતા નથી.

**રંગલો :** જીવરામ ભટ્ટ ગયા જમરાજાને ઘેર. હવે ત્યાં એને મિથ્યાભિમાનનું ફળ સારી પેઠે મળશે.

**રઘનાથ :** આ ખાટલાને પાયે પાઘડીનો અડધો કટકો બાંધેલો છે, આનું કારણ શું હશે ?

**સોમનાથ :** જરૂર પેલા કોળીલોકો જીવરામ ભટ્ટને ચોરીને લઈ ગયા. આ ખાટલાને પાયે પાઘડીના કટકા બાંધીને ખાટલો ઊંચકી જવાનો વિચાર કર્યો હશે પણ તેમ બની શક્યું નહિ હોય તેથી તેમને ઊંચકીને લઈ ગયા.

**દેવબાઈ :** અરે ! હાય ! હાય ! બે હજાર રૂપૈયા ખરચતાં પણ એ જમાઈ હવે આપણને ક્યાંથી મળે ?

**રંગલો :** ખરી વાત છે. એના જેવો મિથ્યાભિમાની જગતમાંથી મળવાનો નહિ.

**રઘનાથ :** હવે એને વેગળા દેશમાં લઈ જઈને વેચશે એટલે તે ચોરલોકને બે હજાર રૂપૈયા મળશે.

**દેવબાઈ** : (છેડો વાળીને) પરૂણા રે તારું મોઢું હવે હું ક્યાં દેખીશ ! ઉ હું હું હું !

**રઘનાથ** : છાની રહે છાની રહે; મૂઆ પહેલી મોંકાણ શી ?

**રંગલો** : અરે કરવા દોને, આગળથી કરી મૂકી એટલે પછીથી કરવી મટી.

**સિપાઈ** : તુમેરી કુછ માલમત્તા ગઈ હોય સો અબી કહો. કિતને રૂપૈયેકી મતા ચોરાઈ ?

**દેવબાઈ** : અરે ભાઈ, અમારી એવી ચીજ લઈ ગયા કે બે હજાર રૂપૈયા ખરચતાં પણ મળે નહિ.

**સિપાઈ** : અચ્છા મેં જમાદારકુ કઉંગા.

**દેવબાઈ** : તે ચોરને પકડીને ક્યાં લઈ ગયા ?

**સિપાઈ** : ઉસકુ અબ કાચી કેદમેં રખેગા ઓર ખૂબ માર મારેગા. તબ ચોરીકા માલ કબૂલ કરેગા. નહિ તો ઓ સાલા કબી માનનેવાલા નહિ.

**રઘનાથ** : સરકારનો એવો હુકમ હશે કે ?

**સિપાઈ** : સરકારકા કાયદા તો બડા ખરાબ હે, ચોરકુ મારનેકા હુકમ નહિ. ગાયકવાડી રાજમેં એસા હે કે ચોરલોકકું પકડકે પાંઉ મેં મેખાં મારતા હે. ઓર ગરમ તેલ છીટતા હે, તબ ચોરલોક તુરત ચોરીકા માલ નિકાલ દેતા હે.

**રંગલો** : ઠીક છે. આ ચોરને પણ એમ કરજો. તે એ જ લાગનો છે.

**સિપાઈ** : સામલાજીકા થાણદારને ચોર પકડા થા. ઓ ચોરી કી બાત બિલકુલ ઈનકાર કરતા થા. પછી થાણદારને જબ ખૂબ માર મરાયા તબ દો હજાર રૂપૈયા કા માલ નિકાલ દિયા. દૂસરા રાજા હોવે તો એસા થાણદારકુ બડા ઈનામ દેવે. લેકિન સાદરાકા સાહેબ કે આગે ચોરલોકને જાહેર કિયા. હમકુ માર મારકે ચોરી કબૂલ કરવાઈ.

**રઘનાથ** : પછી સાહેબ શો હુકમ કર્યો !

**સિપાઈ** : સાહેબ ઓ થાણદારકુ છે મહિનેકી સખ્ત મજૂરી સાથ કેદકી સજા કીની, ઓર નોકરીસે બરતરફ કિયા.

**રઘનાથ** : એ તો બહુ ખોટું કર્યું.

**સિપાઈ** : જોધપુરકા મહા રાજકા એસા કાયદા હે કે એસા કોઈ ચોર પકડાયા કે તુરત વો ચોરકુ લીલે કાંટેમેં જલાઈ દેના. બસ, દૂસરા કુછ પૂછનાઈ નહિ. જબ ઓ મુલકમેં કોઈ ચોરી કરતા નહિ. અંગ્રેજ સરકારકા રાજ્યમેં બડા અંધેર હે. કહેતા હે કે ચોરને ચોરી કીયા ઈસકા સાહેદી લાઓ સો ચોરકા સાહેદી કહાંસે મિલે ? કુછ ચોરલોક સાહેદી પૂરનેવાલેકુ ભેલી લેતા આતા હે ક્યા ?

**સોમનાથ** : હવે આ ચોરીનો મુકદ્દમો ક્યારે ચાલશે ?

**સિપાઈ** : કલ દસ બજે ફોજદાર સાહેબકી કચેરી મેં હાજર હોના.

**સોમનાથ :** ઠીક છે, આવીશું. (સિપાઈ જાય છે.)

**રંગલો :** સોમનાથ ભટ્ટ, તમે બડી બહાદુરીથી ચોરને પકડ્યો છે હો ! અને આ ઠેકાણે તેનો વાંસો પણ ઠીક હળવો થયો છે.

**રઘનાથ :** તેના નસીબથી મારા હાથમાં તે સમે લાકડી સારી આવી ગઈ.

**સોમનાથ :** અરે મેં તો એવો એને માર્યો કે સો વસા તો તે જીવશે નહિ, પણ કદાપિ જીવતો રહેશે તો આપણા ઘર સામું ફરીથી કોઈ દહાડે જોશે નહિ.

(પડદો પડ્યો)

ગાનારા ગાય છે.

●

## અંક સાતમો

પાત્ર

૧.ફોજદાર ૨. શિરસ્તેદાર ૩-૪ પોલીસના બે સિપાઈઓ
૫. રઘનાથ ભટ્ટ ૬. સોમનાથ ૭. જીવરામ ભટ્ટ ૮. રંગલો

### પ્રવેશ પહેલો

**સ્થળ : ફોજદારની કચેરી**

(પડદો ઊપડ્યો. ત્યાં ગાદી-તકિયા ઉપર ફોજદાર અને શિરસ્તેદાર બેઠા છે, આગળ દફતરો પડ્યાં છે અને પોલીસનો એક સિપાઈ ઊભો છે.)

**ફોજદાર :** (શિરસ્તેદારને) પેલો સાગો[x] લૂંટાયો હતો તેના ચોર કાચી કેદમાં છે, તેનું કામ કાઢો.

**શિરસ્તેદાર :** સિપાઈ, જમાદારને બોલાવો.

**સિપાઈ :** અચ્છા સાહેબ. (જાય છે.)

**જમાદાર :** (આવીને) સલામ સાહેબ.

**ફોજદાર :** કેમ જમાદાર, પેલો સાગો લૂંટનારા ચોર કાંઈ કબૂલ કરે છે કે નહિ ?

**જમાદાર :** અરે ખાવિંદ, એ તો બડા લુચ્ચા હે.

**ફોજદાર :** બધા ચોર લોકો હવે અંગ્રેજી કાયદાથી વાકેફ થયા છે, માટે એમ તો કબૂલ કરવાના જ નહિ. જ્યારે તેમના ઉપર ગાયકવાડી ખૂબ ચલાવીએ ત્યારે જ ચોરી કબૂલ કરે.

**જમાદાર :** મેરી ઉમરમેં તો કોઈ એસા દેખા નહિ હે, ગાયકવાડી ચલાયે બિના ચોરી કબૂલ કરી હોયગી.

**ફોજદાર :** આ ચોર ઉપર તેમ કર્યું કે નહિ ?

**જમાદાર :** હા સાહેબ, જબ મર જાય એસા માર મારા તબ સબ બાત કબૂલ કીની, ઓર ચોરીકા મુદ્દા બી બતાતા હે. (રઘનાથ ભટ્ટ અને સોમનાથ આવે છે.)

**રઘનાથ :** આશીર્વાદ, રાજાધિરાજ.

**ફોજદાર :** આવો મહારાજ, પગે લાગું.

**સોમનાથ :** અન્નદાતા, અમે ઘણીવાર થઈ બહાર આવીને બેસી રહ્યા છીએ. હવે

x કોઈ શાહુકારનું નાણું પરગામ લઈ જતાં રસ્તામાં લૂંટાય તે.

અમારી ચોરીના મુદ્દાનો તપાસ થવો જોઈએ.

**ફોજદાર :** કેટલા રૂપૈયાનો તમારો માલ ચોરાયો છે ?

**રઘનાથ :** રાજાધિરાજ, બે હજાર રૂપૈયા ખરચતાં મળે નહિ, એવી ચોરી થઈ છે.

**ફોજદાર :** અરે ! રામ રામ ! બિચારા બ્રાહ્મણને ભીખ માગતા કર્યા તો – અરે જમાદાર !

**જમાદાર :** હાજર સાહેબ !

**ફોજદાર :** ગઈ રાતે આ બ્રાહ્મણને ઘેરથી ચોર પકડાયો, તેને તમે કાંઈ સમજૂતી આપી કે નહિ ?

**જમાદાર :** અરે ! ખાવિંદ, સારી રાત સમજાયા, ઓર અબી તક સમજાયા. લેકિન ઓ તો કુછ કબૂલ કરતાઈ નહિ.

**ફોજદાર :** (રઘનાથ ભટ્ટને) કેટલા ચોર તમે દીઠા હતા ?

**સોમનાથ :** અન્નદાતા, ચાર કે પાંચ ચોર હતા એવું મને લાગે છે.

**ફોજદાર :** (જમાદારને) બીજા ચોરોનાં નામ તે ચોર બતાવે છે કે નહિ ?

**જમાદાર :** નહિ સાહેબ, કુછ નહિ બતાતા. ઓ બમનકુ ગાલિયાં દેતા હે, સો સુનકે હમકુ બોત ગુસ્સા લગતા હે.

**ફોજદાર :** તે શું કહે છે ?

**જમાદાર :** એ તો સાલા કહેતા હે કે મેં તો એ બમનકા જમાઈ લગતા હું.

**ફોજદાર :** ત્યારે એના ઉપર ગાયકવાડી ખૂબ ચલાવો ને ! તે વિના કાંઈ કબૂલ કરશે ?

**રંગલો :** (જમાદારને) હં ! એ તો તમે તમારે આંખો મીંચીને ખૂબ માર મારો ને ! પછી બધાં સારાં વાનાં થશે.

**જમાદાર :** ખાવિંદ, બોત ગાયકવાડી ચલાઈ. એવી તો હમને અબી તલક કોઈ ચોર ઉપર ચલાઈ નહિ હે.

**ફોજદાર :** જાઓ, જાઓ ! તેને બેક વધારે સમજૂતી આપો અને ગમે તેમ કરી ચોરીનો માલ પાછો આપે એવું કરો તો તમને ઇનામ અપાવીશું અને વળી તમારી તારીફનો રીપોર્ટ કરીશું, તેથી તમને મોટા પગારની જગો મળશે અથવા ખાનબહાદુરનો ખેતાબ મળશે.

**જમાદાર :** અચ્છા સાહેબ, આપકી મહેરબાની. (તે જાય છે.)

**રઘનાથ :** ગૌબ્રાહ્મણપ્રતિપાળ ! જ્યારે તે ચોરને ખૂબ દમ ભીડાવશો ત્યારે તે ચોરીનો મુદ્દો કબૂલ કરશે, નહિ તો નહિ કરે.

**ફોજદાર :** જમાદારને કાંઈ કહેવું પડે એમ નથી. ચોરને મરણતોલ માર મારશે, પછી તો તમારું નસીબ.

**રંગલો :** ખરી વાત છે. કાં તો નસીબ ઊઘડે છે, ને કાં તો ફૂટે છે.

**સોમનાથ :** અન્નદાતા, જગતમાં રહી શકાય નહિ એવી અમારે માથે થઈ છે.

**ફોજદાર :** હા મહારાજ, હા. બે હજાર રૂપૈયાની ચોરી, તે શું કાંઈ નાનીસૂની વાત છે ? એ તો તમ જેવા ગરીબ માણસને મનખાના ગયા જેવું.

**જમાદાર :** (આવીને) ખાવિંદ, એ તો મૂઆ જેસા હો ગયા, લેકિન કુચ્છ મુદ્દા કબૂલ કરતા નહિ.

**રંગલો :** હજી કાચું હશે. છેક મરી ગયો નહિ હોય.

**ફોજદાર :** ત્યારે આપણે શું કરીએ ? ભોગ બિચારા ગરીબ બ્રાહ્મણોના. એનાં નસીબ.

**રઘનાથ :** અન્નદાતા, અમે માર્યા જઈએ છીએ.

**ફોજદાર :** ભોગ તમારા ! હવે અમે શું કરીએ ?

**સોમનાથ :** હજી બેક વધારે ધમકી દેવરાવો તો ?

**ફોજદાર :** હવે વધારે તે કેટલી ધમકી દેવરાવીએ ? કહે છે કે તે ચોર મૂઆ જેવો થઈ ગયો. કદાપિ કાચી કેદમાં મરી જાય, તો અમે ગુન્હેગાર ઠરીએ; અને તમારા સારુ નોકરી ખોઈ બેસીએ. પછી ત્રણ ખૂણાની ટોપી કોઈની નહિ, તે તમને ખબર છે ?

**રઘનાથ :** ત્યારે શું કચેરીમાં આવીને તે ચોરીનો મુદ્દો કબૂલ કરશે ?

**ફોજદાર :** કચેરીમાં તો કોઈ કબૂલ કરે નહિ. એવો કોણ ગાંડો હોય કે જાણી જોઈને ચોર થાય ? તમારી તરફનો પુરાવો મજબૂત હશે તો તે ચોરને કેદની શિક્ષા થશે; પણ ચોરીનો માલ હાથ આવવાનો નહિ.

**સોમનાથ :** ચોરને કેદની શિક્ષા થાય તેમાં અમારા ઘરમાં શું રંધાયું ?

**રઘનાથ :** (સોમનાથના કાનમાં) જરૂર જમાદારને તે ચોરે લાંચ આપી. નહિ તો બીજા લોકોની ચોરીનો મુદ્દો કબૂલ કરાવે છે અને આપણો કેમ કબૂલ ના કરાવે ?

**સોમનાથ :** હા, ખરેખરું, એમ જ થયેલું. ફોજદારનો પણ માંહી ભાગ હશે.

**રંગલો :** (સભા સામું જોઈને) આ ગામના ફોજદાર સાહેબ કે તેમના કારકુન કોઈ આટલામાં છે કે ? કેમ સાહેબ, તમને એમાંથી કાંઈ મળવાનું ખરું કે ? જો મળવાનું હોય તો તેમાંથી આ નાટક મંડળી ઉપર પણ કાંઈક મહેરબાની કરજો.

**રઘનાથ :** તેથી જ ફોજદાર ઢીલું મૂકે છે તો.

**ફોજદાર :** (જમાદારને) હશે, તે ચોરને કચેરીમાં લાવો.

**જમાદાર :** ખાવિંદ, ઓ ગલ સકે એસા નહિ હે. બોત આજારી હે.

**ફોજદાર :** વારુ, ખાટલ નાં ઘાલીને લાવો.

(જમાદાર તથા સિપાઈ ને જઈને ખાટલામાં ઘાલીને ઉપર ચાદર ઓઢાડીને લાવે છે.)

**ફોજદાર :** પણે એક ખૂણે ખાટલો મૂકો. (તેમ મૂકે છે.)

**રંગલો :** અરે ! લઈ જાઓને પરભાર્યા મસાણમાં; નહિ તો આ કચેરીના લોકોને અભડાવશે.

**જીવરામ :** (ઝીણા સ્વરે) અરે ! મને મારી નાખ્યો રે બાપ !

**રંગલો :** આ મિથ્યાભિમાનનું ફળ.

**જમાદાર :** (ધમકી દઈને) છાનામાના પડા રહે.

**ફોજદાર :** તે શું કહે છે ?

**જમાદાર :** એ તો સાલા કહેતા હે કે મેરેકુ માર ડાલા.

**રંગલો :** અરે ! સારાં નસીબ જાણ ને કે આટલો જીવતો રહ્યો છે. નહિ તો કાચી કેદમાંથી તો કંઈક પરભાર્યા મસાણમાં ગયેલા છે, તેનો પત્તો જ લાગ્યો નથી.

**ફોજદાર :** (શિરસ્તેદારને) કાંઈ ફિકર નહિ. જુબાની લેતાં પણ કદાપિ એમ બોલે તો તે વાત લખવાની જરૂર નથી. કેમકે એ તો બધા ચોર લોકો એવું બોલવા શીખ્યા છે કે મુદ્દો કબૂલ કરવા સારુ મને માર માર્યો.

**શિરસ્તેદાર :** રઘનાથ ભટ્ટ, પહેલી તમારી જુબાની લખાવો.

**રઘનાથ :** અમારાં કર્મ ફૂટ્યાં, હવે અમારી શી જુબાની લખાવવી છે ?

**રંગલો :** હજી તો કર્મ ફૂટવાનાં આગળ છે.

**રઘનાથ :** આ હાથોહાથ ચોર પકડાયો છે, તો પણ અમારા ગરીબ માણસની ચોરીનો ક્યાં પત્તો લાગવાનો છે !!

**ફોજદાર :** મહારાજ, સમાલી જુબાની લખાવો, જો બેઅદબી બોલશો તો શિક્ષા થશે.

**સોમનાથ :** સમય તો એવો જ છે કે 'ઊલટો ચોર કોટવાળને દંડે.'

**શિરસ્તેદાર :** તમારું નામ રઘનાથ ભટ્ટ ?

**રઘનાથ :** હા, મારું નામ રઘનાથ ભટ્ટ. (તે લખે છે.)

**શિરસ્તેદાર :** તમારા બાપનું નામ ?

**રઘનાથ :** મારા બાપનું નામ અનથારામ.

**શિરસ્તેદાર :** જાતે ખેડાવાળ, ગોમતીવાળ, રોઢવાળ કે પલેવાળ છો ?

**રઘનાથ :** અમે લાડુવાળ બ્રાહ્મણ છીએ. (હાથે લાડવો વાળી દેખાડે છે.)

**શિરસ્તેદાર :** તમારી ઉંમર કેટલા વરસની છે ?

**રઘનાથ :** આશરે પચાસ વર્ષ થયાં હશે, પછી દશ-વીશ આમ કે દશ-વીશ આમ.

**શિરસ્તેદાર :** તમારો ધર્મ ?

**રઘનાથ :** મિષ્ટાનપંથીનો ધર્મ અમે પાળીએ છીએ.

**શિરસ્તેદાર :** શો ધંધો કરો છો ?

**રઘનાથ :** પત્રાળી ભરવાનો.

**શિરસ્તેદાર :** કિયા મહોલ્લામાં રહો છો ?

**રઘનાથ :** ઢેડપરીમાં.

**શિરસ્તેદાર :** કહો કે પરમેશ્વર માથે રાખીને સાચેસાચું લખાવીશ.

**રઘનાથ :** પરમેશ્વર માથે રાખીને આ રાજ્યના દસ્તૂર પ્રમાણે સાચેસાચું લખાવીશ.

**શિરસ્તેદાર :** કહો કે જૂઠું લખાવું તો મને પરમેશ્વર પૂછે !

**રઘનાથ :** જેવા તમને પરમેશ્વર પૂછે, એવો અમને પણ પરમેશ્વર પૂછે.

**શિરસ્તેદાર :** કહો શી રીતે થયું ?

**રઘનાથ :** ગઈ રાતે અમારા ઘરમાં ચોર પેઠા હતા.

**શિરસ્તેદાર :** કેટલા ચોર હતા ?

**રઘનાથ :** આશરે ચાર-પાંચ ચોર હતા, પણ ખરેખરો તો એક જ અમારા જોવામાં આવ્યો.

**શિરસ્તેદાર :** પછી શું થયું ?

**રંગલો :** પછી શું થયું તે શું ? ખૂબ હાથરસ લીધો.

**સોમનાથ :** (રઘનાથ ભટ્ટના કાનમાં) બાઈડીઓનું નામ દેશો નહિ, નહિ તો બાઈડીઓને કચેરીમાં બોલાવશે.

**રઘનાથ :** પછી અમે બૂમો પાડી એટલે બીજા ચોર નાસી ગયા અને એક પકડાયો.

**શિરસ્તેદાર :** કોણે પકડ્યો ?

**રઘનાથ :** ચોકીના સિપાઈઓ આવી પહોંચ્યા તેઓએ પકડ્યો.

**શિરસ્તેદાર :** ઘરમાં દીવો હતો કે અંધારું હતું ?

**રઘનાથ :** અંધારું હતું, દીવો ઓલવાઈ ગયો હતો.

**રંગલો :** એ તો અંધારે બહેરું કુટાઈ ગયું.

**શિરસ્તેદાર :** ક્યાંય ખાતર પાડ્યું છે કે ? ક્યાં થઈને પેઠા ?

**રઘનાથ :** ખાતર તો ક્યાંય પડેલું જણાતું નથી.

**શિરસ્તેદાર :** સિપાઈ આવ્યા ત્યારે ખડકીનું બારણું બંધ હતું કે ઉઘાડું હતું ?

**રઘનાથ :** બારણું બંધ હતું તે સિપાઈઓએ બારણું ઠોક્યું એટલે અમારી ઘરવાળીએ - ના, ના, મેં જ ઉઘાડ્યું હતું.

**રંગલો :** જો જો, પરમેશ્વર માથે રાખીને સાચેસાચું બોલજો.

**શિરસ્તેદાર :** ત્યારે ચોર કિયે રસ્તે થઈને નાસી ગયા ?

**રઘનાથ :** તે તો અમને કાંઈ ખબર પડી નહિ.

**રંગલો :** નસીબમાંથી ઊતર્યા હતા અને નસીબને રસ્તે ગયા.

**શિરસ્તેદાર :** તમે ચોરને ઓળખી શકશો કે ?

**રઘનાથ :** એમાં શું ઓળખવું છે ? સિપાઈઓ અમારા ચોરને પકડી ગયા એ જ તો. આ ખાટલામાં સૂતો છે તે.

**રંગલો :** હા, એને ફાંસી દેવાનો અત્યારે હુકમ કરો તો રઘનાથ ભટ્ટ બહુ રાજી થાય.

**શિરસ્તેદાર :** ત્યાં ખાટલા પાસે જઈને એનું મોં જુઓ.

**રઘનાથ :** રાતે અંધારામાં અમે ચોરનું મોં દીઠું નથી.

**શિરસ્તેદાર :** ત્યાં જઈને જુઓ, કાંઈપણ નિશાની બતાવી શકો છો ?

**રઘનાથ :** (ચોરનું મોં જોવા જાય છે.)

**રંગલો :** મશાલ પાસે રાખીને ખૂબ નિહાળીને જોજો ! લાવો બીજી બે-ચાર મશાલો કરાવીશું ?

**રઘનાથ :** (ચાદર ઊંચી કરી, મોં જોઈને) અરે ! જીવરામ ભટ્ટ તમે ક્યાંથી ?

**રંગલો :** ક્યાંથી તે ક્યાંથી ? ચિત્રલેખા હરણ કરી લાવી.

**જીવરામ :** અરે ! મારા મિથ્યાભિમાને મને આ દશાએ પહોંચાડ્યો. હું હવે બીજા કોઈનો વાંક કાઢતો નથી.

**રંગલો :** હવે સમજ્યો. આટલા દહાડા તો ખબર પડતી નહોતી.

**રઘનાથ :** (ફોજદારને) મહારાજ, આ તો અમારો જમાઈ છે તેને જ ચોર લઈ ગયા હતા. બીજી કાંઈ જણસ અમારી ચોરાઈ નથી.

**ફોજદાર :** (શિરસ્તેદારને) હવે કેમ કરવું ?

**રંગલો :** કેમ કરવું તે શું ? હવે શિરસ્તા પ્રમાણે જ તો.

**શિરસ્તેદાર :** આ કામ અદ્ધરથી કહાડી નાંખવું પડશે. નહિ તો વળી એમાંથી સો લફરાં જાગે.

**ફોજદાર :** એને ઘેર લઈ જવા દેશું કે ?

**રંગલો :** અરે ! અહીં કચેરીમાં ખોરી ઘાલો ને !

**શિરસ્તેદાર :** ન લઈ જવા દઈએ તો થોડી વારમાં મરી જાય એવો છે અને જો કામના કાગળો રાખીએ તો સાહેબ કહેશે કે જાહેર કર્યા વિના ઘેર કેમ જવા દીધો ?

**ફોજદાર :** ખરી વાત છે, એમ જ કરવું પડશે. વારુ, દફતરદાર[x] સાહેબની સલાહ લેશું.

**રંગલો :** એમાં ગફલતદાર સાહેબની સલાહ શી લેવી જ છે ? મારી સલાહ લ્યો ને !

**શિરસ્તેદાર :** એમાં દફતરદારની સલાહ લેવાની જરૂર નથી.

**રંગલો :** કાંઈ આવું કામ પહેલવહેલું નથી. દર મહિનામાં ચારપાંચ કામ અદ્ધરથી ઉડાવવાં પડતાં હશે.

**જમાદાર :** રાતે વો ક્યા કહતા થા કે મેં રઘનાથ ભટ્ટકા જમાઈ હું, લેકિન હમે જાના કે ઓ તો મિજાજ મેં બોલતા હે.

**ફોજદાર :** (રઘનાથ ભટ્ટને) જાઓ. હવે આનો ખાટલો તમારે ઘેર લઈ જાઓ.

**રંગલો :** કરજે વળી મિથ્યાભિમાન. રામ બોલો ભાઈ રામ ! આવજો આ ગામના બ્રાહ્મણો, મારા જીવરામ ભટ્ટને મસાણ સુધી પહોંચાડવા. તમે રોતા રોતા આવશો તો તમારા ઘરનાં માણસ મરશે ત્યારે હું પણ રોતો રોતો મસાણ સુધી પહોંચાડવા આવીશ. (મશાલીને) કેમ અલ્યા ! તું આવીશ કે નહિ ? નહિ આવે તો પછી તારી ડોશી મરશે ત્યારે કોણ આવશે ?

**શિરસ્તેદાર :** બચારાને જીવતાં મસાણમાં લઈ જવાની વાત શા વાસ્તે કરે છે ? હજી તો જીવે છે.

(પડદો પડ્યો.)

ગાનારા ગાય છે.

---

x જ્યાં નાટક થતું હોય, ત્યાંના દફતરદારનું કે દીવાનજીનું નામ લેવું.

## અંક આઠમો

**પાત્ર**

૧. રંગલો ૨. રઘનાથ ભટ્ટ ૩. સોમનાથ
૪. દેવબાઈ ૫. જીવરામ ભટ્ટ ૬. વૈદ્ય

### પ્રવેશ પહેલો

**સ્થળ : રઘનાથ ભટ્ટનું ઘર**

(પડદો ઊપડ્યો, ત્યાં ખાટલામાં જીવરામ ભટ્ટ સૂતા છે અને પાસે રઘનાથ ભટ્ટ, દેવબાઈ, સોમનાથ બેઠાં છે અને રંગલો ઊભો છે.)

**દેવબાઈ :** (રઘનાથને) હળદર અને ભોંયરસો ઊનો કરીને બધે શરીરે ચોપડ્યો હોય તો ઠીક.

**રંગલો :** બેક મરી ને મસાલો ચોપડ્યો હોય તો ઠીક.

**રઘનાથ :** હળદરને ભોંયરસાથી શું થાય ? આવળ મંગાવીને બાફીને બધે શરીરે બાંધવી પડશે.

**રંગલો :** મારું કહ્યું માનો તો ડૉક્ટરને બોલાવીને તેની સલાહ લો.

**દેવબાઈ :** ના, અમારે દાક્તરને નથી બોલાવવો. તેના ઓસડથી ન મટે તો એ તો ઝેર દઈને મારી નાખે.

**સોમનાથ :** આપણા શહેરમાં ત્રિકમલાલx વૈદ્ય વખણાય છે. તેને બોલાવી લાવું ?

**રંગલો :** ત્રિકમલાલ વૈદ્યને ભક્ષ પાક્યો. જો આ ઊગરનારો હશે ને ઊગરશે, તો ત્રિકમલાલ વૈદ્યને ઓછામાં ઓછા પચાસ રૂપૈયા મળશે; અને કદાપિ આ મરી જશે તો ત્રિકમલાલના બાપનું કાંઈ જવાનું નથી. છેલ્લી વારે જમવાનું તો મળશે જ.

**રઘનાથ :** તે કરતાં પેલા જામનગરના વૈદ્ય અંબાશંકર થોડાં વર્ષ થયાં અહીં આવીને રહેલા છે, તે વધારે હુંશિયાર ગણાય છે. ઘણે ઠેકાણેથી તેમને આબરૂ મળી છે, તેમને બોલાવ.

**રંગલો :** અરે ! જામનગરના વૈદ્યનું શું કામ છે ? જમનગરના વૈદને આવવાને હવે વાર નથી.

---

x જે ગામમાં આ નાટક થતું હોય તે ગામના વૈદ્યનું નામ લેવું, પણ વેષમાં તેનું નામ ધરાવવું નહિ.

**સોમનાથ :** તેનું ઘર તો અહીંથી વેગળું છે, માટે ત્રિકમલાલને જ તેડી લાવું ?

**રઘનાથ :** ઠીક છે જા, ઝટ ઉતાવળો આવજે. ( તે જાય છે.)

**દેવબાઈ :** જીવરામ ભટ્ટ, તમે શી રીતે પકડાયા ?

**જીવરામ :** (છેક હળવે બોલે છે, માટે તે સઉને રઘનાથ કહી સંભળાવે છે.) હું રાતમાં લઘુશંકા કરવા ઊઠ્યો હતો, તે ખાટલાના પાયા સાથે પાઘડીનો એક છેડો બાંધીને બીજો છેડો હાથમાં રાખ્યો હતો, પણ વચમાંથી પાઘડી પાડીએ ચાવી ખાધી તેથી તૂટી ગઈ. તેથી હું તમારા ઉપર આવીને પડ્યો, એટલે તમે બૂમ પાડીને નાઠાં કે ચોર છે ! ચોર છે !

**દેવબાઈ :** તમે બોલ્યા નહિ કે એ તો હું છું ?

**જીવરામ :** મેં ઘણુંએ કહ્યું કે હું છું પણ તે શોરબકોરમાં મારો બોલ કોઈએ સાંભળ્યો નહિ; અને ઘણું તો હું શરમમાં પડ્યો. તેથી બોલી શક્યો નહિ.

**દેવબાઈ :** મેં એવું સાંભળ્યું હતું ખરું કે, હું માફી માગવા આવ્યો છું. તે શું તમે કહેતા હતા ?

**જીવરામ :** હા, હું જ કહેતો હતો.

**રંગલો :** આગળ તો 'અમે કહેતા હતા' અને 'અમે ચાલતા હતા' એમ મિજાજમાં બોલતો હતો. હવે કહે છે કે 'હા, હું કહેતો હતો.'

**દેવબાઈ :** શેની માફી માગતા હતા ?

**જીવરામ :** મેં જમતી વખત તમને લાત મારી હતી, તેથી પછી જ્યારે હું તમારા ઉપર પડ્યો ત્યારે મારા મિથ્યાભિમાનની ખોટ ઢાંકવા સારુ હું કહેતો હતો કે મેં તમને લાત મારી છે, તેની માફી માગવા આવ્યો છું.

**રઘનાથ :** મેં જાણ્યું કે ચોરે ચોરી કરી છે તેની માફી માગે છે.

**સોમનાથ :** તમે રાતે દેખતા નથી, ત્યારે મને જગાડીને કહીએ નહિ કે મારે ખાળે જવું છે ? તો હું તમને ખાળે લઈ જાત.

**જીવરામ :** હવે મને ઘણોય પસ્તાવો થાય છે કે એમ કર્યું હોત તો ઠીક.

**રંગલો :**

દોહરો

**જે મતિ પીછે ઊપજે, તે મતિ આગે હોય;**
**કાજ ન વિનસે આપનો, દુર્જન હસે ન કોય. ૭૧**

**રઘનાથ :** દીવો નહોતો, તેથી અંધારામાં મેં અને સોમનાથે પણ તમારા ઉપર લાકડીઓના ઝપાટા માર્યા.

**રંગલો :** અને વળી બંદાએ કચાશ રાખી છે ?

**જીવરામ :** અરે કાચી કેદીમાં આખી રાત જે મેં પીડા ભોગવી છે, તેવી તો જમપુરીના કુંડમાં પણ નહિ હોય.

**દેવબાઈ :** ત્યાં શું તમને સિપાઈઓએ માર્યા હતા ?

**રંગલો :** માર્યા નહોતા. પાટલે બેસાડીને પૂજા કરવા લઈ ગયા હતા !

**જીવરામ :** અરે ! ત્યાં એક લીમડાની ડાળે દોરડું બાંધી મૂકેલું છે, ત્યાં મને નવસ્ત્રો કરી ઊંધે માથે લટકાવ્યો.

**રંગલો :** ત્યારે દિગંબરાસન થયું !

**જીવરામ :** અને ચારે તરફથી સિપાઈઓએ ધોકાના માર મારીને મારી પાંસળીઓ ભાંગી નાખી.

**રંગલો :** ઠીક કર્યું !

**જીવરામ :** મને કહે કે, બીજા ચોરોનાં નામ બતાવ અને ચોરીનો માલ બતાવ. હું કેનું નામ દઉં ? ને શો માલ બતાવું ?

**રંગલો :** આ રઘનાથ ભટ્ટનું નામ દેવું હતું અને માલમાં દેવબાઈ બતાવવાં હતાં, કેમકે તેમણે પોતાની આબરૂ વાસ્તે ઊંચા કુળનો નઠારો વર જોયો, માટે તે પરમેશ્વરના ઘરનાં ચોર છે.

**જીવરામ :** હું નામુકર જાઉં તેમ તેમ સિપાઈઓને વધારે ગુસ્સો ચડતો હતો અને કહેતા હતા કે ખૂબ માર ખાશે ત્યારે માનશે.

**રંગલો :** ખરી વાત. ખૂબ માર ખાધો ત્યારે હવે માન્યું કે મિથ્યાભિમાન છે તે ખોટું છે. તે પહેલાં ક્યાં મનાતું હતું !

**દેવબાઈ :** પછી તમને ક્યારે છોડ્યા ?

**જીવરામ :** પરોઢિયે હું છેક બેહોશ થઈ ગયો ત્યારે મને છોડીને ભોંય ઉપર નાખ્યો.

**રંગલો :** તે વખતે તો ખરેખરું 'શબાસન' થયું હશે !

**જીવરામ :** પણ વળી સવારના દસ વાગતાં મારામાં લગાર ચેતન આવ્યું, એટલે વળી મને મારવા માંડ્યો.

**રંગલો :** એ તો ચડતા પહોરની ષોડશોપચાર પૂજા કરી.

**જીવરામ :** મોઢા ઉપર લાતો મારી.

**રંગલો :** એ મોઢું એ જ લાગનું હતું.

**જીવરામ :** મને મા-બહેન સામી ગાળો દીધાનો તો પાર જ રાખ્યો નહિ.

**રંગલો :** એ તો દેવબાઈએ વીવામાં ફટાણાં થોડાં ગાયાં હશે, તે સિપાઈઓએ પૂરાં કર્યાં.

**દેવબાઈ :** અરર ! મારા પીટ્યા સિપાઈઓ મહા જુલમી.

**રંગલો :** સિપાઈઓ કાંઈ જુલમી નથી, મિથ્યાભિમાન મહા જુલમી છે, એમ જાણવું.

**જીવરામ :** મને પ્રત્યક્ષ કાળ-જમના દૂત જેવા લાગ્યા. તોપણ હું તેઓનો વાંક કાઢતો નથી. કેવળ મારા મિથ્યાભિમાનનો જ વાંક કાઢું છું.

**રંગલો :** હવે સમજ્યો !

**જીવરામ :** જે કોઈ મિથ્યાભિમાન ધરશે, તેને પરમેશ્વર, છતે દેહે અથવા નરકમાં,

આવી પીડા ભોગવાવશે.



**રંગલો :** અલબત્ત.

**જીવરામ :** એવો મેં નિશ્ચય કર્યો.

## પ્રવેશ બીજો

(સોમનાથ વૈદ્યને તેડીને આવે છે.)

**રઘનાથ :** આવો વૈદ્યરાજ ! વૈદ્યને બેસવાને પાટલો લાવો, પાટલો.

**રંગલો :** (બે પાટલા લઈને) લો ને ! કહો તો આ એક પાટલો વૈદ્યને બેસવા અને આ બીજો વૈદ્યના માથા ઉપર મૂકું.

**વૈદ્ય :** (નાડ તથા શરીર તપાસે છે.)

**રઘનાથ :** નાડ જોવાથી પીડાની ખબર પડતી હશે કે ?

**વૈદ્ય :** અરે ! અમારા બાપ પેશવા સરકારના વૈદ્ય કહેવાતા હતા, તે નાડ જોઈને ખાધેલું ધાન્ય વરતી આપતા હતા.

**રઘનાથ :** કોઈવાર ખાધેલું વરતીને કહેલું ખરું ?

**વૈદ્ય :** એક વાર શેલુકરે અમારા બાપની પરીક્ષા જોવા સારુ બોલાવીને કહ્યું કે અમારી સ્ત્રી માંદી થઈ છે; પણ તે હોઝલમાં રહે છે, તેથી કોઈ પુરુષને મોઢું કે હાથ દેખાડવાની ના કહે છે. માટે કેમ કરવું ?

**રઘનાથ :** પછી વૈદ્યે શું કહ્યું ?

**વૈદ્ય :** કહ્યું કે બાઈને હાથે દોરી બાંધીને તે દોરી મારા હાથમાં આપો.

**રઘનાથ :** પછી ?

**વૈદ્ય :** પછી એક બિલાડીના પગે દોરી બાંધીને વૈદ્યના હાથમાં આપી.

**રઘનાથ :** વૈદ્યે શું કહ્યું ?

**વૈદ્ય :** દોરી જોઈને નાડીની પરીક્ષા કરી ને તરત જ કહ્યું કે આજ આ બાઈએ ઉંદરનું માંસ ખાધું છે.

**રંગલો :** ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, આવો ગપ્પીજી; બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી.

**દેવબાઈ :** વૈદ્યરાજ, જીવરામ ભટ્ટને ભોંયરસો અને હળદર ભરીશું કે આવળ બાંધીશું ?

**રંગલો :** વાહ ! તમે જ ઓસડ જાણતાં હતાં ત્યારે વળી વૈદ્યનું શું કામ હતું ?

**વૈદ્ય :** બહુ અમૂઢ માર વાગેલો છે, માટે નગરશેઠને[x] ત્યાંથી મુમઈ લાવીને થોડીક પાઓ તો ઠીક.

**સોમનાથ :** મુમઈ શેની થતી હશે ?

**વૈદ્ય :** એવું સાંભળ્યું છે કે શરીરે સાજો અને તાજો માણસ હોય તેને પકડી લઈને

x જ્યાં આ નાટક થતું હોય ત્યાંના નગરશેઠનું નામ લેવું.

અથવા વેચાતો લઈને એકબે મહિના સુધી ખૂબ મિષ્ટાન્ન તથા મસાલા ખવરાવીને શરીરે પુષ્ટ કરીને, પછી તેને મધની ભરેલી કોઠીમાં નાંખે છે; અને બેત્રણ મહિના રહેવા દઈને તેનું માંસ અને મધ કાલવે છે. તેની મુમઈ+ થાય છે તે બહુ પુષ્ટિકારક હોય છે, માટે મોટા મોટા શાહુકારો ઘરમાં રાખે છે.

**રંગલો :** ત્યારે આ વૈદ્યરાજને પકડીને લઈ જાય તો તેની સાત આઠ મણ મુમઈ થાય; કેમકે તે શરીરે ખૂબ જાડા છે.

**દેવબાઈ :** વૈદ્યરાજ, એમના ગ્રહ કેવા છે ? તે જુઓ ને.

**વૈદ્ય :** (ટીપણું કાઢે છે.)

**રઘનાથ :** વળી ટીપણું પણ રાખો છો કે ?

**વૈદ્ય :** વૈદ્યને બધું ય જોઈએ. અને ખરેખરી તો ઇષ્ટઉપાસના જોઈએ. તે હોય તો ચૂલામાંની રાખનું પડીકું બાંધીને આપે પણ ગમે તેવો રોગ હોય તો મટી જાય.

**દેવબાઈ :** તમારે કયા ઇષ્ટની સાધના છે ?

**રંગલો :** પૈસાદેવની.

**વૈદ્ય :** આજ કળિજુગમાં જેમ જ્યોતિષ અને વૈદક સ્થૂળ પડી ગયાં છે, તેમ મંત્રશાસ્ત્ર પણ સ્થૂળ પડી ગયાં અને જેમ વૈદકમાં રેચ અને જ્યોતિષમાં ગ્રહણ, એ બે જ આજ સાચાં પડે છે, તે સિવાય વૈદકનું કે જ્યોતિષનું કળિયુગમાં કશું સાચું પડતું નથી. તેમજ 'કલૌ ચંડી વિનાયકૌ' કળિયુગમાં ચંડી કે ગણપતિ, એ બે જ ઈષ્ટ ફળે છે. બીજા દેવોમાં હવે જીવ રહ્યો નથી, માટે અમારે ચંડીની ઉપાસના છે. તેના પ્રતાપથી રળી ખાઈએ છીએ અને કોયલાની કાળી રાખ, લાકડાની ધોળી રાખ તથા છાણાની રાખ તે ત્રણે ને અજમો વાટી લૂગડે ચાળીને જુદી જુદી દાબડીઓ ભરી મૂકીએ છીએ અથવા ગોળીઓ કરીએ છીએ. તેનાં નામ 'મદનસ્તંભની, વજ્રપાચની, જ્વરાંકુશ' એવાં એવાં પાડીએ છીએ. તેથી રોગી સાજા થાય છે અને આપણને જશ અંબાના પ્રતાપથી મળે છે.

**રંગલો :** ત્યારે વૈદકશાસ્ત્ર તો બધું જૂઠું કે ?

**વૈદ્ય :** એ સાચું પડતું હોય તો વૈદકમાં તો સોનું બનાવવાની ક્રિયા પણ લખેલી છે.

**રંગલો :** સોનું બનતું હોય ત્યારે તો વૈદ્યનાં ઘર સોનાનાં થાય જ તો ! પછી શું કરવા કોઈની નાડ ઝાલવા જાય !

**દેવબાઈ :** હવે જુઓ ને, આને કેટલા દહાડાની કઠણ દશા છે ?

**વૈદ્ય :** (મેખ, વરણ, ગણીને) ચૌદશ, અમાસ ને પડવો એ ત્રણ દહાડા જાય તો પછી કાંઈ ફિકર નથી.

**રંગલો :** એ તો સઉ જાણે છે કે આ ત્રણ દહાડા જીવનાર નથી.

---

+ એ તો ગપ છે. મુંબઈ શહેરમાં પણ મુમઈ થાય છે. તે રાળ, ભીલામા, માણસના માથાના વાળ, કસ્તૂરી અને અંબર વગેરેને તેલમાં રાંધે છે. માર વાગ્યા ઉપર મુમઈ વાલ બે ઘીમાં કકડાવીને લૂગડે ગળીને પાય છે. તે ઘીમાં ઓગળી જાય છે. અમદાવાદમાં પણ થાય છે.

**દેવબાઈ :** તમે કાંઈ ઓસડ આપો ને !

**વૈદ્ય :** આજ બુધવાર છે. બુધે બેવડાય, માટે આજ ઓસડ અપાય નહિ.

**દેવબાઈ :** હવે એટલું કહો ને કે આખર રૂપાનો રૂપૈયો છે કે તાંબાનો ?

**જીવરામ :** (આંખ થરડાય છે.)

**વૈદ્ય :** ખરેખરું કહેતાં તો મારી જીભ કેમ ઊપડે !

**દેવબાઈ :** હવે શું ! જે થવા કાળ હતું તે થયું, તેમાં તમે શું કરો ! ને અમે પણ શું કરીએ ?

**વૈદ્ય :** શ્વાસ થયો છે અને આંખ થરડાય છે. હવે તો બાઈની ચૂંદડીએ સત હોય તો બચે. અંબાજીની બાધા રાખો; અને જ્યાં સુધી લગારે જવાબ દઈ શકે ત્યાં સુધીમાં કોઈ પૂછવુંગાછવું હોય તે પૂછી લો; અને દાનપુણ્ય કરવું હોય તો કરો. હવે ઓસડની વાત જવા દો.

**રઘનાથ :** વૈદ્યરાજ ખરું કહે છે. હવે તો એ જ કરવું.

**દેવબાઈ :** જો જીવરામ ભટ્ટ સાજા થશે તો હું અણવાણે પગે ચાલીને અંબાજીની જાત્રા કરીશ, અને આજથી ત્યાં સુધી કાંચળી નહિ પહેરું.

**રંગલો :** પણ મને જમાડજો.

**દેવબાઈ :** વૈદ્યરાજ, જુઓ ને આજ શી તથ છે ?

**વૈદ્ય :** (ટીપણું જોઈને) જીવરામ ભટ્ટ પુણ્યશાળી તો ખરા.

**દેવબાઈ :** કેમ વારુ ?

**રંગલો :** તે વિના કેદનું સુખ ક્યાંથી મળે !

**વૈદ્ય :** આજ એકાદશીનો પવિત્ર દહાડો છે. આજ વૈકુંઠના દરવાજા ઉઘાડા રહે છે માટે આજ જે મરે તે પાંશરો વૈકુંઠમાં જાય.

**રંગલો :** આવા મિથ્યાભિમાની અને ઠગ વૈકુંઠમાં ન જાય તો પછી બીજા કોણ જશે !

**વૈદ્ય :** પણ એક કહેવાનું છે.

**દેવબાઈ :** વળી શું કહેવાનું છે ?

**વૈદ્ય :** આજ પંચક છે. માટે જો પંચકમાં એક મરે તો, તે મહિનામાં બીજાં ચાર જરૂર મરે. તેમાં પહેલું **ઘનિકા** ઘરપંચક કહેવાય, તેમાં કોઈ મરે, તો તેના ઘરમાંથી જ બીજાં ચાર મરે; અને બીજું શતભિષા મહેલ્લા પંચક, ત્રીજું **પૂર્વાભાદ્રપદ** સગાપંચક, ચોથું **ઉત્તરાભાદ્રપદ** નાતપંચક અને પાંચમું **રેવતી** ગામપંચક કહેવાય.

**દેવબાઈ :** ત્યારે આજ કેટલામું પંચક ?

**વૈદ્ય :** આજ ચોથું નાતપંચક છે, માટે તમારી નાતમાંથી બીજાં ચાર મરશે.

**રંગલો :** ઠીક થયું. એકેકા પછવાડે ત્રણ ત્રણ દહાડા જમવાનું ઠરશે, તો પણ મારા જેવાને પંદર દહાડા સુધી મિષ્ટાન્ન ચાલશે.

**દેવબાઈ :** (ગુસ્સાથી) તને વારે વારે જમવાનું બહુ સાંભરે છે. ન્હાની બાળક છોડીને

રંડાપો આવશે તેનો તો વિચાર કરતો નથી.

**રંગલો :** મને તો જમવાનું કાંઈ સાંભરતું નથી; પણ નાતની બાઈડીઓ પાણી ભરવા જતાં વાતો કરતી હતી, તેમાં એક જણીએ કહ્યું કે અરે ! હમણાં તો નાતમાં જમવાનું ક્યાંય ઠરતું નથી, ત્યારે બીજીએ કહ્યું કે હવે જમવાનાં ઠરશે; કેમકે જીવરામ ભટ્ટ મરવા પડ્યા છે.

**દેવબાઈ :** વૈદ્યરાજ, પંચકમાં મરે તેની કાંઈ ક્રિયા કરવી પડે કે ?

**વૈદ્ય :** હા, દર્ભનાં પૂતળાં પાંચ કરીને તે મડદા સાથે બાળવાં જોઈએ; ને કેટલીએક નાતોમાં તો પાંચ હાંલ્લાં ફોડવાનો ચાલ છે. એટલી શાંતિ કરે તો બીજાં ચાર મરે નહિ.

**દેવબાઈ :** (રઘનાથ ભટ્ટને) તે બધું થતું હોય, તેમ સંભારીને કરજો, હો ! નહિ તો એ તો આપણે માથે ભાર.

**રઘનાથ :** એ તો શુકલ આવશે, તે સંભારીને બધી ક્રિયા કરાવશે.

**વૈદ્ય :** હવે મને રજા આપો; કેમકે કદાપિ મરી જાય, તો મારાં લૂગડાં અભડાય.

**રઘનાથ :** પધારોજી, તસ્દી માફ કરજો. (વૈદ્ય જાય છે.)

**સોમનાથ :** જીવરામ ભટ્ટ, હવે કાંઈ કહો છો ?

**જીવરામ :** મારા બે હજાર રૂપૈયા વ્રજભૂખણ+ દામોદરની દોકાને જમે છે.

**રંગલો :** વ્રજભૂખણ દામોદરનો કોઈ ગુમાસ્તો આટલામાં છે કે ? કેમ આ ખરી વાત છે કે ? હા કે ના, કહેવી હોય તે અત્યારે કહેજો. નહિ તો જીવરામ ભટ્ટ મસાણમાં જશે, પછી કાલે સવારમાં રૂપૈયા બે હજાર રોકડા ગણી આપવા પડશે.

**જીવરામ :** સો રૂપૈયાનાં પુસ્તકો મારા ઘરમાં છે. તમારી બહેન ન્હાની ઉમ્મરની છે. માટે તેને હમેશાં તમારે ઘેર રાખજો.

**રંગલો :** પુનર્વિવાહ કરશો તો શી ફિકર છે ?

**જીવરામ :** મારું ઘર તથા સામાન વેચીને, તે રૂપૈયા તમારી બહેનના નામના સારે ઠેકાણે જમે કરાવજો. તેના વ્યાજમાં તેનું ગુજરાન ચાલશે.

**દેવબાઈ :** તમારો જીવ કશામાં રાખશો નહિ. તમારી પાછળ ગોદાન, પદ, ઉમામાહેશ્વર વગેરે આપીશ. તમારા જીવને સદ્‌ગતિ કરજો.

**રઘનાથ :** તમારી ઉત્તરક્રિયામાં ચોખળું તેડીને જમાડીશું, દક્ષણા આપીશું. એમાં પાચંસેં કે સાતસેં રૂપિયા વાપરીશું.

**રંગલો :** આટલું કમાઈને બિચારો મૂકી જાય છે ત્યારે તેના નિમિત્ત ધર્માદાખાતામાં કાંઈ આપવાનું કહો ને !

**રઘનાથ :** આ નાતો જમાડીશું તે ધર્માદા કે શું કહો ને !

**રંગલો :** (મશાલચીને) મારો બાપ મરે ત્યારે હું તને જમાડીશ અને તારો બાપ મરે ત્યારે તું મને જમાડજે, એવા ઠરાવથી એકબીજાને જમાડીએ તો ધર્માદા કહેવાય કે ?

+ જયાં આ નાટક થતું હોય ત્યાંના શાહુકારનું કે સભામાં બેઠા હોય તે શાહુકારનું નામ લેવું.

**દેવબાઈ :** (જીવરામ ભટ્ટને) તમારી કેડે સજયાનું દાન કરીશું, તે તમે ધર્મરાજા પાસેથી માગી લેજો.

**રંગલો :** અને તમારી કેડે ખાસડાનું દાન કરશે માટે જમરાજા પાસેથી ખાસડાં પણ માગી લેજો. માગ્યા વિના આપે કે ન જ આપે.

**જીવરામ :** ચોખળું જમવાને બદલે હું કહું તે કરો, તો મારે જીવ ગતે જાય.

**રઘનાથ :** તમે કહો તે કરીશું.

**જીવરામ :** જે ઠેકાણે મારા શરીરનો અગ્નિદાહ કરો, તે ઠેકાણે મારો મરણસ્તંભ ચણાવવો. તેમાં એક આરસના પથરામાં હું કહું તે બાર દોહરા કોતરાવવા, તથા કાગળોમાં છપાવીને ગામેગામ પહોંચાડવા કે જેથી સઉના જાણવામાં આવે કે જીવરામ ભટ્ટનો જીવ મિથ્યાભિમાનથી ગયો છે.

**રઘનાથ :** વારુ, તે દોહરા લખાવો. તમારા કહ્યા પ્રમાણે કરીશું.

**જીવરામ :** દોહરા લખાવે છે. રઘનાથ ભટ્ટ લખે છે, પછી વાંચી સંભળાવે છે. (તે નીચે મુજબ).

### દોહરો

માણસને અભિમાનથી, મળે ન કદિયે માન;
ઊલટું અપમાન જ મળે, નકી ઠરે નાદાન. ૭૨
અભિમાને દુઃખ ઊપજે, અભિમાને જશ જાય;
મિથ્યા અભિમાને કરી, જીવનું જોખમ થાય. ૭૩
અરે વૃથા અભિમાનમાં, કશો મળે નહિ માલ;
મુજ જેવા આ મુલકમાં, હીણા થાશે હાલ. ૭૪
આ મિથ્યા અભિમાન છે, ખરી જ ઊંડી ખાડ;
પડે તેહનાં પંડનાં, હરેક ભાંગે હાડ. ૭૫
અરે વૃથા અભિમાનથી, સરે ન એકે અર્થ;
થાય મનુષમાં મશ્કરી, ઊપજે અધિક અનર્થ. ૭૬
ઊપજે નહિ અભિમાનથી, અમૃતતણો ઉઘાડ;
અરે ! વૃથા અભિમાન તો, ઝેર તણું છે ઝાડ. ૭૭
સ્વાદ નથી સદ્‌ગંધ નથી, નથી રે પુષ્પપરાગ;
અરે ! વૃથા અભિમાન તો, કહિયે કાળો નાગ. ૭૮
અભિમાનીને અંતરે, સ્વપને પણ નહિ સુખ;
થાય વૃથા અભિમાનથી, દાવાનળ સમ દુઃખ ૭૯
બહુધા ઊપજે બળતરા, અંગોઅંગ અથાગ;
અરે ! વૃથા અભિમાન છે, અદ્‌ભુત બળતી આગ. ૮૦
માનો જો મારું કહ્યું કહું તે ધરજો કાન;
ધરી નર. તન ધરશો નહીં, મન મિથ્યા અભિમાન. ૮૧

કહું છું હું અનુભવ કરી, ખરેખરી વળી વાત;
ઊપજે છે અભિમાનથી, ઘડીએ ઘડીએ ઘાત. ૮૨
મિત્ર નથી અભિમાન ગુણ, એ તો ઉગ્ર અરીવ;×
મિથ્યા અભિમાને ગયો, જીવરામનો જીવ. ૮૩

(પડદો પડ્યો)

હાસ્યરસના નાટકમાં ખરેખરો મરણનો વિચાર બતાવ્યાથી છેક બદલાઈ જાય માટે તે બતાવ્યો નહિ.

**નાટકસમાપ્તિ વિષે.**

**સૂત્રધાર** : અરે સભાસદો ! મિથ્યાભિમાનથી કોઈ વખતે કેવું સંકટ આવી પડે છે તે વાત સારી પેઠે આપના ધ્યાનમાં ઊતરી હશે. માટે હવે એ વિશે વધારે કહેવાનું કાંઈ બાકી રહ્યું નથી.

હવે જે ગૃહસ્થે પરોપકાર વાસ્તે આ નાટકનું પુસ્તક ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની મારફતે ઇનામ આપીને રચાવેલું છે તે ગૃહસ્થનું પવિત્ર નામ આ ઠેકાણે આપણે સંભારવું જોઈએ.

**શાર્દૂલવિક્રીડિત વૃત્ત**

ભાળ્યા ભાવિક ભાટિયા જન ભલા, કોડે વસે કચ્છમાં,
ત્યાં ગોવિંદજી×ધર્મશી ગુણ-નિધિ છે માંડવી સ્વચ્છમાં;
જેણે નાટકની રસિક રચના, રૂડી રચાવી નવી;
તેનું તેમ સભાસદો સકળનું કલ્યાણ વાંછે કવિ. ૮૪

સમાપન વર્ષ

**દોહરો**

૬ ૨ ૯ ૧
**શાસ્ત્ર ભુજા ને ભક્તિ; ભૂ, સંવતની શરૂઆત;•**
**પુસ્તક આ પૂરું કર્યું. પ્રબોધિની* દિન પ્રાતઃ ૮૫**

પછી સર્વે સભાસદોએ શાબાશ ! શાબાશ ! કહીને હર્ષની તાળીઓ બજાવી.

(અને સભા બરખાસ્ત થઈ.)

## સમાપ્ત

---

× અરિ; + ઇવ = શત્રુ-જમ ; * નાટક રચનારનું કે રચાવનારનું નામ પ્રસિદ્ધ કરે નહિ તે કૃતઘ્ની કહેવાય. વેદના મંત્રનો પણ વિનિયોગ કરતાં, તે મંત્રના ઋષિ, છંદ અને દેવતા કહેવા પડે છે. ;

• આમ સાંકેતિક રીતે લેખકે સંવત ૧૯૨૬નું વર્ષ સૂચવ્યું છે. આ એક મધ્યકાલીન રીત છે. ;

* કાર્તિક સુદી ૧૧. સવારે.